હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૫-૩-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક: ૩૦૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ
દાળિયા દાળિયા

# એકલું પડી ગયેલું ઈરાન 'સન્માન' સાથે યુદ્ધ વિરામ માટે તૈયાર

## સતત હુમલાઓને કારણે ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકાના યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૧૪૫ લોકોના મોત: ઈરાન યુદ્ધ અંગે ટ્રમ્પે ખુદને ૧૦માંથી ૧૫ રેટીંગ આપ્યું!

### ભારતીય સમુદ્રમાં યુદ્ધ પહોંચ્યું: ઈરાનના યુદ્ધ જહાજને અમેરિકન સબમરીને તોડી પાડ્યું, ૮૭ના મોત

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધની સ્થિતિ હવે શ્રીલંકાના દરિયાકાંઠા સુધી પહોંચી ગઈ છે જેના કારણે વૈશ્વિક તણાવમાં ભારે વધારો થયો છે. અમેરિકાએ શ્રીલંકાના દક્ષિણ દરિયાકાંઠા પાસે ઈરાની જહાજ પર સબમરીન દ્વારા ટોર્પિડો હુમલો કરી તેને ડૂબાડી દીધું હોવાની સત્તાવાર (અનુ. આઠમા પાને)

### ઈરાનની સુરક્ષા સિસ્ટમ ધ્વસ્ત

ઈઝરાયલી સૈન્યના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ એફી ડેફ્રીના જણાવ્યા અનુસાર, અત્યંત સચોટ ગુપ્ત માહિતીના આધારે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. આ હુમલામાં માત્ર રિવોલ્યુશનરી ગાર્ડ્સ જ નહીં, પરંતુ ઈરાનની ગુપ્તચર એજન્સીઓ, આંતરિક સુરક્ષા દળો અને સાયબર યુદ્ધ એકમના મુખ્યાલયોનો પણ નાશ કરવામાં આવ્યો છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે ઈરાનની આશરે ૩૦૦ સંરક્ષણ પ્રણાલીઓ અને બેલિસ્ટિક મિસાઈલોને નષ્ટ કરી દીધી છે. (અનુ. આઠમા પાને)

### "ના.પાક" હરકતો પર હુમલો થશે?

અમેરિકાએ મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે પાકિસ્તાનના કરાચી અને લાહોરમાં આવેલા પોતાના કોન્સ્યુલેટમાંથી નોન-ઈમર્જન્સી કર્મચારીઓને દેશ છોડવાનો આદેશ આપ્યો છે. અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરવામાં આવ્યો છે. અમેરિકન એમ્બેસી ઈસ્લામાબાદે એક નિવેદનમાં જણાવ્યું કે, સુરક્ષા જોખમોને કારણે કરાચી અને લાહોરના અમેરિકન કોન્સ્યુલેટમાં કામ કરતા બિન-આવશ્યક અમેરિકન સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારના (અનુ. આઠમા પાને)

### ભારતની ૪૦ ટકા તેલની જરૂરિયાત પૂરી કરવા રશિયા તૈયાર

ભારતીય રિફાઈનરો દરરોજ લગભગ ૫.૬ મિલિયન બેરલ ક્રૂડ પ્રોસેસ કરે છે. હાલમાં ભારત પાસે અંદાજે ૨૫ દિવસનો તેલનો સ્ટોક ઉપલબ્ધ છે, પરંતુ સરકાર લાંબા ગાળાની વ્યૂહનીતિના ભાગરૂપે અન્ય વિકલ્પો પણ શોધી રહી છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાની મથકો પર કરાયેલા હુમલા બાદ સમુદ્રી માર્ગો જોખમી બન્યા છે. (અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**
ઈરાને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તીવ્ર સંઘર્ષને અંતે લાવવા માટે વાતચીતના માર્ગે આગળ વધવાની તૈયારી દર્શાવી છે. ઈરાની વિદેશ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું છે કે, જો વિરોધી પક્ષો પણ ગંભીરતાથી વાતચીત માટે તૈયાર હોય તો ઈરાન તરત જ ટેબલ પર બેસવા માટે સંમત છે.

ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાક્ચીએ આ અંગેના નિવેદનમાં કહ્યું, અમારો હંમેશા શાંતિ અને સ્થિરતાનો પક્ષ રહ્યો છે. અમે યુદ્ધ નથી ઈચ્છતા. જો ઈઝરાયેલ અને અન્ય સંબંધિત દેશો વાસ્તવિક અને અસરકારક વાતચીત માટે (અનુ. આઠમા પાને)

# ટ્રેડ ટેરિફ મુદ્દે ટ્રમ્પને સુપ્રીમની લપડાક: ૧૭૫ બિલિયન ડોલરની વસુલાત પરત કરવી પડશે

## યુ.એસ. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન વિભાગને રિફંડ પ્રક્રિયા માટે નવી સિસ્ટમ વિકસાવવા કોર્ટનો આદેશ

**અબતક, નવી દિલ્હી**
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વ્યાપાર નીતિઓને વધુ એક મોટો કાનૂની ફટકો પડ્યો છે. ન્યૂયોર્ક સ્થિત યુનાઈટેડ સ્ટેટ્સ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડએ એક ઐતિહાસિક ચુકાદામાં આદેશ આપ્યો છે કે ટ્રમ્પ દ્વારા ઈમરજન્સી સત્તાઓ હેઠળ લાદવામાં આવેલા અને તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા રદ્દ કરાયેલા ટેરિફ



(આયાત વેરા) ચૂકવનાર તમામ કંપનીઓને તેમનું રિફંડ મળવાપાત્ર છે. આ આદેશ અમેરિકાના વ્યાપાર ઈતિહાસની સૌથી મોટી રિફંડ પ્રક્રિયા બની શકે છે.

કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના જજ રિચાર્ડ ઈટને બુધવારે સ્પષ્ટ કર્યું હતું કે ગત મહિને અમેરિકન સુપ્રીમ કોર્ટ દ્વારા જે ટેરિફને ગેરકાયદેસર ઠેરવવામાં આવ્યા છે, તેનો લાભ માત્ર અરજીકર્તાઓ પૂરતો સીમિત નથી. ઈમરજન્સી (અનુ. આઠમા પાને)

### કસ્ટમ્સ વિભાગ સામે નવો પડકાર

હવે કોર્ટના આદેશ બાદ યુ.એસ. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન એજન્સીએ આ રિફંડ પ્રક્રિયા પૂરી કરવા માટે તાત્કાલિક એક નવું મિકેનિઝમ તૈયાર કરવું પડશે. ટ્રેડ લોયર્સનું માનવું છે કે કસ્ટમ્સ વિભાગની સિસ્ટમ સામાન્ય ભૂલોના રિફંડ માટે સક્ષમ છે, પરંતુ આટલા મોટા પાયે અબજો ડોલરના રિફંડને પ્રોસેસ કરવા માટે તેમની હાલની સિસ્ટમ બિલકુલ તૈયાર નથી. જોકે, આ ચુકાદાથી હજારો અમેરિકન આયાતકારો અને કંપનીઓને મોટી રાહત મળી છે, જેઓ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ અસમંજસમાં હતા.

# બાસમતીની "લિજ્જત" માણી લેજો: યુદ્ધે ચોખાને સસ્તા કરી દીધા

## લાખો ટન ચોખા બંદરો પર અટક્યા: નિકાસ ખોરવાતા સ્થાનિક બજારમાં બાસમતી ચોખાના ભાવમાં ઘટાડો

**અબતક, નવી દિલ્હી**
મધ્ય પૂર્વમાં, ખાસ કરીને ઈરાન અને અન્ય દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને તણાવની સીધી અસર ભારતના બાસમતી ચોખાના વેપાર પર જોવા મળી રહી છે. નિકાસમાં ઉભી થયેલી અડચણોના કારણે સ્થાનિક બજારમાં બાસમતી ચોખાના ભાવમાં ૫ થી ૬ ટકા (આશરે રૂ.૪૦૦ થી રૂ.૫૦૦ પ્રતિ ક્વિન્ટલ) નો ઘટાડો નોંધાયો છે.

ભારતના કુલ બાસમતી ચોખાની નિકાસમાં મધ્ય પૂર્વના દેશોનો હિસ્સો ઘણો મોટો છે, જેમાં ઈરાન સૌથી મોટો ખરીદદાર દેશ છે. પરંતુ હાલની યુદ્ધની સ્થિતિને કારણે શિપિંગ કંપનીઓએ સુરક્ષાના કારણોસર તેમના કાર્ગો જહાજો રોકી દીધા છે. અહેવાલો મુજબ, લાખો ટન બાસમતી ચોખા હાલમાં બંદરો પર અથવા ટ્રાન્ઝિટમાં ફસાયેલા છે.

નિકાસકારો અને વેપારીઓ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે જો આ સંઘર્ષ લાંબો ચાલશે તો નિકાસના વેપારને મોટું નુકસાન થઈ શકે છે. વિદેશી ખરીદદારો તરફથી પેમેન્ટ અટકવાની અને શિપિંગ ખર્ચ તથા ઈન્શ્યોરન્સ પ્રીમિયમ વધવાની ભીતિ છે. વિદેશમાં માલ ન જવાના કારણે સ્થાનિક બજારમાં ચોખાનો પુરવઠો વધ્યો છે, જેના પરિણામે (અનુ. આઠમા પાને)

# મહારાષ્ટ્રમાં મધ્યરાત્રીથી પૈડા થંભી જશે: ૩૫૦૦ કરોડના ઈ-ચલણ મામલે ચક્કાજામ

## આજે આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન: રાજ્ય સરકાર સાંજ સુધીમાં નિર્ણય ન લે તો અચોક્કસ મુદતની હડતાળની જાહેરાત

**અબતક, રાજકોટ**
મહારાષ્ટ્રના ટ્રાન્સપોર્ટરોએ ગુરુવાર મધ્યરાત્રિથી ટ્રક, ટેમ્પો, ટ્રાવેલ્સ અને સ્કૂલ બસો, ટેક્સીઓ, ખાનગી કેબ્સ અને ઓટોરિક્ષાઓની અનિશ્ચિત સમયની હડતાળની જાહેરાત કરી છે. રૂ. ૩૫૦૦ કરોડના ઈ-ચલણ મામલે હડતાળની જાહેરાત કરવામાં આવી છે.

બુધવારે સાંજે ટ્રાન્સપોર્ટ કમિશનર રાજેશ નાર્વેકર સાથેની વાતચીત નિષ્ફળ ગયા બાદ અનિશ્ચિત સમય માટે વિરોધ પ્રદર્શન કરવાની મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટ એક્શન કમિટીના મલિક પટેલે જણાવ્યું.

૮૦,૦૦૦ ખાનગી કાર માલિકોનું પ્રતિનિધિત્વ કરતા વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિએશને પણ, જે હડતાળને ટેકો આપ્યો છે તેમ જાણવા મળ્યું છે. સ્કૂલ બસ ઓનર્સ એસોસિએશનના અનિલ ગર્ગે ચેતવણી આપી હતી કે ગુરુવારે સવારે સ્કૂલ બસો ઉપલબ્ધ રહેશે, પરંતુ શુક્રવારથી રસ્તાઓ પરથી દૂર થઈ જશે.

ટેક્સી યુનિયનના નેતા ડી એ સલિયાને જણાવ્યું હતું કે ઘણા કેબી પણ વિરોધમાં જોડાશે. કારણ કે તેઓ પણ ઈ-ચલણ સિસ્ટમથી હતાશ છે, જેમણે પણ ગેરવાજબી રીતે દંડ ફટકારવામાં આવ્યો છે. મુંબઈ રિક્ષાચાલક સંઘના નેતા



થમ્પી કુરિયને જણાવ્યું હતું કે ઉપનગરોમાં ઓટો ડ્રાઈવરો પણ હડતાળમાં જોડાશે.

પટેલે જણાવ્યું હતું કે, ગુરુવાર સવારથી ટ્રક, બસ અને ટેક્સીઓની અવરજવર આંશિક રીતે પ્રભાવિત થઈ શકે છે. આજે બપોર પછી બધા ટ્રાન્સપોર્ટરો વિરોધ કરવા માટે આઝાદ મેદાનમાં ભેગા થશે. વાહનો પણ મેદાનમાં આવવાનું શરૂ કરશે. ગુરુવાર સાંજ સુધી, જો સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં નહીં આવે, તો અમે રાજ્યભરમાં અનિશ્ચિત સમય માટે ચક્કા જામ કરીશું, ટ્રાન્સપોર્ટર્સ એસોસિએશનના બાલ મલકિત સિંહે જણાવ્યું હતું.

**ગઈકાલે વિધાનસભામાં પણ હડતાળનો મુદ્દો ઉઠ્યો'તો: સરકારને હસ્તક્ષેપ કરવા માંગ**

બુધવારે વિધાનસભામાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જ્યારે ધારાસભ્ય અમીન પટેલે સરકારને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે વાણિજ્યિક વાહનો માટે લગભગ ૩,૫૦૦ કરોડ રૂપિયાના ઈ-ચલણ બાકી છે, જેમાં એક જ વાહનો માટે અનેક ચલણ ચૂકવવામાં આવ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો અને તેમાંથી મોટાભાગના ગેરવાજબી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

**મુદ્દાને ઉકેલવા કાનૂની પાસાઓની તપાસ કરવા પરિવહન મંત્રીનો આદેશ**

(અનુ. આઠમા પાને)

## કોણ કહે છે એન્જિનિયરો 'વધારા'ના છે?

# ઓટો મોબાઈલ ક્ષેત્રમાં ૨ લાખ એન્જિનિયરોની 'અછત' સર્જાશે

## ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોની વધતી માંગને પગલે ઓટો કંપનીઓ માટે ટેલેન્ટ શોધવી પડકારજનક બની: ૧૫થી ૨૫ ટકા વધુ પગાર આપીને પણ નિષ્ણાંતોને આકર્ષવા મથામણ

**અબતક, નવી દિલ્હી**
ભારતના ઓટોમોબાઈલ ઉદ્યોગમાં હાલ ઈલેક્ટ્રિક, હાઈબ્રિડ અને અન્ય ક્લીન ફ્યુઅલ ટેક્નોલોજી માટે કુશળ એન્જિનિયરોની ભારે અછત વર્તાઈ રહી છે. સરકાર દ્વારા ગ્રીન ટેક્નોલોજીને પ્રોત્સાહન અને ઉત્સર્જનના કડક નિયમોને કારણે હાઈબ્રિડ અને વૈકલ્પિક પાવરટ્રેન સોલ્યુશન્સની માંગમાં અચાનક ઉછાળો આવ્યો છે. મારુતિ સુઝુકી, હ્યુન્ડાઈ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને વીઈ કોમર્શિયલ વ્હિકલ્સ જેવી કંપનીઓ આગામી બે વર્ષમાં અનેક નવા મોડલ રજૂ કરવાની તૈયારી કરી રહી છે, જેથી આવા નિષ્ણાતોની જરૂરિયાત વધી ગઈ છે. ઉદ્યોગના નિષ્ણાતોના અંદાજ મુજબ, આ વર્ષે ભારતમાં ઈવી અને વૈકલ્પિક ઈંધણ ટેક્નોલોજીમાં નિષ્ણાત એવા ૧ લાખથી ૨ લાખ એન્જિનિયરોની જરૂર પડશે, પરંતુ (અનુ. આઠમા પાને)

### વધુ પગારની ઓફર આપી એન્જિનિયરોને આકર્ષવાનો પ્રયાસ

ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ, પાવર-ઈલેક્ટ્રોનિક્સ, એમ્બેડેડ સોફ્ટવેર અને બેટરી મેનેજમેન્ટ સિસ્ટમ્સ જેવા ક્ષેત્રોમાં નિષ્ણાત એન્જિનિયરોની માંગમાં જંગી ઉછાળો આવ્યો છે. બજારમાં ટેલેન્ટની અછતને કારણે કંપનીઓ આવા કુશળ પ્રોફેશનલ્સને સામાન્ય ઓટોમોબાઈલ એન્જિનિયરો કરતા ૧૫ થી ૨૫ ટકા જેટલો વધુ પગાર આપીને પોતાની તરફ આકર્ષી રહી છે.

### ટેક કંપનીઓ સાથે સીધી સ્પર્ધા

ઓટો સેક્ટરમાં હવે ટેલેન્ટ મેળવવાની લડાઈ માત્ર પરંપરાગત વાહન નિર્માતા કંપનીઓ પૂરતી સીમિત રહી નથી. વાહનોમાં વધતા સોફ્ટવેર અને ઈલેક્ટ્રોનિક્સના ઉપયોગને કારણે ઓટો કંપનીઓ હવે બિગ ટેક કંપનીઓ અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ સાથે સીધી સ્પર્ધા કરી રહી છે. આ અછતને પહોંચી વળવા કેટલીક કંપનીઓ પોતાના કર્મચારીઓને જ અપસ્કીલ કરી રહી છે.

### હાઈબ્રિડ અને ઈવીના વેચાણમાં નોંધપાત્ર વધારો

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સના આંકડા મુજબ, ગત નાણાકીય વર્ષમાં હાઈબ્રિડ વાહનોનું વેચાણ ૧૮ ટકા વધીને ૧,૦૫,૦૦૦ યુનિટ્સ નોંધાયું હતું. સસ્તા મોડલ્સ બજારમાં આવતા ઈવીનું વેચાણ પણ ૧,૧૮,૦૦૦ યુનિટ્સ સુધી પહોંચી ગયું છે. આનાથી વિપરીત, પરંપરાગત પેટ્રોલ વાહનોના વેચાણમાં ૬.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે જે ગ્રાહકોનો બદલાતો ઝોક દર્શાવે છે.

## વધુ એક રાજ્યમાં "કમળ"નો કલરવ

# નીતિશબાબુ રાજ્યસભાની શોભા વધારશે: બિહારનાં મુખ્યમંત્રી ભાજપના બનશે

## બિહારના રાજકારણમાં મોટો બદલાવા આવશે: નીતિશકુમાર ગમે તે ઘડીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે, તેમના પુત્ર નિશાંત બનશે નાયબ મુખ્યમંત્રી

**અબતક, રાજકોટ**
બિહારના રાજકારણમાં આજે મોટો બદલાવ આવશે. રાજ્યના મુખ્યમંત્રી પદેથી આજે ગમે તે ઘડીએ નીતિશ કુમાર રાજીનામું આપી દેશે.તેઓ રાજ્યસભાની શોભા વધારશે.બિહારના નવા મુખ્યમંત્રી ભાજપના હશે તે ફાઈનલ મનાય રહ્યું છે. નીતીશકુમારના પુત્રને બિહારના નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. નીતિશકુમારને કેન્દ્રમાં રેલવે મંત્રી બનાવવામાં આવી શકે છે.

નીતિશ કુમાર રાજ્યસભામાં પહોંચતાની સાથે જ બિહારમાં ભાજપના મુખ્યમંત્રી માટે માર્ગ મોકળો બની જશે.ગત નવેમ્બરમાં બિહાર વિધાનસભા ચૂંટણીમાં નીતિશ કુમાર, પીએમ નરેન્દ્ર મોદી સાથે મળીને એનડીએને પ્રચંડ જીત મેળવી હતી.નીતિશકુમારે રેકોર્ડબ્રેક ૧૦મી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.માત્ર ચાર મહિનાથી પણ ઓછા સમયમાં, 'સુશાશન બાબુ', જેઓ હાલ તાજેતરમાં ૭૫ વર્ષના થયા છે, રાજ્યસભામાં જવા માટે તૈયાર



છે.આજે આ અંગે સતાવાર જાહેરાત કરવામાં આવશે.બિહારમાં ભાજપને પ્રથમ વખત પોતાનો મુખ્યમંત્રી બનાવવાનો માર્ગ મોકળો થશે, અને લગભગ સમગ્ર ઉત્તર અને મધ્ય ભારતમાં તેની અધિકારક્ષેત્રની છાપ ફેલાશે.તેમનો પુત્ર નિશાંત સરકારમાં જોડાઈને રાજકારણમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે.એવી અટકળો ચાલી રહી છે કે તેમને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે, ત્યારે તેમના પદ અથવા પોર્ટફોલિયો અંગે હજુ સુધી બહુ ઓછી સ્પષ્ટતા છે.જાણકાર લોકોએ જણાવ્યું હતું કે નીતિશ ગુરુવારે પટનામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત મુખ્ય એનડીએ સભ્યોની હાજરીમાં રાજ્યસભા માટે પોતાનું નામાંકન દાખલ કરશે. ભાજપ પ્રમુખ નીતિન નવીન અને કેન્દ્રીય મંત્રી રામનાથ ઠાકુર સહિત એનડીએના અન્ય ચાર ઉમેદવારો અને રાષ્ટ્રીય લોક સમતા પાર્ટીના નેતા ઉપેન્દ્ર કુશવાહા પણ પોતાના નામાંકન દાખલ કરશે.૧૯૯૬માં પહેલી વાર નીતિશ સાથે હાથ મિલાવ્યા પછી ભાજપે નીતિશ સાથે બીજો વ્યવહાર કર્યો છે. ૨૦૨૦ અને ૨૦૨૫માં તેમની (અનુ. આઠમા પાને)

## આજે વિશ્વ રીલ ફિલ્મ દિવસ

# રીલ ફિલ્મો આપણા ઈતિહાસ, સંસ્કૃતિ અને સમાજના અમૂલ્ય દસ્તાવેજો

## પ્રોજેક્ટર ચાલુ થાય એટલે પેલો મશીનનો ગણગણાટ અને રિલ ફરવાનો 'ખટ-ખટ' અવાજ એક અલગ જ માહોલ બનાવતો, એ અવાજમાં એક એવી લય હતી કે જે તમને આજના ડિજિટલ સિનેમાના સન્નાટામાં ક્યારેય નહીં મળે

ફિલ્મો સાથે આપણું બાળપણ જોડાયેલું છે, ફિલ્મો કેવી રીતે બનતી તે એ વખતે બહુ ખબર પડતી ન હતી, પણ ફિલ્મની પટ્ટી વિશે જાણતા હતા. લાઈટના પ્રકાશમાં આગળ પટ્ટી રાખીને ફોટા જોવાનો આનંદ હતો. આજે એ જ રીલ નો વૈશ્વિક સ્તર રીલ ફિલ્મ દિવસ ઉજવાઈ રહ્યો છે. આજથી ત્રણ દાયકા પહેલા સિનેમાઘરોમાં પ્રોજેક્ટર રૂમમાં ફિલ્મની રિલનું ગોળ ચક્કર ચડાવીને પ્રકાશનો શેરડો પડદા ઉપર પડેને ફિલ્મ શરૂ થતી હતી. શુક્રવારે નવી ફિલ્મો લાગે તેની રીલની પેટી ગુરુવારે આવી જતી હતી. ઘણીવાર એકજ ફિલ્મ બે સિનેમામાં લાગી હોય તો રિક્ષામાં પેટી મોકલાતી હતી. જુના ફિલ્મો ટોકીઝમાં આવતા ત્યારે તેની જાહેરાત માં બ્રાન્ડ ન્યૂ લેબોરેટરી પ્રિન્ટ એવું લખતા હતા. આજના ડિજિટલ યુગમાં તે તમામ પ્રિન્ટને ડિજિટલમાં કનવર્ડ કરીને સંગ્રહિત કરવામાં આવે છે, જે ભાવિ પેઢી માટે અમર વારસો ગણી શકાય. પહેલા ૩૫ ખખ ફિલ્મો આવતી, જે



બ્લેક એન્ડ વાઈટ આવતી, બાદમાં ઓર્વો, ગેવાકલર અને ઈસ્ટમેન્ટ કલર ફિલ્મો આવી. હોલીવુડના પગલે ૭૦ખખ ફિલ્મો પણ આવવા લાગી હતી. ફિલ્મની રીલ બ્લેક એન્ડ વાઈટ કરતા કલર જોવાની મઝા પડતી. આજે ઘણા જાણીતા ફિલ્મોને કલરમાં કનવર્ડ કરીને ફરી સિનેમાઘરોમાં પ્રદર્શિત કરાય છે. અમુક જાણીતા જુના ગીતો પણ કલર માં જોવા મળે છે.

વિશ્વ રીલ ફિલ્મ દિવસ ૨૦૧૭થી ઉજવવામાં આવે છે. આ દિવસની શરૂઆત યુનેસ્કો દ્વારા કરવામાં આવી હતી, જેથી વિશ્વભરના ઓડિયો-વિઝ્યુઅલ વારસાને, જૂની રીલ ફિલ્મો, ડોક્યુમેન્ટરી, રેડિયો રેકોર્ડિંગ્સ વગેરેને સાચવી રાખવાના મહત્વ વિશે જાગૃતિ ફેલાય. રીલ ફિલ્મો આપણા ઈતિહાસ, સંસ્કૃતિ અને સમાજના અમૂલ્ય દસ્તાવેજો છે.આ દિવસનો મુખ્ય હેતુ જૂની ફિલ્મો અને રેકોર્ડિંગ્સને ડિજિટલ સ્વરૂપમાં સંગ્રહિત કરીને આવનારી પેઢી માટે સાચવવાનો છે. સમય જતાં રીલ ફિલ્મો ખરાબ થઈ શકે છે, તેથી તેનું સંરક્ષણ ખૂબ જરૂરી બને છે. ફિલ્મ આર્કાઈવ્સ અને મ્યુઝિયમ્સ આ કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આજનો દિવસ યાદ અપાવે છે કે ફિલ્મો માત્ર મનોરંજન નથી, પરંતુ તે ઈતિહાસના જીવંત સાક્ષી છે. ફિલ્મોની રીલમાં બંધાયેલો ઈતિહાસ, યાદોની અમર વારસા ગાથા છે.ફિલ્મ રીલ ૩૫ળળ ફિલ્મના જાદુને યાદ કરવા અને ઉજવવા માટે આજે દરેક માબાપે સંતાનોને વાત કરવી જોઈએ.કારણકે ડિજિટલ યુગમાં પણ ફિલ્મ રીલ્સની અનોખી ટેક્સચર, રંગો અને અનુભવને માન આપીને કલાને બિરદાવો.૧૮૮૯-૧૮૯૫ દરમિયાન થોમસ એડિસન અને લુમિયાર ભાઈઓએ ફિલ્મ કેમેરા અને પ્રોજેક્શન સિસ્ટમ વિકસાવી હતી. ૧૬ ળળ પછી ૩૫ળળ ફિલ્મ લાંબા સમય સુધી સિનેમાનો ધોરણ રહી, જેમાં દરેક રીલ લગભગ ૧૧ મિનિટનો સમય ધરાવતી. ફિલ્મ પ્રેમીઓ, નિર્માતાઓ અને સિનેમા ઉદ્યોગના લોકો આ દિવસે પરંપરાગત ફિલ્મોનું પ્રદર્શન કરે છે.



ફિલ્મ રીલ્સ માત્ર ટેક્નોલોજી નહીં, પણ એક કલાત્મક માધ્યમ છે, જે સિનેમાને અનોખી ઊંડાઈ અને ભાવનાત્મક અસર આપે છે.ફિલ્મની કલ, આજ અને કલ સાથે ફિલ્મની રીલ સદાય પાયાથી જોડાયેલી રહેશે.સિનેમાની કળા અને પરંપરાને જાળવવા માટે આ ઉજવણી શરૂ થયેલ હતી. આપણા ફિલ્મ ઈતિહાસના ૫% કરતાં ઓછો ભાગ હાઈ ડેફીનેશન ડિજિટલ ફોર્મેટ માં છે, તેથી ૩૫ળળ ની જાળવણી ખૂબ જ મહત્ત્વની છે. હોલીવુડના અમુક ફિલ્મ નિર્માતાઓ આજે પણ ૩૫ળળ પર ફિલ્મિંગ કરે છે, જે ફિલ્મ સ્ટોકની પ્રાસંગિકતા જાળવી રાખે છે.

આજે ઘરે બેઠા કોઈ જૂની ક્લાસિક ફિલ્મ પરિવાર સાથે જોજો. સ્ક્રીનની રીલો વિશ્વ ફિલ્મ દિવસની મહેક છે, જે આજે આપણને જાદુઈ યાત્રા જેવું લાગશે. જૂની ફિલ્મો અને અ... પણ ફિલ્મ પ્રોજેક્ટર પર, અ... સાંભળતા જ પેલી 'રિલ' ફરવાનો અવાજ અને પડદા પર આવતા ટપકાં કે ઊભી લાઈન કે વચ્ચેથી અવાઝ કટ નજર સામે તરી આવે. આજના ફોર કે અને મલ્ટિપ્લેક્સના જમાનામાં પ્રોજેક્ટર પર ફિલ્મ જોવી એ માત્ર મનોરંજન નથી, પણ એક 'નોસ્ટાલ્જીયા' છે.આ જૂના જમાનાના જાદુની કેટલીક ખાસ વાતોમાં પ્રોજેક્ટર ચાલુ થાય એટલે પેલો મશીનનો ગણગણાટ અને રિલ ફરવાનો 'ખટ-ખટ' અવાજ એક અલગ જ માહોલ બનાવે છે. એ અવાજમાં એક એવી લય હોય છે જે તમને ડિજિટલ સિનેમાના સન્નાટામાં ક્યારેય નહીં મળે. ડિજિટલ સ્ક્રીન એકદમ ચોખ્ખી હોય છે, પણ પ્રોજેક્ટરની ફિલ્મમાં એક પ્રકારની 'ઝયક્ષીયિ' હોય છે. વચ્ચે વચ્ચે આવતા લીટા અને ધૂળના રજકણો, રીલ બદલાતી વખતે આવતો પેલો કાળો ગોળ નિશાન. આ નાની-નાની ખામીઓ જ એ ફિલ્મને 'જીવંત' અને 'અસલી' બનાવે છે. જ્યારે પ્રોજેક્ટરના લેન્સમાંથી તેજસ્વી પ્રકાશનો શેરડો નીકળીને સીધો પડદા પર અથડાય છે, અને હવામાં ધૂળના રજકણો ઉડતા દેખાય છે, ત્યારે એ દ્રશ્ય જ જાદુઈ લાગે છે. અંધારા રૂમમાં એ ફિલ્મ જોવી એ પણ એક લ્હાવો છે. જૂના સમયમાં જ્યારે એક રીલ પૂરી થાય અને બીજી ચડાવવાની હોય, ત્યારે થોડી સેકન્ડ માટે જે વિરામ આવતો, એની પણ એક અલગ મઝા હતી. પ્રેક્ષકોમાં જે ઉત્તેજના રહેતી કે હવે આગળ શું થશે, એ અદભૂત હતી. પહેલાના સમયમાં પ્રોજેક્ટર પર ફિલ્મ જોવા માટે આખું ગામ કે મહોલ્લો ભેગો થતો. સફેદ ચાદરનો પડદો બાંધીને રાત્રે ખુલ્લા મેદાનમાં ફિલ્મ જોવી એ એક ઉત્સવ જેવું લાગતું.જે સેલ્યુલોઈડ ફિલ્મ પ્રોજેક્ટરમાં વપરાતી, તેની ગંધ પણ ખૂબ જ વિશિષ્ટ હોય છે. તેને 'સિનેમાની સુગંધ' કહેવામાં આવે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજનો દિવસ સિનેમાની કળાને માન આપવા માટે સમર્પિત છે. આ દિવસ એનાલોગ ફિલ્મ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી ફિલ્મોના અનોખા સૌંદર્ય શાસ્ત્રની પ્રશંસા કરવાની તક પૂરી પાડે છે.રીલ ફિલ્મ દિવસ ઉજવણી ડ્રાફ્ટહાઉસ સિનેમા થિયેટર ચેઈન અને કોડકના સંયુક્ત પ્રયાસો દ્વારા કરવામાં આવી હતી. આ દિવસનો ધ્યેય ફિલ્મ સ્ટોક પર ફિલ્મ નિર્માણની કળા તરફ ધ્યાન દોરવાનો અને એનાલોગ સિનેમાની પરંપરાઓને જાળવવાનો છે. ૧૯૪૦ ના દાયકાના અંતમાં - ૧૯૫૦ ના દાયકા ૩૫ મીમી થિયેટ્રિકલ પ્રોજેક્ટરનો યુગ સ્ટાન્ડર્ડાઈઝ્ડ ૩૫ળળ પ્રોજેક્ટર અને રીલ ચેન્જઓવર વિશ્વભરના મૂવી થિયેટરોનો આધાર બની જાય છે.૧૮૮૯-૧૮૯૫માંમોશન પિક્ચર ફિલ્મનો યુગ શરૂ થયો ૧૮૯૫માં પેરિસમાં જાહેરમાં ફિલ્મો પ્રોજેક્ટ કરે છે, ફિલ્મ રીલ્સ પર વ્યાપારી સિનેમા શરૂ કરે છે. ૧૯૦૯માં ૩૫ળળ મુખ્ય ફિલ્મ ગેજ બને છે પ્રતિ ફ્રેમ ચાર છિદ્રો અને ૧.૩૩:૧ છબીને માનક ફિલ્મ ગેજ તરીકે અપનાવે છે, ૧૯૨૭માં સાઉન્ડ-ઓન-ફિલ્મ મૂવી રીલ્સને પરિવર્તિત કરે છે.૧૯૩૦ના દાયકામાં ટેક્નિકલરની ત્રણ-પટ્ટી પ્રક્રિયા ૩૫ મીમી રિલીઝમાં સંતૃપ્ત રંગ લાવે છે, અને ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં સિનેમાસ્કોપ જેવી સિસ્ટમો ૩૫ મીમી ફિલ્મ પર એનામોર્ફિક લેન્સનો ઉપયોગ હાલના પ્રોજેક્ટરમાં વાઈડસ્ક્રીન છબીઓ બનાવવા માટે કરતી હતી. ૧૯૯૦માં ફિલ્મ ફાઉન્ડેશન ફિલ્મ સંરક્ષણનો બચાવ કરે છે. ૨૦૦૨-૨૦૧૦માં ડિજિટલ સિનેમા ૩૫ળળ વર્ચસ્વને પડકારે છે. ૨૦૦૨ માં ડિજિટલ સિનેમા ઈનિશિયેટિવ્સની રચના અને ડિજિટલ પ્રોજેક્ટરના ઝડપી અપનાવે છે.૨૦૧૦નો દશક દિગ્દર્શકો ૩૫ મીમીના પુનર્જીવનનું નેતૃત્વ કરે છે. આ દિવસ ચાહકોને ફિલ્મોને તેમના મૂળ સ્વરૂપમાં જોઈને સિનેમેટિક જાદુ સાથે ફરીથી જોડાવાની તક આપે છે. ફિલ્મ પ્રેમીઓ માટે, આ એક એવી સમૃદ્ધિ અને ઊંડાણની પ્રશંસા કરવાની તક છે, જે ફક્ત ભૌતિક ફિલ્મ જ આપી શકે છે. ફિલ્મના સ્ટ્રીપ્સ પર કેદ કરાયેલ દરેક ફ્રેમમાં એક સ્તરની વિગતો હોય છે જે ડિજિટલ ફોર્મેટ ઘણીવાર ચૂકી જાય છે. આ ઉજવણી ફક્ત યાદો વિશે નથી, તે ફિલ્મ ઉદ્યોગના નિર્માણ માટે ટેકનિકલ અને કલાત્મક કૌશલ્યોને ઓળખવા વિશે છે. પરંપરાગત સિનેમાની તલ્લીન અનુભૂતિને પસંદ કરનારાઓ માટે છે.

**ભાવિ પેઢી માટે જૂની ફિલ્મો અને રેકોર્ડિંગ્સને ડિજિટલ સ્વરૂપમાં સંગ્રહિત કરો: આપણી પ્રથમ બોલતી ફિલ્મ ''આલમ આરા'' જોવો ત્યારે ખબર પડે, એ વખતની ટેકનીકની: ફિલ્મ આર્કાઈવ્સ અને મ્યુઝિયમ્સ આ કાર્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે**

# શિક્ષણ તો ઘણી જગ્યાએ મળે પણ સાચા સંસ્કાર મેળવવા હોય તો ગુરૂકુળમાં જ આવવું પડે: મુખ્યમંત્રી

## અમદાવાદ સ્વામીનારાયણ ગુરૂકુળમાં યોજાયો અમૃત વંદના મહોત્સવ

**અબતક, રાજકોટ**

અમદાવાદ સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ ના અધ્યક્ષ અને સનાતન સંસ્કૃતિના પ્રખર ઉદ્ઘોષક માધવપ્રિયદાસજી સ્વામીના જીવનના ૭૫ વર્ષ પૂર્ણ થતા રવિવાર, ૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ અમદાવાદમાં એક ભવ્ય અને ઐતિહાસિક 'અમૃતવંદના મહોત્સવ' ઉજવાયો હતો. સ્વામીજીના આ 'અમૃતવંદના પર્વ' પર આયોજિત કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી સહિત દેશભરના સંતો-મહંતો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભગવત પૂજન અને ઋષિકુમારોના વેદ મંત્રોચ્ચાર સાથે આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આચાર્ય મહામંડલેશ્વર અવધેશાનંદગિરિજી મહારાજ, બાલકૃષ્ણદાસજી સ્વામી, સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી (ગાંધીનગર), નૌતમપ્રકાશદાસજી સ્વામી (વડતાલ) સહિતના અનેક રાજકીય અને ધાર્મિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

૧. પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી (સ્વાગત પ્રવચન):'''માધવપ્રિયદાસજી' એ કેવળ નામ નથી પણ આઠ અક્ષરોમાં આઠ ભુજાઓનાં દર્શન છે. જેમાં વેદ, વિજ્ઞાન, સેવા-સ્મરણ, શુશ્રુષા, પરંપરા, પ્રયોગ-પરિવર્તન, સદ્વિદ્યા અને લોકવિદ્યા સમાવિષ્ટ છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ આજે ગર્વથી કહેતા હશે



વિદ્વાનો, રાજનીતિજ્ઞો અને શ્રેષ્ઠીઓના વરદ હસ્તે થયું. માધવપ્રિયદાસજી સ્વામીનું પૂજન-સત્કાર-સન્માન કરવામાં આવ્યું ત્યારે ઉપસ્થિત

કે સ્વામી માધવપ્રિયદાસજી મારું સમાજને શ્રેષ્ઠ પ્રદાન છે.'' મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સ્વામીજીના ગુણોની પ્રશંસા કરતા કહ્યું કે, ''સ્વામીજી સદાય વર્તમાનમાં જીવે છે. ભૂતકાળ કે ભવિષ્યની ચિંતા તેમને સતાવતી નથી, તેમનું ચિંતન સ્થિત છે. આજે શિક્ષણ તો ઘણી જગ્યાએ મળે છે, પણ સાચા સંસ્કાર મેળવવા હોય તો આ ગુરૂકુલમાં જ આવવું પડે.'' મહોત્સવનું મુખ્ય આકર્ષણ ગ્રંથવિમોચન વિધિ હતી. સંગીતની સુરાવલીઓ, ઋષિકુમારોના શ્લોકગાન, ડ્રોન-શો, આતશબાજી, લાઈટ એન્ડ શાઉન્ડ શો, વિદ્યાર્થીઓના નૃત્યની સાથે હજારો લોકોના હૃદયની ઉર્મિઓના આનંદ વચ્ચે અમૃતવંદના ગ્રંથનું વિમોચન સંતો, મહંતો, મહામંડલેશ્વરો, વિશાળ શ્રોતાગણે તાળીઓના ગડગડાટ સાથે પૂજનને વધાવી લીધું હતું. આ મહોત્સવમાં સ્વામીજીના દર્શન માટે ૧૫,૦૦૦ થી વધુ ભક્તો ઉમટી પડ્યા હતા.

## આધ્યાત્મિક સમન્વયનો પાવન સંગમ


# આચાર્ય સુનીલ સાગરજી અને અપૂર્વસ્વામીનું પ્રેરણાદાયી સંત મિલન

## જૈન અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ માનવ કલ્યાણ અને નૈતિકતાના પ્રસારનો આપ્યો સંદેશ: દિગંબર મુનિઓની કઠોર સાધના વિશે યોજાઈ ગહન ધર્મચર્ચા

**અબતક, રાજકોટ**

ગોંડલ રોડ સ્થિત કાઠિયાવાડ બાલાશ્રમ ખાતે આયોજિત સિદ્ધચક્ર મહામંડલ વિધાનના સમાપન પ્રસંગે ધાર્મિક એકતા અને સૌહાર્દનો ઐતિહાસિક અનોખો પ્રસંગ સાકાર થયો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર વક્તા અપૂર્વ સ્વામીજીએ દિગંબર જૈન પરંપરાના આચાર્ય ભગવંત ૧૦૮ સુનીલ સાગરજી મહારાજ સાહેબની મુલાકાત લઈ ભાવવંદના કરી હતી. આ પાવન સંત મિલન દરમિયાન બંને સંપ્રદાયના મહાનુભાવો વચ્ચે આધ્યાત્મિક મૂલ્યો, શાંતિ અને પરસ્પર સદ્ભાવના વિષયો પર ગહન ચર્ચા થઈ હતી.

આ અવસરે આચાર્ય સુનીલ સાગરજીએ માર્મિક સંદેશ આપતા જણાવ્યું હતું કે, રોગ દૂર થવાથી સુખ મળે તેની કોઈ ખાતરી નથી, પરંતુ જો આત્મામાંથી રાગ અને દ્વેષ દૂર થઈ જાય તો સુખની સંપૂર્ણ ગેરંટી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સમસ્યાઓ અને ઈચ્છાઓનો ક્યારેય અંત આવતો નથી, પરંતુ સિદ્ધ આરાધના દ્વારા આત્મા શુદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આ મુલાકાત દરમિયાન પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજના પ્રેરણાદાયી જીવનનું



સ્મરણ કરવામાં આવ્યું હતું અને આચાર્યએ મહંત સ્વામી મહારાજના ઉત્તમ આરોગ્ય માટે મંગલ આશીર્વાદ પાઠવ્યા હતા.

ધર્મચર્ચામાં અપૂર્વ સ્વામીજીએ દિગંબર મુનિઓના નિર્વિકાર ભાવ અને કઠોર સાધના વિશે જિજ્ઞાસા વ્યક્ત કરી હતી. જેના પ્રત્યુત્તરમાં આચાર્યશ્રીએ સમજાવ્યું હતું કે, મુનિઓ લાજ, વિકૃતિ અને વાસનાથી ઉપર ઉઠી ચૂક્યા હોય છે. તેમની દૃષ્ટિમાં દરેક આત્મા ભવિષ્યનો ભગવાન છે, તેથી તેમની દૃષ્ટિ નિર્મળ અને ભેદભાવ રહિત હોય છે. દિગંબર સાધના એ માત્ર વસ્ત્રનો ત્યાગ નથી, પરંતુ આંતરિક મમત્વનો ત્યાગ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ મુનિ સંઘને અક્ષરધામ પધારવા ભાવભર્યું નિમંત્રણ પણ પાઠવ્યું હતું. આ આધ્યાત્મિક મિલનથી રાજકોટના શ્રદ્ધાળુઓમાં હર્ષની લાગણી ફેલાઈ હતી અને સમાજમાં એકતાનો મજબૂત સંદેશ વહેતો થયો હતો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૫-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (છેલ્લો દિવસ)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કાજુ બટર મસાલા)+(લૌકી કોફ્તા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૬-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ (રાગી નો શીરો)
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૬-૩ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ ત્રીજ
**નક્ષત્ર** હસ્ત
**યોગ** ગંડ **કરણ:** બવ
**સુર્યોદય** ૭.૦૫ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** કન્યા રાત્રે ૧૦.૨૧થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | ૧ | | ૯ | |
| | ૯ | | | | | ૨ | ૬ | |
| | ૧ | | | | ૩ | ૮ | ૪ | |
| | ૫ | ૮ | ૪ | | | | | |
| ૬ | | ૪ | | | ૮ | | | |
| | | | | ૬ | ૯ | | | ૭ |
| | | | ૩ | | | | | |
| | ૩ | | | | ૬ | | ૧ | |
| | ૪ | ૧ | | | ૨ | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ |
| ૩ | ૬ | ૯ | ૮ | ૫ | ૭ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૪ | ૬ | ૩ | ૫ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૧ | ૨ | ૯ | ૪ | ૮ | ૬ |
| ૯ | ૨ | ૮ | ૬ | ૭ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૬ | ૪ | ૧ | ૫ | ૮ | ૩ | ૨ | ૭ | ૯ |
| ૪ | ૩ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ | ૫ |
| ૮ | ૧ | ૬ | ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૨ | ૯ | ૫ | ૭ | ૩ | ૮ | ૬ | ૧ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૬.૩.૨૦૨૬ શુક્રવાર, સંવત ૨૦૮૨, ફાગણ વદ ત્રીજ, હસ્ત નક્ષત્ર, વૃદ્ધિ યોગ, વિષ્ટિ કરણ આજે રાત્રે ૧૦.૧૮ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે,શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે,પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કાલે પ્રતિષ્ઠાભરી ચૂંટણી: વકીલોમાં ભારે ઉત્તેજના

## તા.૯મીથી મતગણતરી, તા.૧૪મી સુધીમાં પરિણામો આવશે, પ્રથમવાર લાઈવ રેકોર્ડિંગ અને સીસીટીવી હેઠળ મતદાન

## પાંચ મહિલા મળી ૨૩ બેઠક પર ૭૯ પુરૂષ અને ૨૦ મહિલા ઉમેદવારો મેદાનમાં૭૭ હજાર વકીલો ૧૫૦ થી વધુ મતદાન મથકો મતદાન કરશે

### પ્રદેશ ભાજપ લીગલ સેલના ચેરમેન જે. જે. પટેલ, દિલીપ પટેલ, અનિરૂધ્ધ સિંહ રાણા દીપેન દવે અને કરણસિંહ ચાવડા, મુકેશ કામદાર, નલીન પટેલ અનીલ કેલ્લા સહિત વર્તમાન સભ્યોનું ભાવિ કેદ થશે

### રાજકોટમાંથી દિલીપ પટેલ, અમૃતા ભારદ્વાજ, સી. એચ. પટેલ, જીતેન્દ્ર પારેખ અને ભૂમિકા પટેલ ચૂંટણીના મેદાનમાં



બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં રાજકોટના જાણીતા ધારાશાસ્ત્રી , બાર કાઉન્સિલ માં સતત ત્રણ ટર્મથી પ્રભુત્વ કરતા દિલીપ પટેલે ચોથી વખત ઉપરાંત વરિષ્ઠ ધારાશાસ્ત્રી, રાજ્ય સભાના તત્કાલીન સભ્ય સ્વ. અભય ભારદ્વાજના પુત્રી અમૃતા ભારદ્વાજ, શહેર ભાજપ લીગલ સેલના પૂર્વ સહ કન્વીનર અને યુવા એડવોકેટ સી. એચ. પટેલ, જીતેન્દ્ર પારેખ અને ભૂમિકા પટેલ સહિત પાંચ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. ત્યારે વકીલો ની ગણના બુદ્ધિજીવીઓમાં થાય છે ત્યારે વકીલો જો ''બુદ્ધિપૂર્વક ''મતદાન કરે તો બાર કાઉન્સિલ ઓફ ગુજરાત મા રાજકોટનું પ્રતિનિધિત્વમાં વધારો થઇ શકે તેમ છે.

### આ ચૂંટણી સામાન્ય ચૂંટણી કરતા અલગ અને દરેક મતનું મુલ્ય હોય

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી સામાન્ય રાજકીય ચૂંટણીથી અલગ અને વિશિષ્ટ ગણાય છે. અહીં ''સૌથી વધુ મત મેળવનાર જીતે'' જેવી સરળ પદ્ધતિ લાગુ પડતી નથી, પરંતુ પ્રતિનિધિત્વ અને ગણિત આધારિત પ્રક્રિયા અપનાવવામાં આવે છે. ૧૯૬૧માં એડવોકેટ એક્ટ અમલમાં આવ્યો અને ત્યારબાદ ૧૯૬૮માં ચૂંટણી પ્રણાલી અમલમાં આવી ત્યારથી આ પ્રકારે ચૂંટણી થાય છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. આ ચૂંટણીની ખાસિયત ''ફર્સ્ટ પ્રેફરન્સ વોટ'' પદ્ધતિ છે. મતદાર બાર કાઉન્સિલના ૨૩ સભ્યો છે તેમને ૨૩ વોટ આપી શકે છે. પોતે કોને પ્રથમ પ્રાથમિકતા આપવા માંગે છે તે નક્કી કરી શકે છે' મત ગણતરી દરમિયાન પ્રથમ પસંદગીના મત ગણવામાં આવે છે અને જીતવા માટે નિશ્ચિત ''ક્વોટા'' નક્કી થાય છે. જો કોઈ ઉમેદવાર ક્વોટાથી વધુ મત મેળવે તો વધારાના મત બીજી પસંદગી પ્રમાણે ટ્રાન્સફર થાય છે. આ ચૂંટણી સામાન્ય ચૂંટણી કરતા થોડી અલગ હોય છે. અહીં દરેક મતનું મહત્વ છે. યોગ્ય પ્રાથમિકતા આપવી એટલી જ જરૂરી છે જેટલું મતદાન કરવું.

**અબતક, રાજકોટ**

વકીલોની માતૃ સંસ્થા ગુજરાત બાર કાઉન્સીલની પ્રતિષ્ઠાભરી અને ભારે રસાકસીભરી તા.૬ને શુક્રવારના રોજ ચૂંટણી યોજાવાની છે. ૨૩ સભ્યોની ચૂંટણી યોજાનાર છે. જેમાં પાંચ બેઠક મહિલા વકીલોના ફાળે છે. આ વખતની ચૂંટણીમાં ૭૯ પુરૂષ ઉમેદવારો અને ૨૦ મહિલા ઉમેદવારો મેદાનમાં છે.ત્યારે રાજયભરમા વકીલ આલમમાં ઈલેકશન ફિવરનો માહોલ છવાયો છે. વકીલ આલમાં જોરદાર ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ પ્રવર્તી રહ્યો છે. બીજી બાજુ ઉમેદવારો મત મેળવવા માટે નાસ્તા-પાણી, જમણવાર , ગ્રુપ મીટીંગોથી લઈ સોશિયલ મીડિયા, પત્રિકા-પેમ્ફલેટ, પોસ્ટર અને રૂબરૂ પ્રચાર સુધીના મરણિયા પ્રયાસો કરવામાં જોતરાયા છે.ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા વકીલ ઉમેદવારોએ પણ ઝંપલાવ્યું છે. બાર કાઉન્સિલની ચૂંટણીની વકીલ સમાજમાં પ્રતિનિધિત્વ અને સમાનતા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ગુજરાત બાર કાઉન્સીલમાં સમરસ પેનલનો છેલ્લા ૨૭ વર્ષથી દબદબો જળવાયેલો રહ્યો છે. ગુજરાત બાર કાઉન્સિલ એટલી મહત્ત્વની હોય છે, તેની પર વકીલ આલમની સાથે સાથે ન્યાયતંત્રની પણ નજર હોય છે. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં રાજયભરના વકીલો મતદાન કરતા હોય છે અને પ્રેફરેન્સીયલ વોટીંગની પધ્ધતિ પ્રમાણે મતદાન થતુ હોય છે. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણી પ્રથમવાર સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈપાવર ઈલેકશન કમીટીની નીગરાની હેઠળ બાર કાઉન્સીલની ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમવાર ગુજરાત બાર કાઉન્સીલના ૨૫ સભ્યોના બદલે ૨૩ સભ્યોની ચૂંટણી યોજાનાર છે. જયારે બે બેઠકો કો-ઓપ્શનથી ભરાશે. આ વખતની ચૂંટણીમાં ૭૯ પુરૂષ ઉમેદવારો અને ૨૦ મહિલા ઉમેદવારો મેદાનમાં છે. રાજયભરના ૭૭ હજારથી વધુ વકીલ મતદારો મતદાન કરશે. રાજકોટ સહિત રાજયભરમાં મળી કુલ ૧૫૦ થી વધુ મતદાન મથકો પર તા. ૬ને શુક્રવારે સવારે ૧૦૦૦ થી સાંજે ૭ કલાક સુધી મતદાન થશે રાજયભરના ૧૫૦થી વધુ પોલીંગ બુથ પર ૪૫૦ પોલીંગ ઓફિસરો ફરજમાં તૈનાત - બોગસ વોટીંગ ના થાય તેની ખાસ તકેદારી રાખવામા આવી છે. આ વખતે સૌ પ્રથમવાર લાઈવ રેકોર્ડિંગ, સીસીટીવી કેમેરાની નીગરાની હેઠળ રાજયભરમાં મતદાન યોજાશે તા.૬ને શુક્રવારે સાંજે મતદાન પૂર્ણ થયા બાદ મતપેટીઓ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરીયમ ખાતે લવાશે, જયાં તા.૯મી માર્ચથી મતગણતરી શરૂ થશે અને તા. ૧૪મી માર્ચ સુધીમાં ઈલેકશનના પરિણામો જાહેર થઈ જવાની સંભાવના છે. પ્રદેશ ભાજપ લીગલ સેલના ચેરમેન અને બાર કાઉન્સિલના ચેરમેન જે જે પટેલ, દિલીપ પટેલ, અનિરુદ્ધસિંહ રાણા દીપેન દવે , કરણસિંહ વાઘેલા મનોજ અનડકડ ,મુકેશ સી. કામદાર, નલીન ડી. પટેલ અનીલ કેલ્લા સહિત બાર કાઉન્સિલના વર્તમાન સભ્યોનું ભાવિ કેદ થશે ત્યારે વકીલોમા ભારે ઉત્સાહ અને ઉત્તેજના સાથે જોર શોરથી પ્રચાર અને પ્રસાર કાર્ય કરવામાં આવી રહ્યું છે.

અબતક વિશેષ
હરપાલસિંહ જાડેજા

### બાર કાઉન્સિલ જવાબદારી વકીલોની નોંધણી: શિસ્તભંગ અને કલ્યાણ યોજના

બાર કાઉન્સિલની ભૂમિકા માત્ર ચૂંટણી પૂરતી સીમિત નથી. તે વકીલોની નોંધણી, એનરોલમેન્ટ, શિસ્તભંગના કેસોમાં કાર્યવાહી, વકીલોના હિતોની રક્ષા, કાનૂની શિક્ષણની દેખરેખ અને વકીલોની કલ્યાણ યોજનાઓના અમલ જેવી અગત્યની જવાબદારીઓ સંભાળે છે.

ચૂંટણી સીધી રીતે આગામી પાંચ વર્ષ માટે વકીલ સમાજની દિશા અને નીતિઓ નક્કી કરશે. આથી કહી શકાય કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી માત્ર ઔપચારિક પ્રક્રિયા નથી, પરંતુ પ્રતિનિધિત્વ, પારદર્શિતા અને સમાનતાના સિદ્ધાંતો પર આધારિત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે.

### બાર કાઉન્સિલનું નિરંજનભાઇ દફતરી, એન.એસ.ભટ્ટ બાલકૃષ્ણભાઈ શુકલ પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે



સ્વ. નિરંજનભાઇ દફતરી એન.એસ.ભટ્ટ

સૌરાષ્ટ્રના ખ્યાતનામ ધારાશાસ્ત્રી નિરંજનભાઈ દફતરી ચાર ટર્મ એન.એસ.ભટ્ટ ચાર ટર્મ, રાજકોટ જિલ્લા કોંગ્રેસના તત્કાલીન પ્રમુખ અને ભૂત પૂર્વ ધારાસભ્ય અને એડવોકેટ બાલકૃષ્ણભાઈ શુકલ, સ્વ. પ્રભુદાસભાઈ સોનેજી અને જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ ત્રણ ટર્મ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. જેમાં નિરંજનભાઈ દફતરી, એન એસ. ભટ્ટ અને દિલીપભાઈ પટેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું ચેરમેન પદને શોભાવ્યું છે. જ્યારે એન. એસ ભટ્ટ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના વાઇસ ચેરમેન અને દિલીપભાઈ પટેલ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના કો ચેરમેન તરીકે કામગીરી કરી ચૂક્યા છે.

### સુપ્રીમકોર્ટના નિર્દેશ મુજબ બીસીજીમા પાંચ મહિલાને પ્રતિનિધિત્વ મળશે

ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણી પ્રથમવાર સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઇપાવર ઇલેકશન કમીટીની નીગરાની હેઠળ બાર કાઉન્સીલની ચૂંટણી યોજાઇ રહી છે. પ્રથમવાર ગુજરાત બાર કાઉન્સીલના ૨૫ સભ્યોના બદલે ૨૩ સભ્યોની ચૂંટણી યોજાનાર છે. સુપ્રીમકોર્ટના નિર્દેશ મુજબ, ૩૦ ટકા મહિલા ઉમેદવારો માટે અનામત જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે. પાંચ બેઠક મહિલા વકીલોના ફાળવવામા આવી છે. આથી ગુજરાત બાર કાઉન્સીલમા હવે મહિલા વકીલો ગુજરાત બાર કાઉન્સીલમા પ્રતિનિધિતુ કરશે

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં વધુ એક વખત દિલીપભાઈ પટેલને વિજય બનાવવા વકીલોમાં ઉત્સાહ

## સૌરાષ્ટ્ર કચ્છના વકીલોના પ્રશ્નોને સમજવાની શકિત અને એડવોકેટએ ત્રણ ચૂકવી દિલીપભાઈને તક આપવા અપીલ

### ''અબતક મીડિયા'' હાઉસની શુભેચ્છા મુલાકાત દરમિયાન ત્રણ ટર્મ દરમિયાન વકીલોનો વિશ્વાસ જીત્યો: બાર એસોસિએશનના વર્તમાન અને પૂર્વ પ્રમુખ, વિવિધ વકીલ મંડળના હોદ્દેદારો સહિતના સિનિયર જુનિયર એડવોકેટ રહ્યા ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કાલે યોજનારી ચૂંટણી માં બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન અને વર્તમાન સભ્ય તેમજ જાણીતા ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે ત્યારે ''અબતક''મીડિયા'' હાઉસની શુભેચ્છા મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે તેઓ બાર કાઉન્સિલનું બે ટર્મથી પ્રતિનિધિતૃ કરી રહ્યા છે તેમજ બાર કાઉન્સિલ ના ચેરમેનનું પદ પણ શોભાવ્યું છે તેમણે વકીલો માટે કરેલી કામગીરી તેમજ સૌરાષ્ટ્ર કચ્છ ના વકીલોને પડતી મુશ્કેલીમાં ખંભે ખંભો મિલાવી પ્રશ્નોનું નિરાકરણ લાવ્યા હોવાથી મત આપવા માટે અપીલ કરી છે. બાર કાઉન્સિલની પ્રતિષ્ઠા ભરી ચૂંટણીમાં જાગૃત અને વકીલોના પોતિકા ઉમેદવાર દિલીપ પટેલ આ વર્ષે ચોથી ટર્મમાં ચૂંટણી જંગમાં ઝંપલાવતા ગરમાવો આવી ગયેલ છે. દિલીપ પટેલ છેલ્લા બે ટર્મથી સતત પ્રથમ ક્રમાંકે ચૂંટાતા આવતા વકીલોના કામથી માનીતા ઉમેદવાર છે તેને જીતાડવા બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, નિલેશ પટેલ, પૂર્વ પ્રમુખ પરેશ મારુના માર્ગદર્શન હેઠળ પ્રચાર પ્રસારની કામગીરી સંભાળી દિલીપભાઈ પટેલને ફરી વખત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં મોકલવા માટે ત્રણ તોડ મહેનત કરી રહ્યા છે.તમામ બાર એસોસિએશનનું



તસવીર: શૈલેષ વાડોલિયા


સમર્થન દિલીપ પટેલને મળી રહ્યું છે. જેમાં રેવન્યુ બાર નોટરી એસોસિએશન , ક્લેઈમ બાર , મહિલા બારે એસોસિએશનનો ટેકો મળી રહ્યો છે.જયારે બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરાએ જણાવ્યું હતું કે દિલીપભાઈ પટેલ તન મન અને ધનથી હંમેશા બહારની સાથે ઊભા રહી જુનિયર વકીલોને કરી કાયદાકીય માર્ગદર્શન આપી ત્યારે દિલીપભાઈ પટેલને પ્રેફરન્સ મત આપી વિજય બનાવો અપીલ કરી છે આ ઉપરાંત બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ પરેશ મારું જણાવ્યું કે દિલીપભાઈ પટેલ ગુજરાતનું નહીં દેશનું પ્રતિનિધિતૃ કરતા હોય ત્યારે ફરી એક વખત તેમને પ્રતિનિધિતૃ કરવા માટે તેમજ ગત વર્ષે બાર એસોસિએશન દ્વારા યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના લીગલ સેલ સેમિનારમાં દિલીપભાઈ નું મહત્વનું યોગદાન રહ્યું છે તેમજ રાજકોટને હાઈકોર્ટની બેંચ મળે તે માટે ૧૯૮૩ થી કરવામાં આવતી માગણી સંદર્ભે દિલીપભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટેટ અને સેન્ટ્રલ ની સરકારને પ્રપોઝલ મોકલવામાં આવી છે ત્યારે જાગૃત વકીલને વિજય બનાવવા માટે અપીલ કરવામાં આવી છે. રેવન્યુ બાર એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ કથીરિયાએ જણાવ્યું છે કે દિલીપભાઈ પટેલ માત્ર રાજકોટના જ નહીં સમગ્ર વકીલોના ૧૦૮ સમાન છે જેવો

(અનુ. આઠમા પાને)

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં એડવોકેટ સી.એચ.પટેલને વકીલોનું પ્રચંડ સમર્થન

## કોઈને હરાવા માટે નહીં પરંતુ, બીસીજીમાં રાજકોટનું પ્રતિનિધિત્વ વધે, વકીલોનું હિત અને ખામીઓ દૂર કરવાના સંકલ્પ સાથે મેદાને ઉતર્યો છું

### ''અબતક મીડિયા'' હાઉસની શુભેચ્છા મુલાકાત દરમિયાન સી.એચ.પટેલે છણાવટ સાથે કરી પ્રશ્નોની ચર્ચા: વકીલ પિયુષભાઈ શાહ,અર્જુનભાઈ પટેલ, કિશોરભાઈ સખીયા અને દીલેશભાઈ શાહ રહ્યા હાજર



**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુટણીમાં ઉમેદવારી યુવા ધારાશાસ્ત્રી સી.એચ. પટેલ (ચંદ્રેશભાઈ હરસુખભાઈ પટેલ) એ ઝંપલાવ્યું છે. ચૂંટણીનું આવતીકાલે મતદાન છે ત્યારે સી.એચ. પટેલે ''અબતક મીડિયા'' હાઉસની શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે વાતચીતમાં જણાવ્યું હતું કે,આ ચુટણીમાં કોઈને હરાવા માટે ચુટણી લડતો નથી પરંતુ ગુજરાત બાર કાઉન્સિલમાં રાજકોટનું પ્રતિનિધિતૃ વધે તે માટે ચુટણી લડી રહિયો છુ. ભૂતકાળમાં રાજકોટમાંથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ત્રણ સભ્ય હતા. અને ક્રમશ આ પ્રતિનિધિતૃ ઘટતા રાજકોટનું પ્રતિનિધિતૃ વધે તે માટે આ ચુટણી લડી રહીયો છું મારી આ લડતને સિનિયર અને જુનિયર એડવોકેટોનો ટેકો મળી રહ્યો છે. સી.એચ. પટેલે વકીલોના હિતમાં શ્રેષ્ઠ પોલિસીઓ અમલમાં લાવવાનો અને પાયારૂપ ખામીઓને દૂર કરવાનો મક્કમ સંકલ્પ લીધો છે. સૌરાષ્ટ્રભરના વકીલોએ પ્રથમ પસંદગીનો મત આપી વિજયી બનાવવાનું મન બનાવી લીધું છે, આ તકે શહેર ભાજપ લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ, બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ પટેલ, કિશોરભાઈ સખીયા દીલેશભાઈ શાહ, જય કિશનભાઈ માકડીયા વિજયભાઈ ભટ્ટ અને રાકેશ ગોસ્વામી સહિત એડવોકેટો હાજર રહ્યા હતા.સી.એચ. પટેલ છેલ્લા ૨૬



તસવીર: શૈલેષ વાડોલિયા

વર્ષથી વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા અને જાણીતા એડવોકેટ સી.એચ. પટેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં ક્રમ નંબર - ૬૧ ઉપરથી ઉમેદવારી નોંધાવી રહ્યા છે. તેઓ માત્ર પદ માટે નહીં પણ વકીલોની પ્રતિષ્ઠા વધારવાના મુખ્ય ધ્યેય સાથે મેદાને ઉતર્યા છે સી.એચ.પટેલ રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનમાં વર્ષ ૨૦૧૧ થી સ્થાપક સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. ૩ વર્ષ સુધી ઉપપ્રમુખ અને સતત ૫ વર્ષ સુધી પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી છે. હાલમાં તેઓ માર્ગદર્શક સમિતિમાં કાર્યરત રહીને વકીલોના પ્રશ્નોનોની સફળ નિરાકરણ લાવી રહ્યા છે. તેઓ રાજકોટ શહેર ભાજપ લીગલ સેલમાં સહ-સંયોજક તરીકેની જવાબદારી સંભાળી વકીલોનું મજબૂત સંગઠન બનાવી સફળ પ્રતિનિધિતૃ કર્યું છે. સબ-રાજીસ્ટ્રાર કચેરીમાં કનેકટીવીનો પ્રશ્નો હોય કે દસ્તાવેજને લગતી અન્ય મુશ્કેલીઓ માટે શહેર, જિલ્લા અને રાજ્ય કક્ષાએ રજૂઆતો કરી પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવાની તેમની કાર્યશૈલીને કારણે તેઓ વકીલોમાં ૧૦૮ ના બિરુદથી લોકપ્રિય છે. સી.એચ પટેલ ને મોરબી, ટંકાસ, વાંકાનેર, સોમનાથ-વેરાવળ, કોડીનાર, તાલાલા, કલ્યાણપુર, લાલપુર, ખંભાળિયા, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા, ભાણવડ, ઓખા, દેવભૂમી દ્વારકા, કેશોદ, માળીયા હાટીના, માંગરોળ, વંથલી, જામનગર, અમરેલી, રાજુલા, બાબા, સાવરકુંડલા,

(અનુ. આઠમા પાને)

## પુનામાં ''ગૌ ટેક-૨૦૨૬'' દ્વારા આત્મનિર્ભર ભારતને નવી દિશા મળશે

# ગૌ આધારિત ''બ્રાઉન રિવોલ્યુશન''નો વૈશ્વિક શંખનાદ: પુનામાં યોજાશે ''ગૌ ટેક-૨૦૨૬''

### ૫ લાખથી વધુ મુલાકાતીઓ, ૩૦૦થી વધુ સ્ટોલ અને વિદેશી રોકાણ સંવાદ ''ગૌ ટેક ૨૦૨૬''થી ગૌ ઉદ્યોગના ભવિષ્યમાં આમૂલ પરિવર્તન આણશે

**અબતક, રાજકોટ**

ગૌ સેવા આયોગ અને આર.આર.કેબલના સહયોગ થી આયોજિત ''ગૌ ટેક ૨૦૨૬'' નામનું આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન અને પ્રદર્શની ૨૦ થી ૨૩ માર્ચ દરમિયાન એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના ખાતે આયોજન કરવામાં આવી રહ્યું છે.


તસવીર: શૈલેષ વાડોલિયા

''ગૌ ટેક ૨૦૨૬''માં દેશ વિદેશથી નીતિનિર્માતાઓ, સમાજસેવકો, વૈજ્ઞાનિકો, ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટ-અપ્સ, રોકાણકારો, ખેડૂતો, ગૌશાળાઓ, યુનિવર્સિટીઓ, સંતસમાજ, મહિલાઓ અને યુવાનો મોટી સંખ્યામાં ભાગ લેશે. આ આયોજનમાં ૩૦૦થી વધુ સ્ટોલ, ૧૨થી વધુ ગૌ વિષય આધારિત સેમિનાર, વિશેષ સંમેલનો, બીટુબી બેઠકો તથા વિદેશી પ્રતિનિધિઓની ભાગીદારી સાથે પાંચ લાખથી વધુ મુલાકાતીઓની હાજરીની સંભાવના છે.

સંસ્થાના સ્થાપક, પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યું કે ગૌમાતાનું દૂધ, ગૌમૂત્ર, ગોબર અને પંચગવ્યમાં આરોગ્ય, કૃષિ, ઊર્જા, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામિણ અર્થવ્યવસ્થાને સશક્ત બનાવવાની અદ્ભુત વૈજ્ઞાનિક તથા આર્થિક ક્ષમતા રહેલી છે.

ભારત સરકારના પશુપાલન અને ડેરી વિભાગના માનદ સલાહકાર અને જનરલ સેક્રેટરી મિત્તલ ખેતાણીએ જણાવ્યુ કે ''ગૌ ટેક ૨૦૨૬'' માં જૈવિક ખાતર અને બાયો-ફર્ટિલાઈઝર, દૂધ તથા દૂધમાંથી બનેલા મૂલ્યવર્ધિત ઉત્પાદનો, ગૌમૂત્ર અને ગોબર આધારિત ઉત્પાદનો, પ્રાકૃતિક ખેતી, પશુચિકિત્સા કોલેજો અને યુનિવર્સિટીઓ, સીમેન લેબોરેટરી, સેક્સ-સોર્ટેડ સીમેન તથા એમ્બ્રિયો ટ્રાન્સફર ટેકનોલોજી, સોલાર અને બાયો-એનર્જી, ચારો અને બીજ ઉદ્યોગ, ચારાગાહ વિકાસ મશીનરી, સરકારી અને ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ, દુગ્ધ સંઘો અને ફેડરેશનો, વિવિધ રાજ્યોના ગૌ સેવા આયોગો, એનિમલ ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સ, ઈનોવેટિવ સ્ટાર્ટ-અપ્સ, સંશોધન અને વિકાસ આધારિત ગૌ ઉત્પાદનો, ભારતીય દેશી ગૌ જાતિઓનું લાઈવ પ્રદર્શન તેમજ નેચરોપેથી, આયુર્વેદ અને પંચગવ્ય આધારિત સારવાર પદ્ધતિઓ સાથે જોડાયેલા બધી શ્રેણીઓના સ્ટોલ બુક થઈ ચૂક્યા છે, જે આ આયોજન પ્રત્યે દેશ-વિદેશથી મળી રહેલા વ્યાપક ઉત્સાહ અને વિશ્વાસને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

જનરલ સેક્રેટરી રમેશભાઈ ઘેટીયાએ જણાવ્યુ કે ગૌ ટેક ૨૦૨૬ આયોજન અંતર્ગત કુલપતિ સંમેલનનું આયોજન કરવામાં આવશે, જેનો હેતુ દેશની યુનિવર્સિટીઓમાં ''કામધેનુ ચેર''ની સ્થાપના કરવાનો છે, જેથી ગૌ આધારિત શિક્ષણ, સંશોધન અને નવીનતાને શૈક્ષણિક સ્તરે સંસ્થાગત સ્વરૂપ મળી શકે. આ ઉપરાંત મહિલા સંમેલન દ્વારા ગૌ આધારિત મહિલા ઉદ્યમિતા, સ્વરોજગાર અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન મળશે, જ્યારે સંત સંમેલન દ્વારા ગૌ મહાત્મ્ય, આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક મૂલ્યો પર વ્યાપક ચર્ચા થશે. પંચગવ્ય ચિકિત્સા સંમેલન પણ યોજાશે, જેમાં દેશભરના પંચગવ્ય ચિકિત્સકો, આયુર્વેદાચાર્યો, નેચરોપેથી નિષ્ણાતો અને સંશોધકો ભાગ લેશે. સાથે ગૌશાળા સંમેલન પણ યોજાશે, જેમાં દેશભરની ગૌશાળાઓના પ્રતિનિધિઓ, સંચાલકો અને ગૌસેવકો ગૌશાળા વ્યવસ્થાપન, આર્થિક આત્મનિર્ભરતા, ટેકનોલોજીકલ ઉન્નતિ અને સરકારી યોજનાઓ અંગે વિચારવિમર્શ કરશે. આ ઉપરાંત સ્ટાર્ટઅપ સંમેલનનું પણ આયોજન કરવામાં આવશે, જેમાં ગૌ આધારિત નવીન સ્ટાર્ટઅપ્સ, યુવા ઉદ્યોગસાહસિકો, ટેકનોલોજી ઈનોવેટર્સ અને રોકાણકારો ભાગ લેશે.

ગૌ ટેક ૨૦૨૬ પ્રદર્શન દરમિયાન વિવિધ રાજ્યના ગૌ સેવા આયોગની ટીમો વિશેષ રીતે મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ પોતાના રાજ્યમાં ગૌસેવા, ગૌશાળા વિકાસ, ગૌચર સંરક્ષણ, દેશી ગૌવંશ સંવર્ધન, ગૌ આધારિત ઉદ્યોગો તથા ગ્રામિણ રોજગાર

(અનુ. આઠમા પાને)

# ત્રિવેણી સંગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મંગળવારે ૧૨મો સર્વજ્ઞાતીય સમુહ લગ્નોત્સવ અને મહારક્તદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

શહેરના હુડકો પોલીસ ચોકી પાછળ, માનવ ધર્મ આશ્રમની પાછળના મેદાનમાં આગામી તા. ૧૦-૦૩-૨૦૨૬, મંગળવારના રોજ ત્રિવેણી સંગમ ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ દ્વારા ૧૨માં સર્વજ્ઞાતીય સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ માંગલિક પ્રસંગે ૧૩ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાશે, જેમને સંસ્થા દ્વારા કરિયાવરમાં ૧૨૭થી વધુ જીવન જરૂરિયાતની વસ્તુઓ ભેટ સ્વરૂપે આપી કન્યાદાન કરવામાં આવશે.


તસવીર: શૈલેષ વાડોલિયા

### ૧૩ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડશે સંતો-મહંતોની નિશ્રામાં દીકરીઓને ૧૨૭થી વધુ વસ્તુઓ કરિયાવરમાં અપાશે

આ સમુહ લગ્નોત્સવમાં નવદંપતિઓને આશીર્વાદ પાઠવવા માટે લાપાસરીના મહંત ક્ષીપ્રાનાથબાપુ, વાસાવડ આપા માંગાની જગ્યાના મહંત નરસંગબાપુ, ગુણેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રી અવધેશબાપુ, પાળના મહંત સામજીભગત, ઈશ્વરીયા ગીરીનારી આશ્રમના મહંત ઠાકરદાસ બાપુ, કોઠારીયા જાગનાથ મહાદેવના મહંત હરજીવનબાપુ તેમજ . મહંત ધર્માનંદ ગીરીજી મહારાજ સહિતના સંતો-મહંતો ખાસ ઉપસ્થિત રહેશે.

લગ્નોત્સવની સાથે જ માનવતાના કાર્ય રૂપે ટ્રસ્ટ દ્વારા મહારકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રક્તદાન કરવા માટે શહેરી જનતાને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ નયનભાઈ મકવાણા, વર્ષાબેન રૈયાણી, રજનીભાઈ સાંગાણી (એડવોકેટ), સી.જી. રામાણી (એડવોકેટ), રાજુભાઈ ટાંક, વિજયભાઈ ટાંક, જીતુભાઈ ટાંક તેમજ અન્ય કાર્યકરો તન, મન અને ધનથી સેવા આપી રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા આ સેવાના મનોરથને બિરદાવવા અને દીકરીઓને આશીર્વાદ આપવા માટે સર્વે નગરજનોને ભાવભર્યું આમંત્રણ છે.

# વોર્ડ નં.૧૦ના વિવિધ વિકાસ કામોનું ખાતમુહુર્ત કરતા ભાજપ પ્રમુખ ડો.માધવ દવે

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૦માં શીવ સંગમ સોસાયટી (પેવીંગ બ્લોક) કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી, નંદનવન સોસાયટી (પેવીંગ બ્લોક) કોર્પોરેટરોઓની ગ્રાન્ટમાંથી, શ્રીજી બંગલો (પેવીંગ બ્લોક) ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહની ગ્રાન્ટમાંથી, મારુતિ પાર્ક (પેવીંગ બ્લોક), પ્રધ્યુમન હાઈટસ (પેવીંગ બ્લોક) ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહની ગ્રાન્ટમાંથી, વૃંદાવન સોસાયટી (વોકળાનુ આર. સી. સી.) કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી, જે કે ચોક (પેટાવોર્ડ ઓફિસ તથા ગાર્ડનનું નામકરણ), શિલ્પન રેવા (પેવીંગ બ્લોક)કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે તથા ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાંરાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, રાજકોટ વિધાનસભા ૬૯ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નીરુભા વાઘેલા, ભાવીનભાઈ વેકરિયા, જય ભટ્ટ, કલ્પેશભાઈ પરસાણા, જયસુખભાઈ માવાણી, મધુભાઈ ભૂવા, ગૌતમભાઈ શિંગાળા, ચિરાગભાઈ લુણાગરીયા ઉપસ્થિત રહેલ.

# સોમનાથથી સીમર સુધીનું ૧૫૦ કિમીનું દરિયાઈ સાહસ અભિયાન સફળ

### ગુજરાત ટુરિઝમ અને સ્પોર્ટ્સ ઓથોરિટીના સહયોગથી યોજાયેલા મેગા ઈવેન્ટને જન-જન સુધી પહોંચાડવા બદલ અખબારો અને ડિજિટલ મીડિયાનો આભાર માન્યો


તસવીર: હર્ષ ઝીંઝુવાડિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિએશન દ્વારા આયોજિત ''સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬'' અંતર્ગત શ્ર સોમનાથ મહાદેવ મંદિરથી દેલવાડા (સીમર બીચ) સુધીનું ૧૫૦ કિલોમીટર લાંબુ ઓપન વોટર સી સ્વિમિંગ અને કાયકિંગ અભિયાન ભવ્ય સફળતા સાથે પૂર્ણ થયું છે. તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ સાહસિક અભિયાનને પ્રિન્ટ, ડિજિટલ અને સોશિયલ મીડિયા દ્વારા મળેલા બહોળા પ્રતિસાદ બદલ આયોજન સમિતિએ મીડિયા પ્રતિનિધિઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

આ અભિયાન માત્ર રમતગમત પૂરતું મર્યાદિત ન રહેતા રાષ્ટ્રભાવના, સ્વચ્છતા જાગૃતિ, આરોગ્ય અને વ્યસનમુક્તિના સામાજિક સંદેશ સાથે જોડવામાં આવ્યું હતું. સ્વિમિંગ ટીમમાં વેનેસા શુક્લા, પાર્થીવ મેઘાણી અને દિવ્યમ ચોટલિયા તેમજ કાયકિંગ ટીમમાં આર્યન જોશી, વેદાંત જોશી,

(અનુ. આઠમા પાને)

# ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસમાં 'મેગા જોબ ફેર' થકી આત્માનિર્ભર બનવાની સોનેરી તક

### એક જ દિવસે ૧૦૭થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓ આપશે નોકરીની તક

### ગ્રેજ્યુએટથી લઈ ગૃહિણીઓ સુધીના તમામ માટે રજીસ્ટ્રેશન તદ્દન નિ:શુલ્ક

**અબતક, રાજકોટ**

રાજકોટ ગુજરાતના યુવાનો માટે કારકિર્દીના દ્વાર ખોલતો રાજ્યનો સૌથી મોટો મેગા જોબ ફેર ૨૦૨૬ આગામી ૯ માર્ચના રોજ રાજકોટના ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ ખાતે યોજાવા જઈ રહ્યો છે. આ જોબ ફેરની ચોથી સીઝનમાં એક જ સ્થળે ૧૦૭થી વધુ નામાંકિત કંપનીઓ હાજર રહેશે, જે વિવિધ ક્ષેત્રના ઉમેદવારોને સ્થળ પર જ નોકરી મેળવવાની સુવર્ણ તક પૂરી પાડશે. આ આયોજનની વિશેષતા એ છે કે તેમાં માત્ર ફ્રેશર્સ જ નહીં, પરંતુ ડિપ્લોમા, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, પેરામેડિકલ અને નર્સિંગ જેવા વિવિધ અભ્યાસક્રમો ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ ઉપરાંત, પાર્ટ ટાઈમ કે ફુલ ટાઈમ નોકરી શોધતા વ્યક્તિઓ અને ગૃહિણીઓ માટે પણ આ પ્લેટફોર્મ ખુલ્લું રાખવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતની કોઈપણ કોલેજના વિદ્યાર્થીઓ આ મેળામાં જોડાઈ શકે છે. નોકરી ઈચ્છુક ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન સંપૂર્ણપણે મફત છે અને તેની અંતિમ તારીખ ૭ માર્ચ ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ આપેલ કોડ સ્કેન કરીને અથવા મોબાઈલ નંબર ૮૨૩૮૭૨૦૪૪૪ કે ૯૯૯૮૧૪૮૧૭૪ પર સંપર્ક કરીને વહેલી તકે નોંધણી કરાવી લેવી. પોતાની કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જવા ઈચ્છતા તમામ યુવાનો માટે આ એક શ્રેષ્ઠ અવસર સાબિત થશે.



# ગ્રેટર ચેમ્બરના સેમિનારમાં નવા ઈન્કમટેક્સ કાયદા અંગે અપાશે ''સમજણ''

### અબતકની મુલાકાતમાં ચેમ્બર,-સીએ એસો.ના આગેવાનોએ સેમિનારની વિગત આપી લાભ લેવા વેપારી, ઉદ્યોગપતિઓ, એકાઉન્ટન્ટને કરી અપીલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના વેપાર ઉદ્યોગ ના વિકાસ ઉત્કર્ષ માટે કાર્યરત ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા નવા ઈન્કમટેક્સના કાયદાની સમજણના બે દિવસ નાસેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે અબતકની મુલાકાતે આવેલા ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ ઝાલાવાડીયા, ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બાબરીયા, સેક્રેટરી મયુરભાઈ શાહ, સી એ એસોસિયેશનના સી.એ મૌલિકભાઈ બગડાઈ, ધવલભાઈ દેસાઈ, જયેશભાઈએકાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા અને ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા બે દિવસીય સેમિનારમાં નવા ઈન્કમટેક્સ કાયદાની સમજણ આપવામાં આવશે તા, ૭અને ૮માર્ચના રોજ'' ટેક્સ વિઝન એ સિરીઝ ઓફ ડીકોર્ડિંગ''અંતર્ગત નવા કાયદા અંગે સમજણ આપવામાં આવશે રાજકોટ ખાતે આઈ,સી,એ,આઈ ભવનગીરીરાજ નગર રૈયા રોડ ખાતે યોજાનારા બે દિવસિય સેમિનારમાં ઈન્કમટેક્ષનો કાયદો સને ૧૯૬૧થી લાગુ પાડવામાં આવેલ હતો. આ કાયદો તા. ૩૧-૩-૨૦૨૬ થી લાગુ પડશે નહી. પરંતુ તેને બદલે તા. ૧-૪-૨૬ થી લાગુ પડે તે રીતે એક સંપૂર્ણ નવો કાયદો ઈન્કમટેકસ એકટ-૨૦૨૫નો અમલ કરવામાં આવશે. આ



ઈન્કમટેકસનો નવો કાયદો અને નવા કાયદામાં કલમોમાં અને કેટલીક જોગવાઈઓમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ કાયદામાં આશરે ૫૦૦ જેટલી કલમો છે. પરંતુ આશ્ચર્યજનક રીતે યુનિયન બજેટ-૨૦૨૬ માં આ નવો કાયદો કે જેનો હજુ અમલ પણ નથી થયો તેમાં આશરે ૮૭ સુધારા કરવામાં આવેલા છે. આમ ઈન્કમટેકસનો નવો કાયદો અમલમાં આવ્યા પહેલા જ ગુંચવણો થવાનું શરુ થઈ ગયેલ છે. તા. ૧-૪-૨૬ થી આ ઈન્કમટેકસનો નવો કાયદો લાગુ પડે છે તેની સરળ ભાષામાં વિસ્તૃત સમજુતી આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમીનારમાં તા. ૭-૩ ને શનિવારે સેમીનારમાં જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ દિપક રીન્દાણી દ્વારા આવકવેરા અધિનિયમ ૨૦૨૫ ની ઝાંખી સાથે આવકનો ખ્યાલ, આવકવેરાનો ચાર્જ, કુલ આવકનો અવકાશ, આકારણી વર્ષ વિરુધ્ધ કર વર્ષ અને રદીકરણ અને બચત જેવા મહત્વના વિષયો અંગે છણાવટપૂર્વકની વકત્વય આપશે. આ સેમીનારમાં ભાગ લેવા માટે વ્યકિતદીઠ ફી રૂ. ૬૦૦/- છે.

તા. -૩-૨૬ ને રવિવારના રોજ ના અડધા દિવસના સેમીનારમાં જાણીતા ચાર્ટડ એકાઉન્ટન્ટ જયરાજ ધકાણ દ્વારા આવકવેરા કાયદા ૨૦૨૫ હેઠળ મુકિત આવક અને કપાત તથા કંપનીઓ પર કરવેરાના ભારણ વિશેની વિસ્તૃત સમજણ આપતા તબકકાવારના સેશન આપવામાં આવશે. જે દિવસે સેમીનારમાં ભાગ લેવા માટેની વ્યકિતદીટ ફિ. રૂ. ૩૦૦/- (+૧૮ ટકા જીએસટી) છે.

આ મહત્વપૂર્ણ અને આવકવેરા કાયદાની સચોટ સમજણ પુરી પાડતા સેમીનારમાં તજજ્ઞ વકતાઓના જ્ઞાનનો લાભ લેવા માટે https://rajkot-icai-org/members/forthcoming-events લીંક દ્વારા રજીસ્ટ્રેશન કરાવી લેવું ફરજીયાત છે. લીંક મારફત આપનું રજીસ્ટ્રેશન શકય ન બને તો મો. નં. ૯૦૮૧૭ ૯૦૪૧૦ ઉપર સંપક કરવા જણાવાયું છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા ના સંયુક્ત ઉપક્રમે યોજાનારા સેમિનારમાં એક એપ્રિલ ૨૬ થી ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ ની જગ્યાએ નવો ઈન્કમટેક્સ ૨૦૨૫ નો અમલ શરૂ થશે ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ અને ૨૦૨૫ ની સરખામણી અને તેમાં સુધારા વધારા માટે નિષ્ણાત તજજ્ઞ માર્ગદર્શન આપશે ટેક્સ વિઝન એ સિરીઝ ઓફ ડીકોડિંગ ધ ન્યુ ઈન્કમટેક્સ એક્ટ ૧ ૨૦૨૫ ના માહિતી સભર આ સેમિનારમાં નિષ્ણાત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે આ સેમિનાર નો અવશ્યપણે લાભ લેવા વેપારી ઉદ્યોગપતિઓ અને ટેક્સ કન્સલ્ટન્ટ ની સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ને અનુરોધ કરવામાં આવ્યું છે

# ધૂળેટીની પૂર્વ રાત્રિએ મેટોડામાં કાળમુખા ટ્રકે અકસ્માત સર્જતા ચાર લોકોના મોત

## મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે ગીર સોમનાથના ટ્રકચાલકે હડફેટે લેતા રીક્ષાનો કચ્ચરઘાણ: ચોટીલા પંથકના બંધુઓ સહિત ત્રણ મુસાફરો અને ચાલક કાળનો કોળિયો બની ગયા


## ગમખ્વાર અકસ્માતને પગલે એસપી વિજયસિંહ ગુર્જર દોડી ગયા: ઉનાના ટ્રક ચાલક સામે ગુનો નોંધાયો


**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે કાલાવડ રોડ પર આવેલ મેટોડા જીઆઈડીસીમાં ધૂળેટીની પૂર્વ રાત્રિએ ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર લોકોના મોત થયાં હતા. જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે પૂરપાટ ઝડપે ધસી આવેલા ટ્રકે રીક્ષાને હડફેટે લઈ તેનો કચ્ચરઘાણ બોલાવી દીધો હતો. આ અકસ્માતમાં રીક્ષાચાલક તથા તેમા મુસાફર તરીકે બેઠેલા મેટોડામાં રહેતા બે સગા ભાઈઓ સહિત ચારના કમકમાટીભર્યા મોત થયા હતાં. અકસ્માતના બનાવને લઈ ખુદ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર પણ બનાવસ્થળે દોડી ગયા હતાં. અકસ્માતની આ ઘટના અંગે કોળી બંધુના પિતાની ફરિયાદ પરથી મેટોડા પોલીસે ગીરસોમનાથના એલમપુર ગામના ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, કાલાવડ રોડ હાઈવે પર આવેલ મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર ૩માં આવેલ યુનિવર્સલ ટેકનોકાસ્ટ નામના કારખાના નજીક રાત્રિના ૧૦ વાગ્યા આસપાસ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં

જીજે૦૩.બીવાય.૮૮૮૯ નંબરના ટ્રકે રિક્ષાને અડફેટે લેતા જીજે.૦૩.બીએક્સ.૫૬૫૬ નંબરની રિક્ષાનો બુકડો બોલી ગયો હતો.ઓટો રિક્ષામાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક મળી કુલ ૩ મુસાફરો બેઠા હતા જે તમામ અને રિક્ષા ચાલક મળી કુલ ચાર લોકોના આ અકસ્માતમાં મોત નિપજ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઓટો રિક્ષા શ્રીરામ હોસ્પિટલ પાસેથી પસાર થઈ ગેઈટ નંબર ૩માં જતી હતી દરમિયાન અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.





પોલીસની તપાસમાં સુનિલ અશ્વિનભાઈ વરાણીયા (ઉ.વ.૨૮) જે પોતે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલા મચ્છીનગર વિસ્તારમાં જ રહેતો હોવાનું અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું સામે આવ્યું છે. મૃતક રિક્ષા ચાલક એક બેન ત્રણ ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં બે દીકરી હોવાનું સામે આવ્યું છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

આ અકસ્માતમાં બે સગા ભાઈઓ અને એક શ્રમિક કે જેઓ રિક્ષામાં મુસાફર તરીકે બેઠા હતા તેમના પણ મોત નિપજ્યા છે જેમાં વિશાલ સવસીભાઈ ગાંગડિયા અને વિજય સવસીભાઈ ગાંગડિયાનો સમાવેશ થાય છે.જેઓ પણ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં જ આવેલ રોટરી ક્લ્બ નજીક રહેતા હોવાનું સામે આવ્યું હતું. મૂળ તેઓ સુરેન્દ્રનગરના વતની હતા અને અહીંયા પેઈન્ટર તરીકે મેટોડા અને આસપાસમાં પેઈન્ટિંગ કામ કરતા હતા. આ ઉપરાંત અકસ્માતમાં મૃત્યુ પામેલ અન્ય એક શ્રમિકની ઓળખ જે તે સમયે થઈ ન હતી. બાદમાં તેની ઓળખ પણ થઈ ગઈ હતી. જેનું નામ અતુલ કલ્યાણ સહેરીયા (ઉ.વ.૩૦ રહે- હાલ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા જી.રાજકોટ મુળ રહે- રાજપુરગામ, તા.શહાબાડ જી.બારા,રાજસ્થાન) હોવાનુ માલુમ પડ્યું હતું.

બનાવ અંગેની જાણ થતા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર,ડીવાયએસપી કે.જી. ઝાલા સહિત મેટોડા પોલીસ તેમજ એલસીબી ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અકસ્માતની આ ઘટના અંગે મૃતક કોળી બંધુના પિતા શીવાભાઈ લીંબાભાઈ ગાંગડીયા(ઉ.વ.૫૨ રહે. મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ રોટરી કલબ કવાર્ટસ-૩૪ મૂળ ગારીડા તા. ચોટીલા) ની ફરિયાદ પરથી ટ્રક ચાલક બંસીભારથી બટુકભારથી ગૌસ્વામી(ઉ.વ. ૩૧ રહે. એલમપુર તા. ઉના)ની સામે ગુનો નોંધી નાસી ગયેલા ટ્રકચાલકને ગણતરીની કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**અકસ્માતના હતભાગીઓ**

(૧) વિશાલભાઈ શીવાભાઈ ગાંગડીયા(ઉ.વ-૨૫, રહે-મેટોડા જી.આઈ.ડી.સી ગેઈટ નં-૦૩ અંદર રોટરી કલબ કવાટર્સ નં-૩૪ તા-લોધીકા જી-રાજકોટ મુળ રહે-ગારીડા તા-ચોટીલા)
(૨) સાગરભાઈ ઉર્ફે વિજય શીવાભાઈ ગાંગડીયા (ઉ.વ-૨૫, રહે-મેટોડા જી.આઈ.ડી.સી ગેઈટ નં-૦૩ અંદર રોટરી કલબ કવાટર્સ નં-૩૪ તા-લોધીકા જી-રાજકોટ મુળ રહે-ગારીડા તા-ચોટીલા)
(૩) સુનિલભાઈ અશ્વીનભાઈ વરાણીયા(ઉ.વ.૨૭ રહે-મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા)
(૪) અતુલ કલ્યાણ સહેરીયા (ઉ.વ.૩૦ રહે- હાલ મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર ૦૩, અંધેરી સોસાયટી તા.લોધીકા જી.રાજકોટ મુળ રહે-રાજપુરગામ, તા.શહાબાડ જી.બારા,રાજસ્થાન)

# ઈમ્પિરિયલ હાઈટ્સ નજીક રહેતા ભરત ગજેરા સાથે રૂ.૫૫.૪૬ લાખની ચાંદીની ઠગાઈ

## નવાગામમાં કારખાનું ધરાવતા વેપારી સાથે સોરઠીયાવાડીમાં રહેતા શખસે વ્યાપારિક સંબંધો કેળવી ચાંદીના દાગીના લઈ ગયો'તો: થોડા દાગીના પરત આપ્યા બાદ ધુંબો મારી દીધો

**અબતક,રાજકોટ**

ઈમ્પીરીયલ હાઈટની સામે ઋષિકેશ એકઝોટીકામાં રહેતા અને નવાગામ આણંદપરમાં બી.ડી.ગેજેરા નામે ચાંદી કામનું કારખાનુ ધરાવનાર વેપારી સાથે સોરઠીયાવાડી સર્કલ પાસે રહેતા શખસે વ્યપારીક સંબંધો કેળવી ટ્રેડીંગ માટે તેમની પાસેથી ચાંદી લઈ ગયો હતો. બાદમાં ચાંદી પરત ન આપી કુલ રૂ.૫૫.૪૬ લાખની રકમનો વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે વેપારીએ કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના ૧૫૦ ફૂટ રીંગરોડ પર ઈમ્પીરીયલ હાઈટની સામે ઋષિકેશ એક્ઝોટીકા રહેતા વેપારી ભરતભાઈ દિનેશભાઈ ગજેરા(ઉ.વ. ૪૫) દ્વારા કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે સંજય બારોટ(રહે. મેહુલનગર શેરી નં.૧૦- બી સોરઠીયાવાડી સર્કલ પાસે,રાજકોટ) નું નામ આપ્યું છે.

વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતૂં કે, તે નવાગામ આણંદપર ખાતે સાગર ઈન્ડ્રસ્ટ્રીયલ ઝોનમા બી.ડી.ગેજેરા નામે બે વર્ષથી ચાંદીનુ કારખાનુ ધરાવી વેપાર ધંધો કરે છે. આજથી આઠેક મહિના પહેલા કારખાનેદારને ચાંદીકામના કારખાનામા કારીગરોની જરૂર હોય જેથી અહીં કામ કરતા કારીગર નીરજભાઈ બંગાળીના પરિચિત સંજયભાઈ બારોટ જે આ કારીગરો સપ્લાયનુ કામ કરતા હોય આજથી આઠેર મહિના પહેલા નિરજભાઈ બંગાળીએ તેમના જાણીતા સંજયભાઈ બારોટને કારખાનામાં બોલાવી તેમની ઓળખાણ કરાવી હતી ફરિયાદીને નિરજભાઈએ જણાવ્યું હતું કે, હવે આ લેબર પુરા પાડવાનુ કામ આ સંજયભાઈ બારોટ સંભાળશે તેમ વાત કરતા ફરિયાદીએ આ આ કામ આપવાની હા પાડતા સંજયભાઈએ એકાદ અઠવાડીયા બાદ કારખાનામા લેબર પુરા પાડવાનુ કામ સંભાળી લીધુ હતુ. જેનું મુખ્ય કામ કારખાનામાં કામ કરતા માણસોને જે કાચું ચાંદી આપવામાં આવે તેમા લેબર દ્વારા આ સંજયભાઈ ચાંદીના દાગીના બનાવડાવી તેમાં ફાઈલીંગ તથા બફકામ કરાવી ફરિયાદીને તૈયાર દાગીના જમા કરાવતા જે દાગીનામાં ફરિયાદી પેકીંગ કરી ઓલ ઈન્ડીયામાં માર્કેટીંગ કરી સેલીંગ કરતા હતા.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, જુન-૨૦૨૫ મહિનામાં આશરે ૧૦૦ કિલો જેટલો ચાંદીનો કાચો માલ સંજયભાઈને આપ્યો હતો. તેમા આ સંજયભાઈએ લેબર દ્વારા ફાઈલીંગ તથા બફકામ કરાવી પુરેપુરો માલ જમા આપેલ હતો આમ રેગ્યુલર તેઓ આ રીતે કામ કરી આપતા હતાં. આરોપીએ થોડા દિવસો પછી કહ્યું હતું કે, મારે તમારા દ્વારા તૈયાર થતા માલના (ચાંદીના દાગીના) ટ્રેડીંગનું કામ સંભાળવું છે જેથી ફરિયાદીએ તેમના ઉપર વિશ્વાસ રાખી ગત જુન મહિનામાં તેઓને કટકે કટકે ૩૪ કિલો જેટલો તૈયાર ચાંદીના દાગીનાનો માલ આપેલ હતો જે માલ તે કારાખાનેથી ઘરે લઈ જઈ માર્કેટમાં વેચાણ કરતા હતા જેનું બે ચાર દિવસમાં પેમેન્ટ કલીયર કરી રોકડ રૂપે આપતા હતા આ રીતે આ સંજયભાઈ બારોટએ ફરિયાદી સાથે વ્યાપારી સબંધો કેળવ્યા હતા.

બાદમાં તા. ૧૫/૧૧/૨૫ ના રોજ ચાંદીના દાગીના વજન ૩ કિલો ૧૨૧ ગ્રામ જેની કુલ મજુરીકામ સહિતના કુલ કિ.રૂ.૫,૯૦, ૮૩૭ નો માલ લીધેલ બાદ તા.૧૭/૧૧/૨૦૨૫ નારોજ ચાંદીના દાગીના વજન ૧ કિલો ૫૧૯ ગ્રામ જેની કુલ મજુરીકામ સહિતની કુલ કિ.રૂ.૧૧,૪૨,૦૫૨ નો માલ લીધેલ ત્યારબાદ તા.૧૯/૧૧/૨૦૨૫ નારોજ ચાંદીના દાગીના વજન ૧૪ કિલો ૩૨૩ ગ્રામ જેની કુલ મજુરીકામ સહિતની કુલ કિ.રૂ. ૨૬,૬૫,૯૧૫ નો માલ લીધેલ, ત્યાર બાદ તા.૨૪/૧૧/૨૦ ૨૫ નારોજ ચાંદીના દાગીના વજન ૧૪ કિલો ૧૧૮ ગ્રામ જેની કુલ મજુરીકામ સહિતની કુલ કિ.રૂ.૨૭,૬૭,૭૩૬ નો માલ લીધેલ આમ તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધીમાં વેપારીએ આ સંજયભાઈને કટકે કટકે આશરે ૩૮ કિલો ૧૩૧ ગ્રામ ૯૨.૫ ટચના તથા ૭૦ ટચના તૈયાર ચાંદીના દાગીના જેના કુલ રૂ.૭૧,૬૬,૫૪૦ ના ચાંદીના દાગીના વેચાણ કરવા માટે આપ્યા હતાં. જેમાથી સંજયભાઈએ દાગીના વેચી વેપારીને તા.૧૯/૧૧/૨૫ થી તા.૨૨/૧૨/૨૫ સુધીમા કટકે કટકે રૂ. ૧૬,૨૦,૦૦૦ રોકડા આપ્યા હતા.

બાદમાં બાકી રહેતી રકમ રૂ.૫૫,૪૬,૫૪૦ રૂપિયા વેપારીને લેવાના નીકળતા હોય તેમ છતા આ સંજયભાઈ બીજો તૈયાર માલ માગતા હોય જેથી વેપારીએ તેઓને વધુ માલ ન આપી બાકી રહેતા રૂપિયા પહેલા આપવાનું જણાવતા આ સંજયે સરખો જવાબ આપતા ન હોય અને વ્યાપારી સંબંધો કેળવી સમય પસાર કરી રૂપિયા આપવા માંગતા ન હોય જેથી અંતે વેપારીએ સંજય બારોટ સામે આ ફરિયાદ નોંધાવી હતી. કુવાડવા પોલીસે આરોપી સામે વિશ્વાસઘાતની કલમ બીએનએસ ૩૧૬(૫) હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.


# કાલાવડ રોડ પરથી રૂ.૬.૫૦ લાખના અફીણ સાથે ચાંદલી ગામની બેલડી ઝબ્બે

## એમપીના મજુર પાસેથી ૧૩૦૦ ગ્રામ અફીણ મંગાવી ગ્રાહકની શોધમાં રહેલા પરેશ ગોલતર અને અંકુર રામાણીની ધરપકડ, રૂ.૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે: પ્રકાશની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસઓજીની ટીમે કાલાવડ રોડ પર એમટીવી રિસોર્ટ નજીક દરોડો પાડી ચાંદલી ગામના બે શખ્સોની રૂ. ૬.૫૦ લાખના અફીણ સાથે ધરપકડ કરી હતી. જ્યારે એમપી ખાતેથી અફીણનો જથ્થો લાવી બંને શખ્સોને આપનાર શ્રમિકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોની હેરાફેરી અને વેપલો કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શહેર એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી વી ધ્રાંગુની રાહબરી હેઠળ ટીમ પ્રયત્નશીલ હતી. દરમિયાન એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને મળેલી બાતમીના આધારે કાલાવડ રોડ પર મોટલ ધ વિલેજ રિસોર્ટ નજીક પાસેથી રૂ.૬.૫૦ લાખની કિંમતના ૧૩૦૦ ગ્રામ અફીણ સાથે પરેશ માંડાભાઈ ગોલતર (ઉવ ૨૪ રહે. ગૌશાળા પાછળ, ચાંદલી ગામ, લોધિકા, રાજકોટ) અને અંકુર ધીરજભાઈ રામાણી (ઉવ ૨૮ રહે. ખોડીયાર મંદિર પાસે, ચાંદલી ગામ, લોધિકા, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી. ઝડપાયેલા બંને શખ્સોની પૂછપરછમાં તેમણે કેફિયત આપી હતી કે, તેમણે ચાંદલી ગામ ખાતે છેલ્લા ૧૫ વર્ષથી વાડી વિસ્તારમાં રહી ખેત મજૂરી કરતા પ્રકાશ નામના શખ્સ પાસેથી અફીણનો જથ્થો મેળવ્યો હતો અને હાલ તેઓ ગ્રાહકની શોધમાં જ રાજકોટ આવ્યા હતા પરંતુ તેઓ અફીણનો વેપલો કરે તે પૂર્વે જ એસઓજીની ટીમે બંનેને દબોચી લીધા હતા અને અફીણ, એક્ટિવા સ્કૂટર અને મોબાઈલ મળી કુલ રૂ. ૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ પોલિસેં અફીણનો સપ્લાયર એમપીના પ્રકાશની શોધખોળ શરૂ રાખી છે. ઉલ્લેખનીય છે કે, પોલિસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ શહેરી વિસ્તારમાંથી છેલ્લા ૧૦ વર્ષમાં પ્રથમવાર અફીણનો જથ્થો ઝડપાયો છે. આ કામગીરી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ વી વી ધ્રાંગુ, એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, ફિરોજભાઈ રાઠોડ, અરૂણભાઈ બાંભણિયા વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ મૌલિકભાઈ સાવલિયા, દિગ્વિજયસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, મહિલા કોન્સ્ટેબલ મુનાબેન બુસા અને ડ્રાઈવર કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા, નિર્મળસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.



**રાજકોટ શહેર એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને પીએસઆઈ વી વી ધ્રાંગુ ટીમનો દરોડો: એએસઆઈ ઈન્દુભા જાડેજા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની બાતમી**

# કોઠારિયા રોડ પર યુવતીની 'હનીટ્રેપ' જેવી ધમકીથી કંટાળી યુવકે ઝેરી દવા ગટગટાવી

## કારખાનામાં કામે આવેલી યુવતીએ પૈસા નહીં આપે તો છેડતીના કેસમાં ફસાવી દઈશ તેમ કહેતા આ પગલું ભર્યા હોવાનું સામે આવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારિયા રોડ પર કોરાટ ચોક પાસે ગઈકાલે સવારે યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. યુવતી દ્વારા છેડતીના કેસમાં ફસાવી દેવાની ધમકી અપાતી હોવાથી ટેન્શનમાં આવી આ પગલું ભર્યુ હોવાનું યુવકે પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ મવડી પ્લોટ, વિશ્વનગર-૭ માં રહેતા અને માં ખોડલ નામનું કારખાનું ચલાવતા કલ્પેશભાઈ જેન્તીભાઈ રૂપારેલીયા (ઉ.વ. ૩૨) એ ગઈકાલે સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ કોરાટ ચોક પાસે ઝેરી દવા પી લીધી હતી. હાલત લથડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના બિછાનેથી કલ્પેશભાઈએ જણાવ્યું હતું કે, તેમના કારખાનામાં એક મહિના અગાઉ એક છોકરી કામે આવી હતી. આ યુવતીએ કલ્પેશભાઈ પાસે રૂપિયાની માંગણી કરી હતી અને ધમકી આપી હતી કે, જો મને પૈસા નહીં આપ તો હું તારા પર છેડતીનો ખોટો કેસ કરી દઈશ. આ બ્લેકમેલિંગ અને બદનામીના ડરથી સતત માનસિક તણાવમાં રહેતા કલ્પેશભાઈએ આખરે ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે કલ્પેશભાઈ પરિવારમાં એક ભાઈ અને એક બહેનમાં નાના છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. પોલીસે કલ્પેશભાઈનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જય જવાન જય કિશાન વિસ્તારમાં કલર ઉડાડવા બાબતે ઝઘડો થતા યુવક પર પાડોશીનો હુમલો

## ધૂળેટીના દિવસે ઘર પાસે કલર ઉડાડવાની ના પાડતા પાડોશી શખ્સોએ યુવક પર પાઈપ વડે હુમલો કર્યો, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

શહેરના જય જવાન જય કિશાન વિસ્તારમાં ધૂળેટીના પર્વે ઘર પાસે કલર ઉડાડવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં પાડોશમાં રહેતા શખ્સોએ યુવક પર પાઈપ વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જય જવાન જય કિશાન સોસાયટી શેરી નંબર-૫માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા વિજયભાઈ રમેશભાઈ મજેઠિયા (ઉં.વ. ૩૨) ના ઘર પાસે ગઈકાલે ધૂળેટીના દિવસે પાડોશમાં રહેતા નયન, મહેશ અને અન્ય શખ્સો કલર ઉડાડી રહ્યા હતા. કલર ઘર પાસે ઉડતો હોવાથી વિજયભાઈના માતા અને પત્નીએ તેમને કલર ઉડાડવાની ના પાડતા નયન અને તેની સાથેના શખ્સોએ મહિલાઓ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. જ્યારે વિજયભાઈએ તેમને ગાળો આપવાની ના પાડી ત્યારે મામલો ઉગ્ર બન્યો હતો. ઉશ્કેરાયેલા શખ્સોએ પાઈપ વડે વિજયભાઈ પર હુમલો કરી દીધો હતો, જેમાં તેમને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્ત વિજયભાઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ ચોકી દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે હોસ્પિટલ પહોંચી વિજયભાઈનું નિવેદન નોંધ્યું છે. આ હુમલા અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**MS બોન્ડસ ને બદલે ગેલ્વેનાઈઝ્ડ બોન્ડસની જોગવાઈ**

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૦૨૫-૨૦૨૬/૩૧

તારીખ : ૦૨.૦૩.૨૦૨૬

**કામનું નામ:** રાજકોટ ડિવિઝન હેઠળ વિવિધ સ્થળો એ MS બોન્ડસ ને બદલે ગેલ્વેનાઈઝ્ડ બોન્ડસની જોગવાઈ **અંદાજીત પડતર:** ₹ ૪૪,૪૧,૩૬૫.૦૦/- **અર્નેસ્ટ મની:** IREPS મુજબ **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તા.૨૩-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-206

અમને ફોલો કરો: X x.com/WesternRly


**-:: જાહેર નોટીસ ::-**


આથી હું નીચે સહી કરનાર આઈશાબેન હાસમભાઈ લાખાણી ઉ.વ.૭૯ રહે. જુમ્મા મસ્જીદ પાસે, હવેલી શેરી મુ.કોટડા સાંગાણી તા.કોટડા સાંગાણી જી.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારા પુત્ર મીઠુભાઈનો જન્મ ૦૧/૦૬/૧૮૭૦ જન્મસ્થળ: મુ.કોટડાસાંગાણી તા.કોટડાસાંગાણી જી.રાજકોટ મુકામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે મીઠુભાઈના જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ જન્મ/મરણ નોંધણી અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે મામલદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ દાદ મળવા અરજદાર/એડવોકેટ આર.પી.જોશી મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખિત આધાર પુરાવા સાથે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**સ્થળ:** કોટડાસાંગાણી — **આઈશાબેન હાસમભાઈ લાખાણી**
**તારીખ:** ૦૪/૦૩/૨૦૨૬ — અરજદારની સહી

અમારા મારફત :- આર.પી.જોશી, એડવોકેટ
મેઈન બઝાર, મુ.કોટડાસાંગાણી તા.કોસાં. જી.રાજકોટ
મો.નં.૯૮૨૪૨ ૬૦૪૦૩

**દુ:ખદ અવસાન/ બેસણું - ધોરાજી**



**સ્વ. ધીરજલાલ નાથાભાઈ બાલધા**

સ્વ.તા. ૨૪-૦૨-૨૦૨૬, મંગળવાર
ફાગણ સુદ આઠમ (ઉ.વ. ૯૨)
(મુંબઈ)

મુંબઈ નિવાસી સ્વ. નાથાલાલ ગોકળભાઈ બાલધા ના સુપુત્ર તથા શ્રી લેઉવા પટેલ કેળવણી મંડળના સાંસ્કૃતિક ભુવન વિભાગ-૩ ના સંપૂર્ણ બાંધકામના દાતા **ધીરજલાલ નાથાભાઈ બાલધા (ઉ.વ. ૯૨)** નું તા. ૨૪-૦૨-૨૦૨૬ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

**સદ્‌ગતનું બેસણું : તારીખ ૦૬-૦૩-૨૦૨૬ને શુક્રવારના રોજ સમય બપોરે ૪ થી ૬ કલાકે, લેઉવા પટેલ સાંસ્કૃતિક ભુવન વિભાગ-૩, કુંભારવાડા, ભુખી રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.**

લી.
ગં.સ્વ. મંજુલાબેન ધીરજલાલ બાલધા (પત્ની, હાલ મુંબઈ)
સ્વ. શીતુલ ધીરજલાલ બાલધા (સ્વ. પુત્ર)
નેપાલીબેન શીતુલભાઈ બાલધા (પુત્રવધુ, હાલ મુંબઈ)
ડૉ. હર્ષદ નાથાલાલ બાલધા (ભાઈ, હાલ અમેરિકા)
ડૉ. પારૂલાબેન જેંતીલાલ પટેલ (બહેન, હાલ રાજકોટ)

**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ નોંધણી અરજી નં.૨૦/૨૦૨૬
શ્રી હાજીભાઈ રજાકભાઈ પરીયાણી
રહે.ખોજા વાડી, બોટાદ
જી.બોટાદ ..........અરજદાર

વિરૂધ્ધ

જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ભડલી
તા.વિંછીયા ..............સામાવાળા

**વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે, કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પોતે હાજીભાઈ રજાકભાઈ પરીયાણીનો જન્મ તા.૧૦/૦૪/૧૯૮૫ ના રોજ વિંછીયા તાલુકાના ભડલી ગામે થતાં તેમના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેમના જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં લેખીતમાં વાંધો રજુ કરવો. આ કામે અત્રેની કોર્ટ સમક્ષ મુદ્દત આગામી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરેના ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું. લેખિતમાં વાંધો રજુ ન થયેથી, વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિદ્ધિ કરાવી દૈનિક પત્રની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તા.૨૪/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો મુદ્રા કરી આપી.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ વિંછીયા

તંત્રી લેખ

# ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દબાવીને વિશ્વ આખાને ભરડામાં લઈ લીધું

વિશ્વના નકશા પર એક નાનકડી પરંતુ અત્યંત મહત્વપૂર્ણ જળસંધિ – સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, આજે વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રનું એપીસેન્ટર બની ગઈ છે. ઈરાન દ્વારા આ માર્ગ પર નિયંત્રણ લાદવાની અથવા તેને દબાવવાની હિલચાલને કારણે આખી દુનિયા જાણે કે આર્થિક ભરડામાં આવી ગઈ છે. આ એક એવું વ્યૂહાત્મક પગલું છે જેણે દુનિયાના શક્તિશાળી દેશોની ઊંઘ હરામ કરી દીધી છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેઈનની જીવાદોરી સમાન છે. દુનિયાભરના કુલ તેલ વપરાશનો લગભગ ૨૦ થી ૩૦ ટકા હિસ્સો અને મોટા પ્રમાણમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ આ જ સાંકડા જળમાર્ગમાંથી પસાર થાય છે. તેથી, આ માર્ગ પરનો કોઈપણ અવરોધ કે તંગદિલી સીધી રીતે વૈશ્વિક ઊર્જા બજારની નસ દબાવવા સમાન છે, જેની અસર રાતોરાત આખી દુનિયા પર પડે છે.

ઈરાનના આ કડક વલણના પરિણામે પેટ્રોલિયમ અને ગેસના પુરવઠામાં ભારે અછત ઊભી થવાની શરૂઆત થઈ ગઈ છે. ક્રૂડ ઓઈલના ભાવો આસમાને પહોંચી રહ્યા છે અને યુરોપથી લઈને એશિયા સુધીના દેશો ઊર્જા સંકટના ડરથી ફફડી રહ્યા છે. જો આ સ્થિતિ લાંબી ચાલે તો રોજબરોજની ઔદ્યોગિક અને પરિવહન ગતિવિધિઓ પર બ્રેક લાગવાની અને અર્થતંત્ર થંભી જવાની સ્થિતિ નિર્માણ પામી શકે છે.

આ ઊર્જા સંકટની સીધી અને સૌથી ભયાનક અસર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે. મોંઘવારીનો દર જે માંડ કાબૂમાં આવવાની શરૂઆત થઈ હતી, તે ફરી એકવાર બેકાબૂ બનવાની ભીતિ છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધવાથી જીવનજરૂરી ચીજવસ્તુઓના પરિવહન ખર્ચમાં ઉછાળો આવશે, જે સામાન્ય માણસની કમર તોડી નાખશે અને મંદીનો નવો દોર શરૂ કરી શકે છે.

આ ગંભીર આર્થિક પરિણામોને જોતા હવે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય સમીકરણો ખૂબ ઝડપથી બદલાઈ રહ્યા છે. અગાઉ ઈરાન સામે કડક પગલાં લેવાની હિમાયત કરતા અમેરિકા અને યુરોપિયન દેશોના વલણમાં હવે ધીમે ધીમે નરમાશ જોવા મળી રહી છે. દુનિયાને સમજાઈ ગયું છે કે આ મુદ્દે અહંકાર અને યુદ્ધનો રસ્તો અપનાવવો એ માત્ર વિનાશ તરફ લઈ જશે અને કોઈને પરવડશે નહીં.

બીજી તરફ, ઈરાને આ વ્યૂહાત્મક પગલાં દ્વારા પોતાની તાકાતનો પરચો આખી દુનિયાને આપ્યો છે. વર્ષોથી આર્થિક પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય દબાણનો સામનો કરી રહેલા ઈરાને સાબિત કર્યું છે કે તેની પાસે વૈશ્વિક અર્થતંત્રને બાનમાં લેવાની ચાવી છે. આ એક જ પગલાં દ્વારા ઈરાન પોતાની શરતો મનાવવા અને પ્રતિબંધોમાં રાહત મેળવવા માટે એક અત્યંત મજબૂત સ્થિતિમાં આવી ગયું છે.

# બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ઉમેદવાર જીતેન્દ્ર પારેખને વકીલોનું જોરદાર સમર્થન

## પ્રતિનિધિત્વ કરવાની તક મળશે તો બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તમામ જિલ્લા મથકે અને ઈ-લાયબ્રેરી તમામ તાલુકા બાર અદ્યતન સેન્ટર બનાવવાનો કોલ




તસવીરઃ હર્ષ ઝીંઝુવાડિયા

**અબતક,રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા ની ચૂંટણીમાં યુવા ધારાશાસ્ત્રી જીતેન્દ્ર પારેખએ ઉમેદવારી નોંધાવી છે જીતુભાઈ પારેખ બારમાં ચાર વખત કારોબારી પદે , ટ્રેઝરર , જોઈન્ટ સેક્રેટરી તરીકે કામગીરી કરેલ છે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની વર્ષ-૨૦૨૬ ની ચૂંટણીનુ જીતેન્દ્રભાઈ પારેખે "અબતક મીડિયા "હાઉસની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે જીતેન્દ્રભાઈ પારેખે જણાવ્યું હતું કે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં પ્રતિનિધિત્વ કરવાની જો તક મળશે તો બાર કાઉન્સીલ ઓફ ગુજરાત તમારા જિલ્લા મથકે અનેઈ-લાયબ્રેરી તમામ તાલુકા બાર અદ્યતન સેન્ટર બનાવવા જિલ્લા લેવલે મેમ્બરનુ એસોસિએશનમાં કાયમી સ્થાન , નાન કોઈ પ્રશ્નો મેમ્બર દ્વારા સ્થળ પર નિકાલ. વેલ્ફેર સ્કીમનો લાભ,મેડીકલ સહાયત બિલો તાત્કાલીક મંજુર કરાવવા , પાસ થયેલ વિદ્યાર્થીઓને સનદ ઈસ્યુ કરવા, એડવોકેટ પ્રોટેકશન એકટનો તાત્કાલીક અમલ કરવા અંગે વકીલોના જયુડી. સીસ્ટમને લગતા તથા અન્ય પ્રશ્નોનો તાત્કાલીક નિકાલ કરવા અંગે ,નવા વકીલઓ માટે એકઝામ તથા કલાસીસ અંગે દરેક એસોસિએશન દ્વારા વ્યવસ્થા કરવા અંગે ,ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા યુવા વકીલો માટે જાહેર કરેલ સ્કીમનો દરેકને લાભ મળવા અંગે, વકીલને મેડીકલ સુરક્ષા માટે મારફત યોગ્ય વ્યવસ્થા કરવા અંગે અને રાજકોટને હાઈકોર્ટ બેચ મળે તે માટે સક્રિય લડત કરવાની વકીલોને આહવાન કર્યું છે. તો આવનારી તારીખ ૬ માર્ચને ગુરૂવારના રોજ યોજનાર મતદાનમાં અગ્રતાક્રમે મત આપી અને અપાવી જંગી બહુમતીથી વિજયી બનાવવા સિનિયર જુનિયર અને મહિલા વકીલોને વિજય બનાવવા માટે અપીલ કરવામાં આવી છે. આ તકે એડવોકેટ રવિભાઈ પરમાર પ્રકાશભાઈ ચાવડા મગનલાલ જમનાબેન વાઘેલા ભૂમિબેન રાજાવાઢ ઉપસ્થિત રહ્યા હતા

**"અબતક મીડિયા"હાઉસની શુભેચ્છા મુલાકાત દરમિયાન વકીલોને પડતી મુશ્કેલીનો ઝડપી નિવારણ કરવાની ખાતરી**

# વીવીપી ઈજનેરી કોલેજના ગ્રંથાલય દ્વારા વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી



**અબતક, રાજકોટ**

વી.વી.પી. ઈજનેરી કોલેજ ગ્રંથાલય દ્વારા ૨૧મી ફેબ્રુઆરી એટલે કે, વિશ્વ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ સાંપ્રત સમયને ધ્યાને લઈ માતૃભાષાને સંવર્ધન કરતા પુસ્તકોનુ પૂજન, માતૃભાષા બચાવો સંકલ્પ તથા માતૃભાષાને લગતા વ્યાકરણ, સાહિત્ય, સંસ્કૃતિના પ્રશ્નોની પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવે તમામ વિભાગીય વડાઓ, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ હાજર રહેલ હતા.

વધુમાં આ કાર્યક્રમોને નેશનલ ડીજીટલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયાના માધ્યમ સાથે પણ જોડવામાં આવેલ હતા. આ પ્રસંગે ખાસ આશીર્વચન માટે ઉપસ્થિત રહેલ વીવીપીના ટ્રસ્ટી ડો.નરેન્દ્રભાઈ દવેએ જણાવેલ કે, માતૃભાષા આપણા રોજબરોજના વ્યવહારમાં હોવી જોઈએ. તેનું જતન કરીશું તો જ સંસ્કૃતિ ટકશે. અંગ્રેજીનો વિરોધ નથી પરંતુ માતૃભાષાનું જતન અનિવાર્ય છે.

# નેશનલ એવોર્ડ વિજેતા સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓને મેયરે આપી શૂભકામના



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલ દ્વારા રાજ્યપાલ રાજ્ય પુરસ્કાર એવોર્ડ તેમજ રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર સ્કાઉટ ગાઈડને લખનૌ ખાતે નેશનલ એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરાયા હતા. મહાત્મા ગાંધી સ્કુલના કુલ-૨૦ બાળકો સાથે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ તકે મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, રાજકોટ જિલ્લા સ્કાઉટ કમિશનર ભરતસિંહ પરમાર, મહાત્મા ગાંધી સ્કુલના સ્કાઉટ માસ્ટર યશભાઈ સ્વાદીયા, મહાત્મા ગાંધી સ્કુલના નિયામક રાજુભાઈ પરીખ સાહેબ તેમજ આચાર્ય જીમિતભાઈ પરીખ સાહેબ તથા તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુવા ધારાશાસ્ત્રી અજય રાઠોડનો જન્મદિવસ



યુવા ધારાશાસ્ત્રી અજય જે. રાઠોડનો આજે જન્મ દિવસ છે. મુળ સાતડા (ભૈરવધામ) ગામના વતની અને હાલ રહે. રાજકોટવાળા તેમને તેમના જીવનરૂપી સફરના ૩૮ વર્ષ પુરા કરીને ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. તેઓએ રાજકોટ ખાતે વર્ષથી ૨૦૧૭થી જુનીયર એડવોકેટ તરીકે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા (ડીજીપી) સાથે વકિલાતની શરૂઆત કરેલ હતી તેમજ વીમા કંપનીના ઈન્વેસ્ટીગેટર રફીક કે. કંડીઆ સાથે ઈન્વેસ્ટીગેશનમાં તેમને મદદરૂપ થાય છે. તેમને તેઓના મો.નં.૮૪૬૦૩ ૫૩૪૫૪ ઉપર સગા સબંધીઓ, સ્નેહીજનો, વડીલો વકિલમિત્રો અને હિતેચ્છુઓ દ્વારા જન્મ દિવસની શુભકામના પાઠવવામાં આવી રહી છે.

# ધ વેલ્થ કંપની સ્મોલ કેપ ફંડ માટેની ન્યુ ફંડ ઓફરનો આઈપીઓ ખુલ્યો

**અબતક, રાજકોટ**

ધ વેલ્થ કંપની મ્યુચ્યુઅલ ફંડે 'ધ વેલ્થ કંપની સ્મોલ કેપ ફંડ' લોન્ચ કરીને સ્મોલ-કેપ સેગમેન્ટમાં પ્રવેશ કર્યો છે. છેલ્લા આઠ મહિનામાં આ કંપનીનું આ નવમું ફંડ લોન્ચ છે, જે તેની એક્ટિવલી મેનેજ્ડ સ્ટ્રેટેજીસ હેઠળ થઈ રહેલા ઝડપી વિસ્તરણને દર્શાવે છે.

જુલાઈ ૨૦૨૫થી, આ એએમસીએ ઈક્વિટી, હાઈબ્રિડ અને પેસિવ વ્યૂહરચનાઓ ધરાવતી એક વૈવિધ્યસભર પ્રોડક્ટ શ્રેણી તૈયાર કરી છે, જેમાં તાજેતરમાં લોન્ચ થયેલા 'ગોલ્ડ ETF FoF' અને 'બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ'નો પણ સમાવેશ થાય છે. આ નવું લોન્ચિંગ એક અલગ તારવી શકાય તેવી અને રિસર્ચ- ડ્રિવન ઈક્વિટી ફ્રેન્ચાઈઝી ઊભી કરવાની AMCની મહત્વકાંક્ષાને રેખાંકિત કરે છે. ઈક્વિટી સ્મોલ કેપ કેટેગરી હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી આ સ્કીમ, તેની નેટ એસેટ્સના ઓછામાં ઓછા ૬૫ ટકા હિસ્સાનું

The Wealth Company
MUTUAL FUND

રોકાણ સ્મોલ-કેપ કંપનીઓના ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત સાધનોમાં કરશે. SEBIના નિયમો અનુસાર, ફુલ માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે ૨૫૧મા અને તે પછીના ક્રમે આવતી કંપનીઓને સ્મોલ-કેપ કંપનીઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આ ફંડના પ્રદર્શનની સરખામણી 'NIFTY SmallCap 250 TRI' સાથે કરવામાં આવશે.

# રેલવે સુરક્ષા દળની સતર્કતાથી મહીનામાં ૨.૩૫ લાખની ગુમમતા મુસાફરોને પરત મળી

## આરપીએફ ખોવાયેલા બાળકોની ભાઈ અને તસ્કરોને ઝડપવામાં રહ્યા સફળ



**અબતક, રાજકોટ**

રેલવે મુસાફરી અને મુસાફરોની સુરક્ષા માટે સેવારત રેલવે પ્રોટેકશન ફોર્સ આરપીએફ રાજકોટ ડીવીઝન ફેબ્રુ. મહીનામાં લાખોની ખોવાયેલી મતા અને ગુમ બાળકો શોધવાની સરસ કામગીરી નોંધાવી છે.

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળ એ ફેબ્રુઆરી મહિનામાં વિવિધ અભિયાનો હેઠળ મુસાફરોની સુરક્ષા, સહાયતા અને રેલવે સંપત્તિના રક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

આરપીએફએ ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોનું અંદાજે રૂ. ૨.૩૫ લાખ મૂલ્યનું ગુમ થયેલું સામાન પરત આપ્યું, જ્યારે રેલવે ચોરીના કેસોમાં ૧૦ આરોપીઓની ધરપકડ ઉપરાંત અનધિકૃત ચેન પુલિંગના ૨૧ કેસોમાં કાર્યવાહી કરતાં ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ૫ બાળકોને સુરક્ષિત રીતે તેમના પરિવારજનો સાથે મિલાવ્યા હતા.

સેવા હી સંકલ્પ અંતર્ગત આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા આયુક્ત શ્રી અજય સદાનીના માર્ગદર્શન તથા ડિવિઝનલ સુરક્ષા આયુક્ત, રાજકોટ શ્રી કમલેશ્વર સિંહના દેખરેખ હેઠળ આરપીએફ રાજકોટ ડિવિઝન દ્વારા રેલવે પરિસર, મુસાફરો અને રેલવે સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સતત અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજકોટ ડીવીઝનમાં ૨૭ મુસાફરોનું લગભગ રૂ. ૨,૩૫,૮૬૭ મૂલ્યનું ગુમ થયેલું સામાન શોધી કાઢીને સુરક્ષિત રીતે પરત આપ્યું.

ઓપરેશન નન્હે ફરિશ્તેમાં ૫ બાળકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરીને તેમના પરિવારજનોને સોંપ્યા.ઓપરેશન રેલ સુરક્ષાઃરેલવે સંપત્તિ ચોરીના કેસોમાં ૧૦ આરોપીઓને પકડી કાનૂની કાર્યવાહી કરવામાં આવી.ઓપરેશન સમય પાલનઃઅનધિકૃત ચેન પુલિંગના ૨૮ કેસ નોંધાયા, જેમાંથી ૨૧ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી.

ઓપરેશન સુરક્ષાઃટ્રેનો પર પથ્થરમારો કરનાર એક આરોપીને પકડી રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી.ઓપરેશન ડિગ્નિટીઃપરિવારથી વિખૂટા પડેલા ૨ વ્યક્તિઓને તેમના પરિવાર સાથે ફરી મળાવવામાં આવ્યા.

આરપીએફ રાજકોટ ડિવિઝન દ્વારા ઓપરેશન જનજાગરણ હેઠળ રેલવે સ્ટેશનો અને આસપાસના વિસ્તારોમાં જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. તેમાં પી.એ. સિસ્ટમ દ્વારા જાહેરાતો, બેનરો, ગ્રામ સરપંચો સાથે બેઠકઓ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા.

રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ આરપીએફ ટીમની પ્રશંસા કરતાં જણાવ્યું કે,

મુસાફરોની સુરક્ષા અને રેલવે સંપત્તિનું રક્ષણ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આરપીએફ રાજકોટ ડિવિઝન મુસાફરોની સુરક્ષા, સહાયતા અને રેલવે સંપત્તિના રક્ષણ માટે સતત પ્રતિબદ્ધ છે.

# મેયર નયનાબેન પેઢડીયાનો જન્મદિન જીવદયા પ્રવૃત્તિ સાથે ઉજવાશે



**અબતક, રાજકોટ**

જીવદયા પ્રેમી મેયર નયનાબેન પેઢડીયાનો તા. ૭ માર્ચ, શનિવારના રોજ જન્મદિન પ્રસંગે એનીમલ હેલ્પલાઈન દ્વારા મેયર બંગલો, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ ખાતેથી પક્ષીઓ માટેનિઃશુલ્ક કુંડા-માળા વિતરણ કરાશે.

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન દ્વારા પક્ષીઓનાં માળા-પીવાનાં પાણીની કુંડી , રામપાતરનું છેલ્લા ૧૦ વર્ષથી, બારે મહિના નિઃશુલ્ક વિતરણ થઈ રહયું છે. ધોમધખતાં તાપમાં તેમજ બારે મહિના અબોલ પશુ-પક્ષીઓ પાણી શોધતાં હોય છે, તરસના લઈને તરફડતા હોય છે. ગૌમાતા,નાના પશુઓ, પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન દ્વારા જીવદયા પ્રેમીઓને બારે મહિના વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે રાજકોટમાં છેલ્લા ૨૨ વર્ષથી એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. એનીમલ હેલ્પલાઈનદ્વારાપશુ-પક્ષીઓનું હરતુ-ફરતુ અન્નક્ષેત્રમાં શહેરમાં વિવિધ સ્થળોએ, ઋતુ અનુસાર ૫ થી ૧૫ ગુણી ચણ પક્ષીઓને દરરોજ આપવામાં આવે છે. ૨૫ જેટલા વિસ્તારોમાં રોજ ૨૫૦ લીટર દુધ અને ૫૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે. નાના જીવને પણ ખોરાક મળી રહે તે માટે દરરોજ કિડીઓને ૧૫ કિ.ગ્રા. કીડીયારૂ પુરવામાં આવે છે. લોટની ૪૦ કિ.ગ્રા. ગોળી બનાવી દરરોજ માછલીને આપવામાં આવે છે. દરરોજ ૩૦ કિલો મકાઈનાં ડોડા ખિસકોલીઓને ખવડાવવામાં આવે છે.

સમગ્ર આયોજન અંગે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી,પ્રતિક સંઘાણી, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, ઘનશ્યામભાઈ ઠક્કર, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# અમૃતેશ્વર લાફીંગ કલબમાં ધૂળેટીની ઉજવણી



**અબતક, રાજકોટઃ** અમૃતેશ્વર લાફીંગ કલબ દ્વારા જીતેન્દ્ર ઠક્કર, પ્રેરિત હાસ્ય સાથે પ્રાણાયામ અને ધ્યાનનો રંગારંગ કાર્યક્રમની ઉત્સાહ અને આનંદપૂર્વક ઉજવણી કરવામાં આવેલ.

ધુળેટી નિમિત્તે અરવિંદભાઈ વોરા, રાજકોટ ડિસ્ટ્રીક લાફિંગ કલબ કમિટીના જનરલ સેક્રેટરી ના હસ્તે "તિલક હોળી " સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ.

કાર્યક્રમનું આયોજન અમૃતેશ્વર લાફિંગ કલબના કન્વીનર રમેશભાઈ અનડકટ,વહીવટી અધિકારી વિનોદભાઈ મકવાણા, જયકિશનભાઈ રામચંદાની, મહેશભાઈ રાજ્યગુરુ તથા ભાઈલાલભાઈ સંધાણી દ્વારા કરવામાં આવેલ. અમૃતેશ્વર લાફિંગ કલબ , ઓમ્ નાદ મહિલા લાફિગ કલબ તથા વિર ભગતસિંહ લાફીગ કલબના કનવિનર તથા સભ્યો હાજર રહ્યા હતા તેમજ પૌષ્ટિક નાસ્તાનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

# નમ્રતા ગ્રીન ફાઉન્ડેશને ધૂળેટીએ સ્લમ વિસ્તારમાં બટુક ભોજન કરાવ્યું



**અબતક, રાજકોટ**

સામાજિક સંસ્થા નમ્રતાગ્રીન ફાઉન્ડેશન દ્વારા રંગોનો પર્વ ધુળેટી નિમિત્તે માનવતાવાદી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સ્થાપક મહેન્દ્ર આયલાણીના નેતૃત્વમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસતા જરૂરિયાતમંદ બાળકો માટે 'બટુક ભોજન'નું આયોજન કરી તહેવારની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

આ સેવાકાર્યમાં સમાજના અગ્રણી દાતાશ્રી રમેશભાઈ વાડોલીયા તથા જગદીશભાઈ જોશી સહિતના દાતાઓએ ઉમદા સહયોગ આપી આ કાર્યને સફળ બનાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હરિ સેવક મહેન્દ્ર આયલાણીએ જણાવ્યું હતું કે, નમ્રતાગ્રીન, હંમેશા સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ બાળકોના ઉત્થાન માટે કાર્યરત છે. તહેવારના દિવસે આ બાળકો વચ્ચે રહીને તેમની ખુશીમાં સહભાગી થવાનો સંસ્થા દ્વારા એક વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# લોહાણા મહાજન દ્વારા કારકિર્દી સેમિનાર સરકારી નોકરી માટે ઓનલાઈન માહિતી અપાશે

## નોકરી વાચ્છુ યુવાનોને નિષ્ણાંતનો દ્વારા અપાશે માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ અને કારોબારી પ્રમુખ ડોકટર નિશાંતભાઈ ચોટાઈની પ્રેરણા થી લોહાણા સમાજની બે સંસ્થા લોહાણા યુવક પ્રગતિ મંડળ અને રાજકોટ શહેરલોહાણા કર્મચારી મંડળ દ્વારા એક વિશેષ સેમીનાર સરકારી નોકરીમાં કારકીર્દીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનારમાં સરકારી અધિકારી બનવું છે તેમને માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

આ આયોજનમાં કલાસ વનથી કલાસ થ્રી ફોર સુધીની સરકારી નોકરીના ફોર્મથી લઈને સફળતા સુધીની માહીતી તેમજ માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત રઘુવંશી સમાજના મદયમવર્ગીય પરિવાર જે ઈડબલ્યુએસ માં આવે છે તેઓને આ અનામતનાં શું લાભ મળે છે. અને સરકારી નોકરીમાં ઈડબલ્યુએસનો લાભ લઈ રીતે લેવો તેની પણ ચર્ચા કરવામાં આવશે. સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પુછાતા વિષયોનું માર્ગદર્શન અને સફળ થવા માટેની ટ્રીક પણ સમજાવવામાં આવશે.

આ સેમીનારમાં અનુભવી નિષ્ણાંતો ભૌતિક ઠકકર, મૌલિક ગોંધીયાની ટીમ જોડાશે. ગણિત અંગ્રેજી રીઝનીંગ અને સામાન્ટ જ્ઞાન અંગેની તૈયારીઓ જરુરી ઓનલાઈન લીંક અને ઓનલાઈન વિનામૂલ્યે ચાલતા કલાસીસ ની માહીતી આપવામાં આવશે.

આ સેમીનારમાં રઘુવંશી સમાજના સરકારી નોકરીમાં જોડાવા માંગતા સમગ્ર સૌરાષ્ટ્રના રઘુવંશી વિદ્યાર્થીઓ હાજર રહે તેવો લોહાણા સમાજના આયોજકોએ અનુરોધ કર્યો છે. આ સેમીનારને સફળ બનાવવા માટે લોહાણા મહાજન પ્રમુખ કારોબારી પ્રમુખ માર્ગદર્શન હેઠળ શહેર લોહાણા કર્મચારી મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા છે.

આ સેમીનારમાં જોડાવા ઓનલાઈન google ફોર્મ ભરવાનું છે ઈચ્છુક ઉમેદવાર મોબાઈલ નંબર ૯૮૨૫૯ ૯૩૪૫૫, ૮૧૬૦૪ ૧૪૭૧૩ અને ૯૪૨૬૨ ૫૪૯૯૯ પર સંપર્ક કરી પોતાના નામની નોંધણી વહેલા તે પહેલાના ધોરણે કરાવી શકશે. આ સેમીનાર તદ્દન નિશુલ્ક છે. તો તમામ વિદ્યાર્થી મિત્રો આ સેમીનારનો લાભ લે તેવી આયોજકોની અપીલ છે.

# કાળીપાટ ચોકડી અને મવડી-પાળ રોડ પર દારૂના દરોડા : ૬૩૬ બોટલ સાથે ત્રણ ઝબ્બે

## જસદણની નાની લાખાવાડ ગામેથી મહિન્દ્રા બોલેરો કારમાં શરાબ ભરી રાજકોટ આવતી બેલડીને ઝડપી ૮.૫૩ લાખનો મુદ્દામાલ કબ્જે : સપ્લાયર-રિસીવરની શોધખોળ





### મેટોડા સ્થિત ટ્રાન્સપોર્ટની ઓફિસેથી દારૂ ભરી ડિલિવરી આપવા આવેલો સાધુ વાસવાણી રોડનો ઋત્વિક દબોચાયો : રામનાથપરાના બુટલેગરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન

**અબતક, રાજકોટ**

કાળીપાટ ચોકડી અને મવડી-પાળ રોડ પાસે પીસીબીની ટીમ ત્રાટકી હતી અને ૬૩૬ દારૂની બોટલ સાથે ત્રણ શખ્સોને પકડી પાડી ૬૩૬ દારૂની બોટલ અને વાહનો મળી કુલ રૂ.૧૦ લાખથી વધુનો મુદામાલ જપ્ત કરી ફરાર શખ્સોની શોધખોળ આદરી હતી.પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેસકુમાર ઝા દ્વારા શહેરી વિસ્તારમાં પ્રોહીબિશનની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરવા

**બંને દરોડામાં કુલ રૂ.૧૦ લાખથી વધુનો મુદામાલ કબ્જે : પીસીબી ટીમની કાર્યવાહી**

અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા, ઉમેશભાઈ ચાવડા અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવેને મળેલી સંયુક્ત હકીકતના આધારે રાજકોટ-ભાવનગર હાઈવે પર કાળીપાટ ચોકડી પાસેથી મહીન્દ્રા બોલેરો કારમાંથી ઈંગ્લિશ દારૂની ૨૦૪ બોટલ જેની કિંમત રૂ.૫૩,૦૪૦ સાથે પ્રકાશ વાઘજીભાઈ મકવાણા (ઉવ ૨૫ રહે. ખડવાવડી, જસદણ, રાજકોટ) અને ભગીરથ હરેશભાઈ દીક્ષિત (ઉવ ૩૧ રહે. સાધુવાસવાણી રોડ, ગોપાલ ચોક, સંકલ્પ સિદ્ધ વિવાન્તા એપાર્ટમેન્ટ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી.

ઝડપાયેલ શખ્સોએ પીસીબીની પ્રાથમિક પૂછપરછમાં કબુલાત આપી હતી કે, ભગીરથ દીક્ષિત પોતે અહીં છૂટકમાં દારૂનો વેપલો કરતો હોય તે પ્રકાશ દીપકભાઈ ખીમસુરીયા (રહે. નાની લાખાવાડ ગામ, જસદણ, રાજકોટ) પાસે દારૂનો જથ્થો લેવા ગયો હતો. ત્યાંથી પ્રકાશ મકવાણા જે સપ્લાયર પ્રકાશ ખીમસુરીયાનો મિત્ર હોય તેને અહીં રાજકોટ ખાતે થોરાળા વિસ્તારમાં રહેતા હિતેષ મકવાણાને દારૂનો જથ્થો આપવાનો હોય બંને ભગીરથના હવાલાવાળી મહીન્દ્રા બોલેરો કાર જેના નંબર જીજે-૦૩-પીએમ-૦૩૦૨ માં દારૂનો જથ્થો નાની લાખવાડ ગામેથી ભરી રાજકોટ આવવા નીકળ્યા હતા. દરમિયાન રસ્તામાં જ પીસીબીની ટીમે દરોડો પાડી બંનેની ધરપકડ કરી દારૂ અને મહીન્દ્રા બોલેરો કાર મળી કુલ રૂ.૮,૫૩,૦૪૦ નો મુદ્દામાલ કબજે કરી સપ્લાયર પ્રકાશ દીપકભાઈ ખીમસુરીયા અને રીસીવર હિતેશ મકવાણાની શોધખોળ શરૂ કરી હતી.

જ્યારે પીસીબી ની ટીમે પાડેલા અન્ય એક દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી સંયુક્ત હકીકતના આધારે મવડી-પાળ રોડ પર શ્રીરામ ચોક પાસે શિવ ટાઉનશીપ જવાના ખૂણે જાહેર રોડ ઉપરથી જીજે-૧૦-ટીડબ્લ્યુ-૪૨૭૦ નંબરની રીક્ષામાંથી ઈંગ્લિશ દારૂની ૪૩૨ બોટલ જેની કિંમત રૂ. ૧,૨૪,૪૧૬ સાથે ₹૧૨૪૧૬ સાથે ખેપિયા ઋત્વિક ઉર્ફે રઘો વિનોદભાઈ જીપ્લોટ (ઉવ ૨૨ રહે. જનકપુરી સોસાયટી, એ-વિંગ, કવાર્ટર નં.- ૪૦૩, સાધુ વાસવાણી રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી.ઝડપાયેલ શખ્સેં પ્રાથમિક પૂછપરછ માં કબુલાત આપી હતી કે, દારૂનો જથ્થો વિજય ઉર્ફે ટીટો ભીખુભાઈ ભટ્ટી અને તુષાર જયેશભાઈ ઓડ (બંને રહે. રામનાથપરા, રાજકોટ) એ મંગાવ્યો હતો. તે મેટોડાની ટ્રાન્સપોર્ટની ઓફિસેથી દારૂનો જથ્થો ભરી બંનેને ડિલિવરી આપવા દરોડાના સ્થળે રાહ જોતો હતો. દરમ્યાન પીસીબીએ દરોડો પાડી દારૂ, બજાજ ઓટો રીક્ષા મળી કુલ રૂ. ૧,૬૪,૪૧૬ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે બંને રીસીવારોની શોધખોળ યથાવત રાખી હતી.

## રાજમોતી મીલ પાસેથી રૂ. ૧.૭૭ લાખના શરાબ સાથે સાહીલ-સમીર ઝડપાયા

### રાજમોતી મીલ પાસેથી દારૂના મોટા જથ્થા સાથે બે શખ્સોને પકડી થોરાળા પોલીસે રૂ.૧.૭૭ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો

દરોડાની વિગત મુજબ, થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એમ.એસ.મહેશ્વરી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ મહેશભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ ઈમરાનભાઈ ચુડાસમા અને ધર્મેન્દ્રભાઈ ગઢવીને મળેલ ચોક્કસ બાતમીના આધારે રાજમોતી મીલ પાસે, ભાવનગર રોડ પરથી સાહિલ સલીમ હોથીયાણી (ઉ.વ ૨૩, રહે, બેડીપરા ફાયરબ્રિગેડ પાછળ મનહરપરા સોસાયટી શેરી નં ૦૧, ભાવનગર રોડ) અને સમીર અસ્લમ મંગળીયા (ઉ.વ ૨૦, રહે. પાંજરાપોળ પાછળ રાધેશ્યામ ડેરીવાળી શેરી ભાવનગર રોડ) ને પકડી પાડી તેની પાસેથી વિદેશી દારૂની ૨૮૮ બોટલ રૂ.૧.૭૭ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



# ધુળેટી પર્વે રેસકોર્સ રીંગ રોડ પર સીપીના જાહેરનામાનો ઉલ્લંઘન : પોલિસ સાથે ગેરવર્તન

## જાહેરમાં લોકોની સલામતીને જોખમમાં મૂકી રંગ ઉડાવતા કાર ચાલકે પોલિસ પર રૌફ જમાવ્યો : કાળા કાચ કાઢવાની ના પાડી નાસી ગયો

**અબતક, રાજકોટ**

ધુળેટી પર્વે જાહેરમાં લોકો પર રંગો નહિ ઉડાવવાના સીપીના જાહેરનામાંનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. રેસકોર્ષ રિંગ રોડ ફરતે પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ઉલાળીયો જોવા મળ્યો હતો. જાહેર રસ્તે નીકળતા વ્યકતીઓની સલામતી જોખમાય તે રીતે કલર ઉડાડી કાર ચાલકે પોલીસ સામે પણ રૌફ જમાવી કાળા કાચ કાઢવાની ના પાડી કાર ભગાડી મૂકી હતી.દરમિયાન તુરંત જ પ્ર.નગર પોલીસે પોલીસ હેડ ક્વાર્ટર પાસેથી તેને દબોચી કાર ચાલક વિરાજ જાની વિરુદ્ધ ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.બનાવ અંગે રાજકોટ શહેરના પ્ર.નગર પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસમેન ભગીરથસિંહ રાણાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિરાજ અશ્વિન જાની (રહે રાજકોટ) નું નામ આપતા પ્ર.નગર પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

**હેડ ક્વાર્ટર નજીકથી કાર ચાલક વિરાજ જાનીને પકડી લેવાયો : ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો**

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના ૧ વાગ્યાથી ૮ વાગ્યા સુધી તેમની ફરજ ઈન્વે ઈન્ચાર્જ પીએસઆઇ એસ.ડી.કોઠીવાર સાથે રાઈટર તરીકે હતી. બપોરના બે વાગ્યાની આસપાસ ધુળેટીનો તહેવાર હોવાથી બંદોબસ્ત અન્વયે રેસકોર્ષ રિંગ રોડ ફરતે પોલીસ વાહનમાં ડ્રાઈવર હોમગાર્ડ ધર્મરાજસિંહ સરવૈયા, કોન્સ્ટેબલ તોફીકભાઈ મંધરા અને પીએસઆઇ એસ.ડી કોઠીવાર સહિતના પેટ્રોલીગમાં હતા ત્યારે ફરતા ફરતા સવા ચાર વાગ્યે રેસકોર્ષે રિંગ રોડ મેયરના બંગલાની સામે પહોચતા એક ઈનોવા કાર નં. GJ-03-NF-3022 માં બે વ્યકતી જાહેરમાં રંગ ઉડાડતા હોય જેમાં ડ્રાઈવીંગ સીટ ઉપર પુરુષ અને તેની બાજુમાં મહીલા બેસેલ હતા.જેથી સાથેના પીએસઆઇ કોઠીવાર આ કાર ચાલકને જાહેરમાં કોઈને નડતર રૂપ થાય તે રીતે કલર ઉડાવવાની અને જાહેર રસ્તે નીકળતા વ્યકતીઓને ત્રાસદાયક તથા શારીરિક સલામતી જોખમાય તે રીતે કલર ઉડાડી ધુળેટી રમતા હોય જેથી જાહેરમાં ધુળેટી રમવાની અને કલર ઉડાડવાની ના પાડતા અને આ કાર ચાલક શખ્સે ઉશ્કેરાય જઈને કહેલ કે, જાઈએ છીએ હો. જેથી પીએસઆઈએ કહેલ કે, તમો કેમ આવી રિતે તોછડી ભાષામા વાત કરો છો, તમને ખબર નથી કે, રાજકોટ પોલીસ કમિશ્નરનુ જાહેરનામું છે, તો આ ઈનોવા ચાલક કે કહેલ કે, હા મને ખબર જ છે.

જેથી પીએસઆઈએ કહેલ તો પોલીસ સ્ટેશન ખાતે ચાલો અને આ ઈનોવા ચાલક પ્ર.નગર પોલીસ સ્ટેશનની બહાર પોતાની ગાડી ઉભી રાખેલ બાદ સ્ટાફ કાર ચાલક પાસે ગયેલ અને કહેલ કે, ગાડી નીચે ઉતર જેથી તે કારમાંથી નીચે ઉતરેલ બાદ પીએસઆઈએ કહેલ કે, ગાડીના કાળા કાચ છે, તે તમે કાઢી નાખો અને તમારી ફોરવ્હીલના કાગળો બતાવો તો આ ઈનોવા ચાલકે કહેલ કે, હું કાળા કાચ કાઢીસ નહી અને હું ફોરવ્હીલના ડોક્યુમેન્ટ બતાવીસ નહી. બાદ ઈનોવા ચાલકે પોતાની ગાડીને લોક કરી દેતાં તેને પોલીસ સ્ટેશનની અંદર આવવા કહેતા પોતાની ગાડીમા બેસી ગયેલ અને પોતાની ઈનોવા કાર લઈને પુરપાટ ઝડપે બે ફિકરાઈથી કાર ચાલાવી ભાગી ગયેલ હતો. બાદમાં પોલીસ સ્ટાફ ઈનોવા ગાડી પાછળ ગયેલ અને રેસકોર્ષ રિંગ રોડ પોલીસ હેડ ક્વાર્ટરના સર્કલ પાસેથી રોકીને ફરીથી પોલીસ સ્ટેશન ખાતે લાવેલ અને નામ પુછતા પોતે પોતાનુ નામ વિરાજ અશ્વિન જાની જણાવેલ હતું.જેથી પોલીસે રેસકોર્ષ રિંગ રોડ મેયરના બંગલાની સામે જાહેર રસ્તે નીકળતા વ્યકતીઓને ત્રાસદાયક તથા શારીરિક સલામતી જોખમાય તે રીતે કલર ઉડાડી પોલીસની ફરજમાં રૂકાવટ કરતાં આરોપી સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# મહિલા સાથે મિત્રતામાં દગાખોરી : પુરૂષ મિત્ર રૂ.૧૦.૭૦ લાખની મત્તા ઓળવી ગયો

## મૈત્રી કરારની વાત કરી મહિલાને વિશ્વાસમાં લઈ એફ.ડી તોડાવી નાખી, દાગીના ગીરવે મૂકી લોન મેળવી લઈ ફોન સ્વીચ ઓફ કરી દીધો

**અબતક, રાજકોટ**

શહેરના પુનિતનગર વિસ્તારમાં રહેતી વિધવા મહિલા સાથે તેની જ જ્ઞાતિના ગીતાનગરના શખસે પરિચય કેળવી પોતે પરિણીત હોવા છતાં મૈત્રીકરાર કરવાની વાત કરી બાદમાં મિત્રતા કેળવી આ મહિલા પાસેથી રોકડ સહિત રૂ.૧૦.૭૦ લાખની મત્તા પડાવી લીધી હોવા અંગે ફરિયાદ નોંધવવામાં આવી છે. ગોંડલ રોડ પુનિતનગર સંતનામ સોસાયટી મેઈન રોડ વિશ્વકર્મા કૃપા ખાતે રહેતાં વિધવા મહિલા છાયાબેન જયેશભાઈ અધેરા (ઉ.વ.૪૦) દ્વારા તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગીતાનગરના ધર્મેશપરી અશ્વીનપરી ગૌસ્વામીનુ નામ આપ્યું છે. છાયાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, તે ઘરકામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. તેમના પતિનું ચાર વર્ષ પહેલા બીમારી સબબ અવસાન થયું હતું અને તેઓ એકલા રહેતા હતા. આ દરમિયાન આશરે બે વર્ષ પહેલા રાજકોટના કે.કે.વી હોલ પાસે રોડ પર તેમની મુલાકાત ગીતાંજલીનગરમાં રહેતા ધર્મેશપરી સાથે થઈ હતી. તે અમારી જ્ઞાતિનો હોઈ એક બીજાના નંબરની આપ લે કરી હતી. એ પછી વાતો કરતાં હતાં. બાદ તેણીના સગાનું અવસાન થતાં બહારગામ ગયેલ ત્યાં પણ ધર્મેશપરી મળ્યો હતો. એ પછી તેણે કહ્યું હતું કે, મૈત્રી કરારની વાત કરી હતી. તે પરણેલો હોવાનું કહેતાં તેણે ભલે પરણેલો હોઈ પણ મૈત્રી કરાર તો થઈ શકે તેમ કહી

**પુનિતનગરની મહિલાની ફરીયાદ પરથી ગીતાનગરના ધર્મેશપરી ગોસ્વામી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ**

વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં તે ઘરે આવતો જતો હતો. બંનેએ મૈત્રી રાખી હતી પણ કરાર કર્યા નહોતાં.

ત્યારબાદ ધર્મેશપરીએ પોતાની પૈસાની જરૂરિયાત પુરી કરવા માટે મહિલાને વિશ્વાસમાં લઈ તેમની બેંકમાં રહેલી એફ.ડી. કટકે-કટકે તોડાવી કુલ ૩,૦૦,૦૦૦ રૂપિયા રોકડા મેળવી લીધા હતા. ત્યારબાદ પણ તેણે મહિલાની બે તોલાની સોનાની ચેન પર ગોલ્ડ લોન લેવડાવી તે પેટે મળેલા ૧,૭૦,૦૦૦ રૂપિયા પણ પડાવી લીધા હતા. આટલું ઓછું હોય તેમ, આરોપીએ ફરીથી વિશ્વાસ આપી મહિલાના મમ્મીની ત્રણ સોનાની ચૈન, પેન્ડલ સેટ અને અન્ય સોનાના દાગીના મળી કુલ સાડા સાત તોલા સોના પર રાજકોટના ગુરૂપ્રસાદ ચોક પાસે આવેલી ફાઈનાન્સ કંપનીમાંથી ૬ લાખ રૂપિયાની લોન મેળવી હતી.

આ રીતે ધર્મેશપરીએ છાંયાબેન પાસેથી કુલ ૧૦,૭૦,૦૦૦ રૂપિયાની મત્તા પડાવી લીધી હતી. જ્યારે મહિલાએ પોતાના દાગીના છોડાવવા માટે દબાણ કર્યું ત્યારે આરોપીએ એક અઠવાડિયામાં દાગીના પરત કરી દેવાની ખાતરી આપી હતી. પણ ત્યારબાદ આરોપીએ પોતાનો ફોન બંધ કરી દીધો હતો અને તે ક્યાંય મળી આવ્યો નહોતો. અંતે પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થતા મહિલાએ કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પીઆઈ ડી. એમ. હરીપરાની રાહબરીમાં હેડકોન્સ. યશપાલસિંહ ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આરટીઓ ચલણની એપીકે ફાઈલ મોકલી વેપારીના ખાતામાંથી રૂ.૧૦.૭૧ લાખની ઉઠાંતરી

## હાઉઝેટ સ્પોર્ટ કોર્નરના માલીકે વોટ્સએપમાં આવેલ ફાઈલ ખોલતાં જ બેંક એકાઉન્ટમાંથી ટ્રાન્જેકસન થવા લાગ્યાં : સાયબર ક્રાઈમ ટીમે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

રજપૂતપરામાં આવેલ હાઉઝેટ સ્પોર્ટ કોર્નરના માલીકને વોટ્સએપમાં આરટીઓ ચલણની એપીકે ફાઈલ મોકલી બેંક ખાતામાંથી રૂ.૧૦.૮૭ લાખની ઉઠાંતરી કરી લેવાતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો.બનાવ અંગે અક્ષર માર્ગ પર મૌલીક હરી સોસાયટી શેરી નં.૦૧ માં રહેતાં સંદીપભાઈ પ્રવીણચંદ્ર ગાંધી (ઉ.વ.૬૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા વોટ્સએપ નં.૯૧૦૬૩૦૨૨૩૨ નું નામ આપતાં સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે રજપુતપરા મેઈન રોડ ઉપર હાઉઝટ સ્પોર્ટ કોર્નર નામની દુકાન ચલાવે છે. ગઈ તા.૨૬/૧૨/૨૫ ના અજાણ્યા ૯૧૦૬ ૩૦૨૨૩૨ વોટસએપ નંબર પરથી એક આરટીઓ ટ્રાફિક ચલણ નામની ફાઈલ આવેલ હતી. તેઓના વાહનના આર.ટી.ઓ.ચલણ આવેલ છે કે નહી તે જોવા સારૂ આ ફાઈલ ઓપન કરી ડાઉનલોડ કરી ફાઈલ ખોલતા જેમા કાઈ બતાવતુ ન હતુ. દરમિયાન તેમનો ફોન હેંગ થઈ જતાં તેઓ ફાઈલની બહાર નિકળી ગયેલ હતો.

ત્યારબાદ ગઈ તા.૦૬/૦૧/૨૦૨૬ ના તેઓ દુકાનેથી એચડીએફસી બેંક પર રૂ. ૪૧ હજારનો ચેક જમા કરાવવા ગયેલ હતો. દુકાને પરત આવતો હતો ત્યારે મારા બેંક એકાન્ટમાંથી અલગ અલગ પૈસા કપાયેલનો મેસેજ આવતા તુરંત બેંકે ગયેલ અને બેંકથી જાણવા મળેલ કે તેમના બેંકના ખાતામાથી તેમની જાણ બહાર રૂ. ૯૯,૯૯૦, રૂ. ૫૦,૦૦૦, રૂ.૪,૪૦,૦૦૦ અને રૂ. ૪,૯૮,૦૦૦ એમ કુલ રૂ.૧૦,૮૭,૭૯૦ ના ટ્રાન્ઝેકશન થયેલનું જણાયેલ હતું.

જેથી તેઓએ તેમના બંને બેંક એકાઉન્ટને સ્ટોપ કરાવેલ અને ત્યાર બાદ મેનેજરે સાયબર ક્રાઈમ બનાવ બનેલ હોય તેવુ જણાવતાં ૧૯૩૦ સાયબર હેલ્પ લાઈન નંબર પર કોલ કરી અરજી કરેલ હતી. જે બાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ એસ.ડી.ગિલવા અને ટીમે તપાસ આદરી હતી.

# ટ્રેક્ટર ચોક નજીકથી ચોરાઉ રીક્ષા સાથે માંડા ડુંગરનો વિલાસ સોલંકી ઝડપાયો

## ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલાયો : થોરાળા પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

શહેરના થોરાળા પોલીસ મથકના સ્ટાફે ટ્રેક્ટર ચોકમાંથી ચોરાઉ રીક્ષા સાથે માંડા ડુંગરમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની પુછતાછ કરતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી રીક્ષા ચોરીની ફરિયાદનો ભેદ ઉકલાયો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર હેતલ પટેલ, મદદનીશ પોલીસ કમિશનર બી.વી. જાધવે શહેરમાં પેટ્રોલિંગ કરી અનડિટેક્ટ ગુના ડિટેક્ટ કરવા સૂચના આપી હોય જે અનુસંધાને થોરાળા પોલીસ મથકમાં પી.આઈ. એન.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વરીની રાહબરીમાં એ.એસ.આઈ. મહેશભાઈ સોલંકી તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન બાતમી મળી હતી કે ચોરાઉ રીક્ષા સાથે શખસ ટ્રેક્ટર ચોક ભાણજીબાપાના પુલ પાસે ઉભો છે. પોલીસે બાતમીના આધારે સ્થળે પહોંચી તપાસ કરતા શંકાસ્પદ રિક્ષા સાથે શખસને પકડી તેની પુછપરછ કરતા તેણે પોતાનું નામ વિલાસ રાજુભાઈ સોલંકી (ઉંમર ૨૬)(રહે હરસિધ્ધિ પાર્ક શેરી નંબર ૦૧, ચામુંડા પાનવાડી શેરી માંડા ડુંગર) જણાવ્યું હતું. રીક્ષાના કાગળો માંગતા શખસ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પોલીસે ઇ ગુજકોપમાં વેરીફાઈ કરતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આ રીક્ષા ચોરી થયા અંગેની ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે રૂ.૨૦ હજારની કિંમતની રીક્ષા કબજે કરી શખસ સામે કાર્યવાહી કરી હતી. આ કામગીરીમાં પી.આઈ .એન.જી.વાઘેલા, પી.એસ.આઈ. એમ.એસ. મહેશ્વરી, એ.એસ.આઈ. જયેશભાઈ નિમાવત તથા મહેશભાઈ સોલંકી, પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ પરમાર, ધર્મેન્દ્રભાઈ ગઢવી, ઈમરાનભાઈ ચુડાસમા, હિતેશભાઈ પરમાર, વિક્રમભાઈ લોખિલ, પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ ચૌહાણ સાથે રહ્યા હતા.

# રૂખડીયાપરામાંથી રૂ. ૧.૬૨ લાખના ગાંજા સાથે ઝડપાયેલ કિશન નાયડુ પીઆઈટીના પાંજરે પુરાયો

## એસઓજીએ તૈયાર કરેલી દરખાસ્તને સીઆઈડી ક્રાઈમના વડાએ મંજૂરી આપતાં લાજપોર જેલમાં ધકેલી દેવાયો

**અબતક, રાજકોટ**

શહેર એસઓજીની ટીમે રૂખડીયાપરામાં રહેતા કિશન નાયડુને પીઆઈટી એક્ટ હેઠળ અટકાયતમાં લીધો હતો. અગાઉ રૂ. ૧.૬૨ લાખના ગાંજા સાથે ઝડપાયેલ શખ્સને સુરતની લાજપોર જેલ ખાતે ધકેલી દેવાયો છે. એસઓજીએ અગાઉ પાડેલા દરોડામાં રૂખડીયાપરાનો ઢાળ ઉતરતા સુલભ સૌચાલયની બાજુમાં ખોડીયાર માતાજીના મંદિર નજીક જાહેરમાંથી રૂ. ૧,૬૨,૯૮૦ ની કિંમતનો ૧૬.૨૮૯ કિલોગ્રામ ગાંજા સાથે અભય ઉર્ફે અભલો ભુરાભાઈ અદાણી (ઉવ ૨૪ રહે. રૂખડીયાપરા શેરી નંબર-૩, રાજકોટ), અસલમ ઉર્ફે સર્કિટ બસીરભાઈ શેખ (ઉવ ૨૯ રહે. રૂખડીયા પરા શેરી નંબર-૫, રાજકોટ), કિશન સુરેશભાઈ નાયડુ (ઉવ ૧૯ રહે. રૂખડીયાપરા મેઈન રોડ, હનુમાનજી મંદિર પાસે, રાજકોટ) અને કરણ મોહનભાઈ અઠવલે (ઉવ ૧૯ મૂળ રહે.પોપટપરા શેરી નંબર-૩ અને હાલ રહે. રૂખડીયાપરા મેઈન રોડ શેરી નંબર-૩ના ખૂણે, રાજકોટ)ની ગાંજો અને બે મોબાઈલ મળી કુલ રૂ. ૧,૭૨,૯૮૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. ત્યારે અગાઉ ગેરકાયદેસર માદક પદાર્થના જથ્થા સાથે ઝડપાયેલા શખ્સો



વિરુદ્ધ પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ દરખાસ્ત તૈયાર કરવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ભરત બસિયાની સૂચનાને પગલે એસઓજી પીઆઈ એસ એમ જાડેજાની ટીમે માદક પદાર્થનો વેપલો-હેરાફેરી કરતા શખ્સો પર અંકુશ રાખવા અને સમાજમાંથી ડ્રગ્સની બદીને ડામવા કિસન સુરેશભાઈ નાયડુ (ઉવ ૧૯ રહે. રૂખડીયાપરા મેઈન રોડ, હનુમાનજી મંદિર પાસે, રાજકોટ)ની પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ દરખાસ્ત તૈયાર કરી હતી. જે દરખાસ્તને સીઆઈડી ક્રાઈમના વડાએ મંજૂરી આપતા કિશન નાયડુની અટકાયત કરી વોરંટની બજવણી કરી સુરતની લાજપોર જેલ ખાતે ધકેલી દેવાયો હતો. આ કામગીરી એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ એમ વી જાડેજા, એએસઆઈ અરૂણભાઈ બાંભણિયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોસ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા તથા રોહિતસિંહ જાડેજા તેમજ પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઇ એમ આર ગોંડલીયા, હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ દહેકવાલ, ઈન્દ્રજીતસિંહ સિસોદિયા દ્વારા કરવામાં આવી હતી.

## (પહેલા પાનાનું ચાલું)

### યુધ્ધ વિરામ...

તૈયાર હોય તો ઈરાન પણ આ પ્રક્રિયામાં પૂર્ણ સહયોગ આપવા તૈયાર છે.

બીજીબાજુ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની સૈન્ય ક્ષમતાઓને સંપૂર્ણપણે ખતમ કરી નાખવાનો દાવો કરતા જણાવ્યું કે હવે તેમની પાસે એર ડિફેન્સ, એર ફોર્સ, નેવી અને નેતૃત્વમાં કંઈ પણ રહ્યું નથી. તેઓ વાતચીત કરવા તૈયાર છે, મેં કહ્યું કે બહુ મોડું થઈ ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પનો આ દાવો યુદ્ધના ચોથા દિવસે આવ્યો છે. જ્યારે બંને પક્ષો તરફથી ધડાધડ મિસાઈલો છોડવામાં આવી રહી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, હવે તેમની પાસે લીડરશિપથી લઈને સૈન્ય ક્ષમતા સુધી કંઈ બચ્યું નથી અને ત્યારે તેમને વાત કરવી છે, પણ હવે મોડું થઈ ચૂક્યું છે.

ગત વર્ષથી મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સીધા સંઘર્ષની સ્થિતિ જોવા મળી છે. ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કર્યા હતા, જેના જવાબમાં ઈઝરાયેલે ઈરાની અણુ સંયંત્રો અને દ્વજાજનિક સ્થળોને નિશાન બનાવ્યા હતા. આ સંઘર્ષને કારણે હજારો લોકોના જીવ ગુમાવ્યા છે અને વિસ્તારમાં આર્થિક અસર પણ ગંભીર રીતે જોવા મળી છે.

### તેલ...

મળતી માહિતી અનુસાર, રશિયા ભારતની ક્રૂડની જરૂરિયાતના ૪૦% સુધી હિસ્સો પૂરો કરવા તૈયાર છે. જોકે, રશિયા પાસેથી તેલની આયાત વધારવાનો અંતિમ નિર્ણય અમેરિકા સાથે ચાલી રહેલી વ્યાપારી વાટાઘાટો અને સરકારના માર્ગદર્શન પર નિર્ભર રહેશે.

### ઈરાન સુરક્ષા સિસ્ટમ...

એટલું જ નહીં, ઈરાનના પરમાણુ પ્લાન્ટની અંદર આવેલા કેટલાક સંવેદનશીલ સ્થળો પર પણ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે.

### ભારતીય સમુદ્રમાં યુધ્ધ...

પુષ્ટિ કરી છે. આ ભયાનક હુમલામાં ઓછામાં ઓછા ૮૭ લોકોના મોત થયા હોવાના આશંકા છે, જ્યારે ૩૨ લોકોને બચાવી લેવામાં આવ્યા હોવાની પણ વિગતો સામે આવી છે.

અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથે આ હુમલાની વિગતો આપતા જણાવ્યું હતું કે, મોડી રાત્રે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. તેમણે આ ઘટના અંગે નિવેદન આપતા કહ્યું કે 'એક અમેરિકન સબમરીને ઈરાની જહાજને ડૂબાડી દીધું છે જે આંતરરાષ્ટ્રીય જળસીમામાં પોતાને સુરક્ષિત માની રહ્યું હતું. આ જહાજ ટોર્પિડો દ્વારા ડૂબાડવામાં આવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ પછી ટોર્પિડો દ્વારા દુશ્મનના જહાજને ડૂબાડવાની આ પ્રથમ ઘટના છે.

શ્રીલંકાના વિદેશ પ્રધાન વિજિથા હેરથે જણાવ્યું હતું કે, બુધવારે વહેલી સવારે ઈરાની નેવી જહાજ આઈરિસ દેના તરફથી મદદ માટેનો સંદેશ મળ્યો હતો. ક્રૂ સભ્યોએ વિસ્ફોટ થયો હોવાની જાણ કરી હતી. હેરથે વિગતો આપતા કહ્યું કે 'સંદેશ મળતાં જ સવારે ૬ વાગ્યા સુધીમાં અમે એક નૌકાદળનું જહાજ રવાના કર્યું હતું અને ૭ વાગ્યા સુધીમાં બીજું જહાજ મોકલ્યું હતું.' આ ઘટના ગાલે શહેરથી ૪૪નોટિકલ માઈલ દૂર શ્રીલંકાના આર્થિક ક્ષેત્રમાં બની હતી. બચાવવામાં આવેલા ૩૨ સભ્યોને ગાલેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### જરૂસલેમમાં મિસાઈલો...

જેરુસલેમ, તેલ અવીવ અને આસપાસના વિસ્તારોમાં વારંવાર એર રેઈડ સાયરન વાગ્યા. લોકોને આશ્રયસ્થાનમાં જવાના આદેશ આપવામાં આવ્યા. કેટલાક વિસ્તારોમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા. અનેક લોકો ઘાયલ થયાના પણ અહેવાલ છે.

### ના.પાક...

સભ્યોને પાકિસ્તાન છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે.આ નિર્ણય મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ સાથે સંકળાયેલો છ આ તણાવને કારણે વિસ્તારમાં ડ્રોન અને મિસાઈલ હુમલાનો ખતરો વધ્યો છે અને વ્યાપારી ઉડાનોમાં પણ મોટા અવરોધો આવ્યા છે.

### ટ્રેડ ટેરિફ...

કાયદા હેઠળ ટેરિફ ચૂકવનાર તમામ ''ઈમ્પોર્ટર્સ ઓફ રેકોર્ડ'' એટલે કે તમામ આયાતકારો આ ઐતિહાસિક રિફંડ મેળવવા માટે હકદાર છે.

આંકડાઓ મુજબ, ફેડરલ સરકારે ડિસેમ્બરના મધ્ય સુધીમાં હવે રદ્દ કરાયેલા ટેરિફ મારફતે ૧૩૦ અબજ ડોલરથી વધુની વસૂલાત કરી હતી. પેન વ્હાર્ટન બજેટ મોડલના નિષ્ણાતોના અંદાજ મુજબ આ રિફંડનો કુલ આંકડો ૧૭૫ અબજ ડોલર સુધી પણ પહોંચી શકે છે. આટલી મોટી રકમ પાછી આપવાથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર માટે નવી નાણાકીય અને લોજિસ્ટિકલ મુશ્કેલીઓ ઊભી થઈ છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા આ રિફંડ પ્રક્રિયાને ધીમી પાડવા માટે યુ.એસ. કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ફેડરલ સર્કિટમાં અપીલ કરવામાં આવી હતી. પરંતુ, અપીલ કોર્ટે પણ આ માંગને ફગાવી દીધી હતી અને રિફંડ પ્રક્રિયાની વિગતો નક્કી કરવા માટે મામલો ન્યૂયોર્ક સ્થિત ટ્રેડ કોર્ટને જ પાછો સોંપી દીધો હતો.

### બાસમતી...

માંગ કરતા પુરવઠો વધતા ભાવ ગગડી રહ્યા છે. આ સ્થિતિની સીધી અસર માત્ર વેપારીઓ પર જ નહીં, પરંતુ ચોખા પકવતા ખેડૂતો પર પણ પડી રહી છે. ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશનના હોદ્દેદારો અને આગેવાનોના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી યુદ્ધની સ્થિતિ સામાન્ય નહીં થાય અને પેમેન્ટની ખાતરી નહીં મળે, ત્યાં સુધી બજારમાં અસ્થિરતાનો માહોલ રહેશે. પરિસ્થિતિને જોતા નિકાસકારો હવે જોખમ ઘટાડવા માટે આફ્રિકા અને યુરોપ જેવા અન્ય વૈકલ્પિક બજારો શોધવા પર પણ વિચાર કરી રહ્યા છે.

### મહારાષ્ટ્રમાં ...

રાજ્ય પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે કહ્યું કે તેઓ સૈદ્ધાંતિક રીતે ટ્રાન્સપોર્ટરોની ચિંતાઓ સાથે સંમત છે અને અધિકારીઓને આ મુદ્દાને ઉકેલવા માટે કાનૂની પાસાઓની તપાસ કરવા નિર્દેશ આપે છે. શુક્રવારે રાજ્યના બજેટ અને ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે ઉભા થયેલા ભૂ-રાજકીય તણાવને ધ્યાનમાં રાખીને બુધવારે વરિષ્ઠ પરિવહન અધિકારીઓએ ટ્રાન્સપોર્ટર્સને સરકારને વધુ સમય આપવા જણાવ્યું હતું. પરંતુ અમે તેમને પૂરતો સમય આપ્યો હતો. સરકાર દ્વારા નિયુક્ત સમિતિએ ડિસેમ્બરમાં ઈ-ચલણ મુદ્દા પર ભલામણો રજૂ કરી હતી, પરંતુ આજ સુધી કોઈનો અમલ કરવામાં આવ્યો નથી તેવો સામાપક્ષે આક્ષેપ કરાયો હતો.

### ઓટો મોબાઈલક્ષેત્ર...

તેટલા પ્રમાણમાં ટેલેન્ટ ઉપલબ્ધ નથી. ઓટો ઉત્પાદકો તેમના કુલ એન્જિનિયરિંગ ખર્ચના ૨૫ થી ૩૦ ટકા રકમ વૈકલ્પિક ઈંધણ પાછળ ખર્ચી રહ્યા છે. વીઈ કોમર્શિયલ વ્હિકલ્સના ચીફ એચઆર ઓફિસર સુદીપ કુમાર દેવે જણાવ્યું હતું કે કંપનીઓ મોટા પાયે ભરતી કરી રહી છે, કારણ કે કડક ઉત્સર્જન ધોરણો અને સરકારી યોજનાઓએ માંગ વધારી છે.

આ ક્ષેત્રમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ તેમજ ઈકોસિસ્ટમ તૈયાર કરવા માટે કુશળ માનવબળની સૌથી વધુ જરૂર છે. હવે ટેલેન્ટ મેળવવા માટેની સ્પર્ધા માત્ર પરંપરાગત ઓટો કંપનીઓ વચ્ચે જ નથી રહી, પરંતુ મોટી ટેક કંપનીઓ પણ આ જ ટેલેન્ટ માટે મેદાને ઉતરી છે. અનુભવી એન્જિનિયરોની અછતને કારણે ઘણી કંપનીઓ તેમના હાલના કર્મચારીઓને જ નવી ટેક્નોલોજીની તાલીમ આપી રહી છે અથવા ઈલેક્ટ્રોનિક્સ અને સ્ટાર્ટઅપ્સ જેવા અન્ય ક્ષેત્રોમાંથી સીધી ભરતી કરી રહી છે.

હીરો મોટોકોર્પના ચીફ એચઆર ઓફિસર માધુરી મહેતાના જણાવ્યા મુજબ હાઈબ્રિડ અને વૈકલ્પિક પાવરટ્રેન ટેક્નોલોજીમાં ટેલેન્ટની માંગ ખૂબ જ ઝડપથી વધી રહી છે. કંપનીઓ બેટરી અને ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગોમાંથી પણ એન્જિનિયરોની ભરતી કરી રહી છે. ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર નીલેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે છેલ્લા એક-બે વર્ષમાં આ ક્ષેત્રના નિષ્ણાતોની માંગમાં ભારે વધારો નોંધાયો છે અને આવા કૌશલ્ય ધરાવતા પ્રોફેશનલ્સને સામાન્ય કરતા ૧૫ થી ૨૫ ટકા વધુ પગાર મળી રહ્યો છે.

ભારતીય બજારમાં એક અનોખું સમીકરણ જોવા મળી રહ્યું છે. શેફલર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર હર્ષા કદમનું કહેવું છે કે ઈવીનો ગ્રોથ ચાલુ રહેશે, પરંતુ હાઈબ્રિડ વાહનો પણ મજબૂતીથી આગળ વધી રહ્યા છે. ગત નાણાકીય વર્ષમાં હાઈબ્રિડ વાહનોનું વેચાણ ૧૮ ટકા વધીને ૧,૦૫,૦૦૦ યુનિટ્સ થયું હતું. જ્યારે ઈવીનું વેચાણ પણ આ જ ગતિએ વધીને ૧,૧૮,૦૦૦ યુનિટ્સ સુધી પહોંચ્યું હતું. આની સામે પેટ્રોલ વાહનોના વેચાણમાં ૬.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે અને તે ઘટીને ૨૪.૮ લાખ યુનિટ રહ્યું હતું.

### નિતિશબાબુ...

વરિષ્ઠતાને ધ્યાનમાં રાખીને, જેડી(યુ) કરતાં વધુ ધારાસભ્યો હોવા છતાં, તેમણે તેમને ટોચના પદ પર દાવો કરવાની મંજૂરી આપવાનું પસંદ કર્યું.૧૯૯૬માં પહેલી વાર નીતિશ સાથે હાથ મિલાવ્યા પછી ભાજપે નીતિશ સાથે બીજો વ્યવહાર કર્યો છે. ૨૦૨૦ અને ૨૦૨૫માં તેમની વરિષ્ઠતાને ધ્યાનમાં રાખીને, જેડી(યુ) કરતાં વધુ ધારાસભ્યો હોવા છતાં, તેમણે તેમને ટોચના પદ પર દાવો કરવાની મંજૂરી આપવાનું પસંદ કર્યું.તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતાઓ વચ્ચે, હંમેશા એ પ્રશ્ન રહેતો હતો કે નીતિશ ક્યારે રાજીનામું આપશે કે નહીં, અને જ્યારે સંક્રમણ સામાન્ય રીતે અપેક્ષા કરતા વહેલું આવી ગયું છે, ત્યારે એનડીએમાં સમયને યોગ્ય માનવામાં આવ્યો હતો કારણ કે તે નવી ટીમને સ્થાયી થવા માટે સમય આપશે. નિશાંતની એન્ટ્રીનો હેતુ આ અનિશ્ચિત સમય વચ્ચે જેડી(યુ) ના રેન્ક-એન્ડ-ફાઈલને ઉત્સાહિત કરવાનો અને પછાત અને દલિતોના મહત્વપૂર્ણ વર્ગોમાં તેનો આધાર જાળવી રાખવાનો છે.તાજેતરના વિકાસથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે જેડી(યુ)ના નેતાઓએ સરકારમાં તેમના જુનિયર દરજ્જાને સ્વીકારી લીધો છે કારણ કે પાર્ટીમાં સંભવિત રક્ષક પરિવર્તનની સ્વીકૃતિ વધી રહી હતી.

## (ત્રીજા પાનાનું ચાલું)

### દિલીપભાઈ પટેલ...

વકીલોના સુખ અને દુઃખમાં ભાગીદાર બની અને વકીલો પ્રશ્નોને ઝડપથી નિકાલ કરે છે ત્યારે આપણે સૌ વકીલોની દિલીપભાઈ ને વિજય બનાવવા માટે જવાબદારી બને છે. મહિલા બાર એસોસિએશનના પ્રમુખ નયનાબેન ચૌહાણ એ જણાવ્યું છે કે દિલીપભાઈ હમેશા મહિલા વકીલોને પડતી તકલીફોમાં રમેશ સાથે ઊભા રહી પ્રશ્નોનું નિરાકરણ લાવે છે ત્યારે આપણે સૌ મહિલા વકીલોની દિલીપભાઈ પટેલને વિજય બનાવવા માટે ની જવાબદારી બને છે નોટરી એસોસિએશનના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલે જણાવ્યું છે કે દિલીપભાઈ નોટરી ને લગતા કોઈપણ પ્રશ્ન હોય ત્યારે નોટરી એડવોકેતોની પડખે ઊભા રહી તેઓના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં હમેશા મદદરૂપ બનતા હોય છે ત્યારે તેમને જંગી બહુમતી વિજય બનાવવા માટે અપીલ કરી છે જ્યારે રાજકોટ બહારના એડવોકેટ ઈકબાલ થઈ એમ જણાવ્યું કે દિલીપભાઈ પટેલ હંમેશા સર્વ સમાજના વકીલોને સાથે રાખી કામ કરતા હોય ત્યારે અમારા સમાજના વકીલોની મળેલી બેઠકમાં દિલીપભાઈ પટેલને મત આપી જંગી બહુમતીથી વિજય બનાવવા માટે અપીલ કરી છે.આ તકકે બાર એસોસિએશનના પ્રમુખ સુમિતભાઈ વોરા સેક્રેટરી નિલેશ પટેલ જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા ટ્રેઝરર પ્રગતિબેન માકડીયા લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડળ મહિલા કારોબારી મિનલબેન સોનપાલ નિશાબેન લુણાગરિયા કારોબારી સભ્ય સ્તવન મહેતા ભાર્ગવ પંડ્યા અજય ડાંગર વિજય રૈયાણી અશ્વિન રામાણી કલ્પેશ સાકરીયા સરકારી વકીલ દિલીપભાઈ મહેતા પરાગ શાહ સ્મિતાબેન અત્રી રેવન્યુ બાર એસોસિએશનના પ્રમુખ રમેશભાઈ કથીરિયા સેક્રેટરી વિજય તોગડિયા ભાર્ગવ ખુંટ નિલેશ અગ્રાવત મહિલા બહારના પ્રમુખ નયનાબેન ચૌહાણ મહેશ્વરી બેન ચૌહાણ રક્ષાબેન ઉપાધ્યાય ભાજપ લીગલ સેલના વિમલ ડાંગર ધર્મેશ સખીયા વિરેન વ્યાસ નોટરી બાર એસોસિએશનના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ સહિતા સિનિયર જુનિયર એડવોકેટ સહિત હાજર રહ્યા હતાં.

### સી. એચ. પટેલ...

ગોંડલ, જેતપુર, ઉપલેટા, ધોરાજી, જુનાગઢ અને ઉનામાં વકીલોનું જબરુ સમર્થન મળ્યું હતુ. રેવેન્યુ બાર એસો., રેવેન્યુ પ્રેકટિશનર એસો., એમ.એ.સી.પી. બાર, લેબર બાર, ક્રિમિનલ બાર , ડિસ્ટ્રીક નોટરી એસો. ના સભ્યએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુટણીમાં પરિવર્તન કોલ આપી સી.એચ. પટેલને ટેકો જાહેર કર્યો છે. સી.એચ. પટેલને પ્રદેશ ભાજપ લીગલ સેલના સહ-સંયોજક અનિલભાઈ દેસાઈ, કારોબારી સભ્ય હિતેશભાઈ દવે, કિશોરભાઈ સખીયા, શહેર ભાજપ લીગલ સેલના સંયોજક પિયુષભાઈ શાહ, સહ-સંયોજક કમલેશભાઈ ડોડિયા તથા લીગલ સેલના તમામ હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યો. સિનિયર એડવોકેટ ગિરીશભાઈ ભટ્ટ, અર્જુનભાઈ પટેલ, એન. જે. પટેલ, જી. એલ. રામાણી, જયકૃષ્ણ માકડિયા, રક્ષિત કલોલા, પ્રશાંત પટેલ, જગદીશ પડિયા, હિમાશું પારેખ, ડી.બી. બગડા, નુર્પેન ભાવસાર, ડી.ડી. મહેતા, રાજભા ઝાલા, શૈલેષ ભટ્ટ, ઓમદેવસિંહ જાડેજા, ભૂપેન્દ્રસિંહ જાડેજા, પ્રણવ પટેલ, સમીર પટેલ, વિજય ભટ્ટ, વિમલ ભટ્ટ, અશ્વિન ગોસાઈ સહિતના વિજયી બનાવવા હાકલ કરી છે.

## (ચોથા પાનાનું ચાલુ)

### ગૌ ટેક ૨૦૨૬...

માટે અમલમાં રહેલી યોજનાઓ, નીતિઓ અને સફળ મોડેલ્સની માહિતી રજૂ કરશે. ગૌ સેવા આયોગની ટીમો પ્રદર્શનના માધ્યમથી રાજ્ય સરકારની સહાય યોજનાઓ, આર્થિક અનુદાન, તાલીમ કાર્યક્રમો, ટેકનોલોજીકલ સહાય, સંશોધન પહેલો અને નવી યોજનાઓ અંગે માર્ગદર્શન આપશે, જેથી ગૌશાળાઓ, ગૌસેવકો, ઉદ્યોગસાહસિકો અને સંશોધકોને સીધો લાભ મળી શકે. આ પરસ્પર સંવાદ દ્વારા રાજ્યોથી રાજ્ય વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન થશે અને સમગ્ર દેશમાં ગૌસેવા પ્રવૃત્તિઓને સંસ્થાગત, આત્મનિર્ભર અને દીર્ઘકાળીન સ્વરૂપ આપવા માટે મજબૂત પાયો રચાશે.

### દરિયાઈ સાહસ અભિયાન...

સિદ્ધરાજ સોલંકી અને જિનલ પિત્રોડા જેવા યુવા ખેલાડીઓએ અદમ્ય સાહસ અને શિસ્તનું પ્રદર્શન કરી દરિયાઈ પડકારોને ઝીલ્યા હતા.

આ પ્રોજેક્ટના ચેરમેન તરીકે રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ સેવા આપી હતી, જ્યારે સમગ્ર આયોજન ગુજરાત રાજ્યના પૂર્વ રમત-ગમત મંત્રી અને એસોસિએશનના પ્રમુખ ઉમેશભાઈ રાજ્યગુરુના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

## (૧૧માં પાનાનું ચાલું)

### સ્ટેન્ડીંગ...

વર્ષઃ ૨૦૨૫-૨૬ માટે રસ્તા કામનો ઝોનલ કોન્ટ્રાક્ટ પણ મંજૂર કરવામાં આવ્યો છે.રૈયા ગામથી સ્માર્ટ સિટી સુધીના ડીપી રોડને ડેવલપ કરવા માટે રૂ.૧૮.૫૮ કરોડ વોર્ડ નં. ૧૨ માં વાવડી વિસ્તારમાં વ્રજવીલા એપાર્ટમેન્ટ પાસે લાઈબ્રેરી બનાવવા ૧૯ કરોડ, આજી જીઆઈડીસીના રસ્તાઓને ડામરથી મઢવા માટે રૂ.૧૪.૮૫ કરોડ,વોર્ડ નં.૪માં રાજલક્ષ્મી મેઈન રોડ પર બ્રિજ બનાવવા માટે રૂ.૪.૪૩ કરોડ, કોર્પોરેશન સેન્ટ્રલ ઝોનમાં આવેલા ફાયર બ્રિગેડ શાખાના જુના ફાયર સ્ટેશન બિલ્ડીંગનું તોડી નવું બિલ્ડીંગ બનાવવા માટે રૂ. ૧૨.૨૩ કરોડ વોર્ડ નં.૪ માં ટીપી સ્કીમ નં.૧૨ માં ૫૦ ફૂટ ડી માર્ટ રોડ પર આવેલા ફાઈનલ પ્લોટ નંબર ૮૫ માં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ કરવા રૂ.૨૯ કરોડ,વોર્ડ નં.૯માં કોસ્મોપ્લેક્સ પાસેથી ૧૫૦ ફૂટ રીંગ રોડને જોડતા ૧૮ મીટરના રોડને ડેવલપ કરવા રૂ.૩.૧૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરના વોર્ડ નં. ત૩માં જયુબિલી શાક માર્કેટના નવીનીકરણ માટે ૨૯ કરોડ, વોર્ડ નં. ૧૫માં ફાયર સ્ટેશન બનાવવા રૂ.૩૦ કરોડ, વોર્ડ નં.૮માં પીજીવીસીએલ કચેરી સામે વેજીટેબલ માર્કેટ બનાવવા રૂ. ૨૦ કરોડ, નાકરાવાડી ગારબેજ સ્ટેશનમાં ઈન્ટરનલ રોડ ડેવલોપ કરવા રૂ. ૧૫.૮૩ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

### હર્ષ સંઘવી...

પાઠવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, વડીલોની ઉપસ્થિતિમાં તહેવારની ઉજવણી કરવી એ સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે અને સૌના જીવનમાં આ હોળી-ધુળેટીનો તહેવાર સુખ-શાંતિ લાવે તેવી પ્રાર્થના કરી હતી. રંગોનો આ તહેવાર સૌના જીવનમાં નવી આશા અને ઉત્સાહના રંગો પૂરે તથા સૌનું સામાજિક જીવન પરસ્પર સ્નેહ અને મીઠાશથી મહેકતું રહે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી.

### મુખ્યમંત્રી...

હતું. વડાપ્રધાનશ્રી સરદાર સાહેબના એ જ વિચારો અને જીવનમૂલ્યોને જન જન સુધી પહોંચાડી 'એક ભારત શ્રેષ્ઠ ભારત' માટે પ્રયાસો કરે છે. સરદાર સાહેબની જેમ સૌના મનમાં નેશન ફર્સ્ટની ભાવના ઉજાગર કરવાનો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત અને મધ્ય પ્રદેશના વિસ્તારોમાં યોજાનાર આ યાત્રામાં સરદારસાહેબના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજવસ્તુઓ લોકોના દર્શન માટે રાખવાના આયોજન બદલ મુખ્યમંત્રીશએ આયોજકોને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે આ યાત્રા સરદાર સાહેબનું સમર્પણ, દેશપ્રેમ અને તેમની અટલ એકતાની ભાવનાને જનજનમાં જીવંત કરશે.

મુખ્યમંત્રીએ દેશની એકતા અને અખંડિતતાને સુદ્રઢ કરવા સમર્પિત રહેવા અને સ્વદેશીનો મંત્ર અપનાવવા આહ્વાન કર્યું હતું. સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવવો, એ સમયની માગ છે. આપણે સૌ એક બનીને વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરીશું અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરીશું, એ જ સરદાર સાહેબને સાચી ભાવાંજલિ હશે, એવું તેમણે ઉમેર્યું હતું.

### પોલિસ...

ડીસીપી હેતલ પટેલ, રાકેશ દેસાઈ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ પરીવાર સાથે ધુળેટી પર્વની ઉજવણીમાં જોડાયા હતાં. સાથે સાથે શહેર પોલીસના જવાનો પણ ધૂળેટી પર્વની ઉજવણીમાં જોડાયા હતા. રેન્જ આઈજી બંગલે થયેલ ધુળેટી પર્વની ઉજવણીમાં શહેર અને ગ્રામ્ય પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતના જવાનોએ એકબીજા સાથે મળીને આખા વર્ષનો થાક ઉતારી એકબીજા પર કલરની છોડો ઉડાડીને પર્વની ઉજવણી કરી હતી.

ગઈકાલે રાજકોટ ગ્રામ્ય અને શહેર પોલીસે એકબીજા સાથે મળી કરેલ ધુળેટી પર્વની કલરફુલ ઉજવણીમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ આ ઉત્સાહમાં જોડાયા હતાં.

શહેરમાં ધૂળેટી પર્વની પોલીસ વિભાગમાં અધિકારીઓ દ્વારા પરિવાર સાથે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ધુળેટી પર્વે કાળચક્ર...

વિસ્તારમાં પણ ધુળેટી દરમિયાન દુઃખદ ઘટના બની હતી. કીમ નદીમાં ન્હાવા જતાં સમયે ત્રણ યુવકો ડૂબી જતા મોત થયા હતા. ઘટનામાં અત્યાર સુધીમાં ત્રણ યુવકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે એકની શોધખોળ હજુ પણ ચાલુ છે. સ્થાનિક લોકોએ યુવકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમને બચાવી શકાયા નહોતા. ત્યારબાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા. સુરતના તાપીમાં નદીમાં ન્હાવા પડેલા બે મિત્રો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે.

જયારે રંગોભર્યા સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાનસરા ગામેથી સામે આવ્યો છે. પાનસરા ગામે આવેલી આર આર રેસીડેન્સીમાં ધુળેટીના પર્વની ધમાકેદાર ઉજવણી કર્યા બાદમાં કેટલાક લોકો નજીકમાં આવેલી નદીમાં ન્હાવા માટે ગયા હતા, ત્યારે નદીમાં નહાતા સમયે હેપ્પી સિંહ નામનો યુવક પાણીમાં ડૂબવા લાગતા પરિવારનો ભાઈ ચંદ્ર ભૂષણ બચાવવા પાણીમાં કૂદ્યો હતો અને તે પણ ડૂબવા લાગતા સાથે ન્હાવા આવેલો સંજય પટેલ ( માંગુકિયા ) બંનેને બચાવવા પાણીમાં કૂદ્યો હતો, જોકે પાણી એટલું ઊંડું હતું કે ત્રણેય ત્યાં ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યા હતા.

### અરવલ્લીના માલપુરમાં તળાવમાં બે બાળકો ડૂબી ગયા

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના નવા ગામે તળાવમાં ન્હાવા જતા બે બાળકોના ડૂબી જવાથી મોત થયા છે. બંને બાળકો ધુળેટી રમવા માટે તળાવ પાસે ગયા હતા, જ્યાં આ દુર્ઘટના બની હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળા તળાવ પાસે ઉમટી પડ્યા હતા. મોડાસા ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી બંને બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા હતા. માલપુર પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ મૃતક બાળકોની ઉંમર આશરે ૧૦ અને ૧૧ વર્ષ હતી. માઝુમ નદીમાં રાયચંદ ડામોર અને જૈમીન ડામોર નામના બે પિતરાઈ ભાઈઓ ધૂળેટી રમીને શરીર સાફ કરવા ગામના તળાવે ગયા હતા.

### અમરેલીના વિઠ્ઠલપુર નજીક શેત્રુંજી નદીમાં ડૂબતા યુવક મોતને ભેંટયો

અમરેલી જિલ્લાના વિઠ્ઠલપુર નજીક શેત્રુંજી નદીમાં એક યુવક ડૂબી જવાની ઘટના પણ સામે આવી છે. ધુળેટીનો તહેવાર હોવાથી યુવક નદીમાં ન્હાવા માટે ગયો હતો, પરંતુ તે ડૂબી ગયો હતો. અમરેલી ફાયર વિભાગે સ્થળ પર પહોંચી યુવકની લાશ નદીમાંથી બહાર કાઢી હતી. મૃતક યુવક અમરેલીના બહારપરા વિસ્તારનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

### કડીના કેનાલમાં ડૂબતા યુવકનું મરણ

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં પણ કેનાલમાં ડૂબી જવાથી એક યુવકનું મોત થયું છે. થોળ રોડ પર આવેલી કેનાલમાં ધુળેટીની ઉજવણી બાદ યુવક ન્હાવા માટે ઉતર્યો હતો, ત્યારે તે ડૂબી ગયો હતો. તરવૈયાઓની મદદથી યુવકના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

### મહેસાણામાં સુજલામ સુફલામ કેનાલમાં ચાર યુવકો ડૂબ્યા, બેના મોત

બીજી તરફ મહેસાણા જિલ્લાના મોટીદઉ નજીક સુજલામ સુફલામ કાચી કેનાલમાં ધુળેટીના દિવસે દુઃખદ ઘટના બની હતી. મળતી માહિતી મુજબ ધુળેટીના પર્વ નિમિત્તે ચાર યુવાનો કેનાલમાં ન્હાવા માટે ઉતર્યા હતા, દરમિયાન તેઓ ડૂબવા લાગતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને તરવૈયાઓ તરત જ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી. આ ઘટનામાં ચાર યુવાનોમાંથી બે યુવાનોનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો, જ્યારે બે યુવાનોના કરૂણ મોત થયા છે. ઘટનાની માહિતી મળતા મહેસાણા ગ્રામ્ય મામલતદાર સહિત તંત્રની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પરંતુ ૧૪ વર્ષીય જયરાજ ઠાકોર અને ૨૩ વર્ષીય વિજયજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું છે

# ઘાટકોપરમાં લીંબડી અજરામર સંપ્રદાયના તત્વજ્ઞાકુમારીજી મ.સ. કાળધર્મ પામ્યા

**અબતક, રાજકોટ**

લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ.ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી પૂ.ધન-મંજુલ મ.સ.ના પરિવારના તત્વજ્ઞાકુમારી મ.સ. (લાકડીયા), ૪૨ વર્ષના દીક્ષા પર્યાય સહિત ૬૪ વર્ષની વયે તા.૪/૩/૨૬ને બુધવારે સવારે ૧૧માં ઉપવાસે અનશનવ્રત સહિત સમાધિભાવે કાળધર્મ પામ્યા છે. પૂ.મહાસતીજી બ્લડ કેન્સરની બિમારીમાં સ્વસ્થ હતા. ધીરગુરૂદેવ દર્શન દેવા પધારતાં અનુમોદનાનો અહોભાવ અભિવંદનીય હતો. અજરામર વૈયાવચ્ચ કેન્દ્રમાં રશ્મિનાજી મ.સ. આદિ ઠાણાની વૈયાવચ્ચ પામ્યા હતા. આજે બપોરે ૩-૩૦ કલાકે કાર્યવાહક ભાસ્કરજી સ્વામીની નિર્યામણા બાદ ઘાટકોપર હિંગવાલા લેન મોટા ઉપાશ્રયેથી પાલખીયાત્રા નીકળી હતી.



### માર્ચના આરંભે...

ડિગ્રી, દીવનું તાપમાન ૩૬.૯, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૭.૭ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૭.૮ ડિગ્રી અને કેશોદનું મહત્તમ તાપમાન ૩૭.૯ ડિગ્રી નોંધાયું હતું.

માર્ચના આરંભે જ સુર્યનારાયણ આકાશમાંથી જાણે આગ ઓકી રહ્યા હોય તેવા આકરા તડકા પડી રહ્યા છે. આ વર્ષ ઉનાળો પાછલા તમામ વર્ષોના રેકોર્ડબ્રેક કરે તેવી સંભાવના જણાય રહી છે. આગામી દિવસોમાં રાત્રિનું તાપમાન પણ ઉંચુ રહેશે.

### પ્રવાસન-યાત્રાધામો...

મંદિરના વિકાસ માટે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવા કામો માટે રૂ.૧.૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

રાજ્યના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને જાળવવાના ભાગરૂપે, પંચમહાલ જિલ્લાના ગોધરામાં મહાત્મા ગાંધી દ્વારા ૧૯૧૭માં સ્થાપિત ઐતિહાસિક ગાંધી આશ્રમના રિનોવેશન માટે રૂ.૩.૩૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સાથે જ, ડાંગના આદિવાસી સંસ્કૃતિના પ્રતિક સમાન 'ડાંગ દરબાર-૨૦૨૬' ના ભવ્ય આયોજન માટે અત્યારથી જ રૂ.૧.૨૫ કરોડની રકમ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ તમામ વિકાસલક્ષી કામો આગામી સમયમાં ગુજરાતના પ્રવાસન નક્શાને વધુ સુદ્રઢ બનાવશે અને શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ માટે સુવિધાઓના નવા દ્વાર ખોલશે.

### ઉદ્યોગોને અપાતા ગેસ...

એક અઠવાડિયા જેટલો નેચરલ ગેસનો જ જથ્થો ઉપલબ્ધ છે. યુદ્ધની પરિસ્થિતિ યથાવત રહી તો મોટાભાગના સિરામિક યુનિટ્સ આગામી દિવસોમાં શટડાઉન કરવા જ પડશે.

વિશ્વસ્તરે મધ્ય પૂર્વમાં ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો પ્રભાવ હવે મોરબીના સિરામિક ઉદ્યોગ સુધી પહોંચ્યો છે. મોરબી સિરામિક ઉદ્યોગમાં નેચરલ ગેસ અને પ્રોપેન ગેસનો ઉપયોગ થાય છે, જે ઉત્પાદન પ્રક્રિયા માટે ઓક્સિજન સમાન છે. હાલ યુદ્ધને કારણે પ્રોપેન ગેસની આયાત સંપૂર્ણપણે અટકી ગઈ છે. ત્યારે ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ હાલમાં મોટાભાગના યુનિટ્સ પાસે વધીને માત્ર ૨૪ કલાક ચાલે એટલો જ પ્રોપેન ગેસ ઉપલબ્ધ છે. બીજી તરફ નેચરલ ગેસનો જથ્થો પણ આશરે એક અઠવાડિયા પૂરતો જ બાકી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં આગામી અઠવાડિયામાં મોટા પાયે સિરામિક યુનિટ્સ શટડાઉન કરવાની ફરજ પડી શકે છે.

કેટલાક પ્રોપેન આધારિત યુનિટ્સે તો શટડાઉનની જાહેરાતો પણ શરૂ કરી દીધી છે.

આ સંજોગોમાં મોરબી સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા અંદાજે ચાર લાખથી વધુ કામદારોના રોજગાર પર સીધી અસર થવાની શક્યતા છે. જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય અને ગેસની આવક ફરી શરૂ થાય તો પણ વધેલી કિંમતે ગેસ મળવાની સંભાવના છે, જે ઉદ્યોગ માટે વધુ મોટો આર્થિક ફટકો સાબિત થઈ શકે છે. ગેસ અછતને ધ્યાનમાં રાખીને મોરબી સિરામિક એસોસિયેશન અને ગુજરાત ગેસના અધિકારીઓ વચ્ચે તાત્કાલિક બેઠક યોજાઈ હતી. બેઠકમાં ચર્ચા મુજબ હાલ કોઈ અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ નથી. ગુજરાત ગેસના ગ્રાહકોને નેચરલ ગેસ સપ્લાયમાં ૫૦ ટકા સુધી કાપ મૂકાયો છે. જો સાઉદી અરેબિયા તરફથી ગેસ સપ્લાય વહેલી તકે ફરી શરૂ થાય તો પરિસ્થિતિ કાબૂમાં આવી શકે છે, પરંતુ યુદ્ધ લાંબુ ચાલે તો નેચરલ ગેસ આધારિત તમામ યુનિટ્સને પણ શટડાઉન કરવાની ફરજ પડી શકે છે.

### રાજકોટ માર્કેટીંગ યાર્ડ...

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં કપાસ, ઘઉં, ચણા, વટાણા, લસણ, સફેદ તલ, રાઈ, રાયડો, મેથી, સિંગફાડા અને જીરૂની નોંધપાત્ર આવક થવા પામી હતી. કપાસની ૨ હજાર મણ, ઘઉંની ૪૭૦૦૦ મણ, ચણાની ૨૨૩૦૦ મણ, તુવેરની ૯ હજાર મણ, મગફળીની ૫ હજાર મણ, રાઈ-રાયડોની ૩ હજાર મણ, વટાણાની ૭ હજાર મણ, મેથીની ૪૨૦૦ મણ, સિંગફાડાની ૫૦૦ મણ, લસણની ૧૭૦૦ મણ અને સફેદ તલની ૮૦૦ મણ આવક થવા પામી હતી. વિવિધ જણસી ભરેલા ૧૧૫૦ જેટલા વાહનો આવ્યા હતા. યાર્ડના યુવા ચેરમેન જયેશભાઈ બોઘરા અને વાઈસ ચેરમેન વિજયભાઈ કોરાટ સહિતના ડિરેક્ટરો ઉતરાઈ વ્યવસ્થામાં લાગી ગયા હતા. એક પછી એક વાહનોને ક્રમશઃ પ્રવેશ આપવામાં આવ્યો હતો.

### આઈટી રિટર્ન...

તે અંગે આકારણી અધિકારીને અનિયંત્રિત વિવેકબુદ્ધિ આપે છે, કાયદા દ્વારા કોઈ ફ્લોર નિર્ધારિત નથી. સંસ્થાએ ભલામણ કરી છે કે ૧૯૬૧ના આઈટી કાયદાની કલમ ૧૩૯ અને ૨૦૨૫ના આઈટી કાયદાની કલમ ૨૬૩ બંનેમાં સુધારો કરવામાં આવે જેથી નોટિસની સેવાની તારીખથી કાયદાકીય રીતે ઓછામાં ઓછા ૩૦ દિવસની ગેરંટી મળે, પછી ભલે અધિકારી ગમે તે સમયગાળો નક્કી કરે.

### કેકેવી ચોક...

મૂળ કાલાવડ પંથકના આરોપી અહીં રાજકોટ મિત્રો સાથે ધુળેટી રમવા આવ્યો હતો. દરમિયાન ગઈકાલે રાત્રે કેકેવી ચોક નજીકથી ભેદી રીતે મોબાઈલ ગુમ થઈ ગયો હતો. જે બાદ તેણે નેપાળી યુવાનએ મોબાઈલ લઈ લીધો હોય તેં મામલે બંને વચ્ચે બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. દરમિયાન અક્ષયરાજસિંહે નજીક પડેલો પથ્થર ઉઠાવી મૃતકને માથાના ભાગે ઘા ઝીંકી દેતાં નેપાળી યુવાન લોહીલુહાણ થઈ ગયો હતો. જે બાદ બેભાન હાલતમાં યુવકને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો પરંતુ ત્યાં યુવાને દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો.

## દુઃખદ અવસાન


### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### પત્રકાર કમલેશભાઈ પારેખના કાકાનું અવસાન



રાજકોટ (ખાનપર નિવાસી) સ્વ.વિકમચંભાઈ પારેખ ના પુત્ર સ્વ.સુરેશભાઈ વિકમચંદભાઈ પારેખ ઉંમર વર્ષ, ૭૩,નુ તા.૩-૦૩-૨૦૨૬મંગળવાર ના રોજ રાજકોટ ખાતે દુઃખ અવસાન થયેલ છે જેઓ પ્રિતિબેન ના પતિ તેમજ નિધીબેન, હેતલબેન, (અમેરીકા) પપ્પા થાય તથા શાંતિભાઈ (મુંબઈ) રમણીકભાઈ રાજકોટ (મીઠાપુર) લલિતભાઈ, (રાજકોટ) સ્વ.અમુભાઈ (જામનગર )સ્વ. જયવંતભાઈ (વડોદરા), દયાબેન (મુંબઈ)મંજુબેન, મનુબહેન, જ્યોત્સનાબહેન નાનાભાઈ થાય છે. ચક્ષુદાન કરેલ છે.

### આજકાલ પરિવારના પ્રતાપભાઈ ચાવડાનું અવસાનઃ શનિવારે બેસણું



આજકાલ દૈનિક રાજકોટ કાર્યાલયના જાહેર ખબર વિભાગના કર્મચારી પ્રતાપભાઈ મોહનભાઈ ચાવડાનું ૬૪ વર્ષની વયે અવસાન થતા સાથી કર્મચારીઓ તેમજ પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રતાપભાઈ મોહનભાઈ ચાવડા (ઉ.વ.૬૪) તે પ્રવીણભાઈના વડીલ બંધુનું તા.૪/૩ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૭ માર્ચના શનિવારે સાંજે ૪ થી ૬ ઈનોવેટિવ સ્કૂલની સામે, મિલાપનગર મેઈન રોડ સર્વેશ્વર મહાદેવનું મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

વાંકાનેર નિવાસી સ્વ. ભુદરભાઈ વલ્લભજીભાઈ રાજવીરના પુત્ર અશોકભાઈ (ઉ.વ.૬૪) તે સ્વ. જયંતિલાલ, સ્વ. મનસુખભાઈ, સ્વ. ચંદ્રકાંતભાઈ, લલીતભાઈ, પ્રફુલભાઈના ભાઈ, ધવલભાઈ, આશિષભાઈના પિતા, રાજકોટ નિવાસી સ્વ. વિનોદચંદ્ર ગોપાલજી સોનછાત્રાના જમાઈનું તા. ૩-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બન્ને પક્ષનું ઉઠમણું તા ૬-૩ ને શુક્રવારના રોજ સાંજે ૫ કલાકે ફળેશ્વર મહાદેવ મંદિર, જડેશ્વર રોડ, વાંકાનેર ખાતે રાખેલ છે.

**રાજુલાઃ** આહીર સમાજના યુવા આગેવાન સામાજિક કાર્યકર આતાભાઈ વાઘના પિતા, સ્વ વાલેરાભાઈ નગાજણભાઈ વાઘ (ઉ.વ.૮૨)તે સોમાભાઈના ભાઈ, આતાભા, નનાભાઈ, બુધાભાઈ અને બાબુભાઈના પિતાનું તા. ૩ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ મુળ કોઠારીયા હાલ રાજકોટ ભાનુશંકર દેવશંકર જોષી (ઉ.વ. ૮૮) તે સુનીલભાઈ અને વિણાબેન હિતેશભાઈ દેસાઈ (સુરત)ના પિતાશ્રી તે હરિલાલ વિદ્યારામ જોષી - ખાંડાધારના જમાઈનું તા. ૪/૩ને બુધવારે અવસાન થયું છે. સદગતનું બંને પક્ષનું ઉઠમણું તથા બેસણું તા.૬/૩ને શુક્રવારે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ જાગનાથ મહાદેવ મંદિર, કોઠારીયા મુકામે રાખ્યું છે.

**રાજકોટઃ** શારદાબેન બાબુલાલ કારીયા તે બાબુલાલ જેઠાલાલ કારીયાના પત્ની, દિનેશભાઈ, રાજેશભાઈ, જયેશભાઈ, હંસાબેન ચંદ્રકાન્તભાઈ સોઢા, તરલીકાબેન નરેન્દ્રકુમાર કોટકના માતા, સ્વ.કચરાભાઈ શામજીભાઈ સૌમેયા (ગોંડલ) ના દીકરીનું અવસાન થયેલ છે જેમનુ ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૬ ને શુક્રવાર ૫ થી ૬ પંચનાથ મંદિર લીમડા ચોક ,રાધા કૃષ્ણ હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોર્ટમાં બપોરે બે વાગ્યે બોમ્બ વિસ્ફોટ થશે: ફરીવાર ધમકીભર્યો ઈમેઈલ મળ્યો

## એસઓજી, બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ, ક્યુઆરટી, સ્થાનિક પોલિસેં દોડી જઈ ચેકીંગ હાથ ધર્યું

## તપાસના અંતે કશું જ વાંધાજનક નહિ મળતા ધમકી વધુ એકવાર પોકળ સાબિત થઈ: ઈમેઈલ આઈડીની તપાસ




**અબતક, રાજકોટ**

ઘંટેશ્વર નજીક આવેલી નવી કોર્ટમાં બપોરે બે વાગ્યે બોમ્બ બ્લાસ્ટ થશે તેવો ધમકીભર્યો ઈમેઈલ ફરીવાર મળતા એસઓજી, બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ, ક્યુઆરટી, સ્થાનિક પોલિસની ટીમો દોડી ગઈ હતી. પોલિસ દ્વારા કોર્ટના ખૂણેખૂણાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

ધમકીભર્યા ઈમેઈલ અંગે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આજે સવારે ૧૧ વાગ્યાં આસપાસ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર મેઈલ મળ્યો હતો. જે ઈમેઈલમાં આજે બપોરે બે વાગ્યે કોર્ટમાં બોમ્બ બ્લાસ્ટ થશે તેવી ધમકી અપાઈ હતી. જે મામલે કોર્ટ તંત્ર દ્વારા પોલિસ કંટ્રોલને જાણ કરાઈ હતી. જે કોલ એસઓજીને મળતા પીઆઈ એસ એમ જાડેજાની રાહબરી હેઠળની પીએસઆઈ વી વી ધ્રાંગુ, એમ વી જાડેજા, વી કે ઝાલાની ટીમો કોર્ટ સંકુલ ખાતે દોડી ગઈ હતી. એસઓજીએ કોર્ટ સંકુલમાં બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ, ક્યુઆરટી, સ્થાનિક પોલિસને સાથે રાખી ખૂણેખૂણામાં સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. જો કે, તપાસના અંત સુધીમાં પોલિસને કોર્ટ સંકુલમાંથી કશું જ શંકાસ્પદ નહિ મળી આવતા તંત્રને હાશકારો અને ધમકીનો દાવો પોકળ સાબિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, ચેકીંગ દરમિયાન કોર્ટ કાર્યવાહી ચાલુ જ રાખવામાં આવી હતી. હાલ સાયબર ક્રાઈમની ટીમો દ્વારા ઈમેઈલ આઈડીની તપાસ શરૂ કરવામાં આવી છે.

## વડોદરા કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, સંકુલ ખાલી કરાવી પોલીસનું ચેકિંગ

વડોદરામાં દિવાળીપુરા સ્થિત કોર્ટ સંકુલને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે. ટૂંકા ગાળામાં બીજી વખત મળેલી આ ધમકીને પગલે પોલીસ તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. સાવચેતીના પગલા રૂપે કોર્ટના તમામ એન્ટ્રી ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા અને વકીલો તેમજ અસીલોના પ્રવેશ પર રોક લગાવી દેવામાં આવી હતી. હાલ પૂરતું કોર્ટનું તમામ કામકાજ સ્થગિત કરી દેવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી આવતીકાલે યોજાનાર છે તે પૂર્વે વડોદરા દિવાળીપુરા સ્થિત કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તેમજ તમામ કોર્ટ ખાલી કરાવી દેવામાં આવી છે. પોલિસની તપાસના અંતે અહીંથી પણ કશું જ શંકાસ્પદ મળી આવ્યું નહીં હોવાથી હાશકારો થયો હતો.

# ૯૬૨ બોર્ડ-બેનરો જપ્ત: રૂ.૩.૫૭ લાખનો દંડ વસૂલાયો

## રાજમાર્ગો પર નડતરરૂપ ૨૮ રેકડી કેબિનો પણ કબ્જે કરાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ,કોઠારીયા રોડ,મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ, રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી, જંક્શન રોડ, ઢેબર રોડ, પરા બજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૨૮ રેકડી અને કેબીન જપ્ત કરવામાં આવી હતી.

ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ, કોઠારીયા રોડ, મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ, ૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ, રામાપીર ચોકડી,કાલાવડ રોડ, જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ, પરા બજાર,ગુંદાવાડી,પરા બજાર, ગાયત્રીનગર મેઈન રોડ,યાજ્ઞિક રોડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી જુદીજુદી અન્ય ૨૩૨ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવ્યા હતા.

ધરાર માર્કેટ,પેડક રોડ,પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ,કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે, મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી, કાલાવડ રોડ, જ્યુબેલી,જંક્શન રોડ, ઢેબર રોડ, પરા બજાર, ગુંદાવાડી, પરા બજાર પાસેથી ૭૭૮ કિલો શાકભાજી- ફળ જપ્ત કરવામાં આવેલ. કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ, નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસે થી રૂ.૧,૯૫,૨૦૦ મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવ્યું હતું.

## નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ધ્વની શાહએ ગોલ્ડ મેડલ મેળવ્યો

**અબતક, રાજકોટ**

હાલ માં તા. ૨૬ થી ૨૮ ના રોજ ઈન્દોર ખાતે યોજાયેલ નેશનલ પેરા ટેબલ ટેનિસ ચેમ્પીયનશીપ ૨૦૨૫/૨૬ માં રાજકોટ થી દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ઈનટરનેશનલ પ્લેયર ધ્વની શાહ દ્વારા ભાગ લેવા માં આવેલ. તેઓ દ્વારા વિમેન્સ સિંગલ માં સોનલ ડાભી ને હરાવી ને સિલ્વર મેડલ, વિમેન્સ ડબલ્સ માં ગોલ્ડ મેડલ તથા મિક્ષ ડબલ્સ માં સિલ્વર મેડલ મેળવી રાજકોટ તથા ગુજરાત નું નામ રોશન કરેલ છે. તેઓ ને મેચ ની. પ્રેકટીશ દરમ્યાન હાથ માં ફ્રેકચર થતા. હિંમત હાર્યા વગર પોતાની કરેલ મહેનત તથા દ્રઢતા થી દર્દ ને સહન કરી ને રમત રમતા આ સિદ્ધિ હાસિલ કરી છે. જે ખુબ જ ગર્વ ની વાત છે.



આ અગાઉ ઈનટરનેશનલ મા જોર્ડન ખાતે બ્રોન્ઝ મેડલ મેળવેલ, તેમજ સ્પેન જાપાન અને ચાઈના ખાતે તેઓ આ રમત માં ભાગ મેળવેલ છે. તેની મહેનત બધા ને માટે પ્રેરણાદાયક અને બિરદાવવા લાયક છે.

# ઈવનિંગ પોસ્ટના વડિલો કાલે સંગીત સંધ્યા સાથે શ્રીનાથજીની ઝાંખીના કરશે દર્શન

## સરગમી સભ્યોને આનંદ-ધર્મના સમન્વય સમી ઈવેન્ટનો લ્હાવો લેવા અનુરોધ

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવાભાવિ સંસ્થા સરગમ કલબની ઈવનિંગ પોસ્ટ દ્વારા બુઝુર્ગો માટે સંગીત સંધ્યા સાથે શ્રીનાથજીની ઝાંખી દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

સરગમ કલબ ઈવનિંગ પોસ્ટના સિનિયર સભ્યો માટે સદાબહાર જૂના ગીતોની સંગીત સંધ્યા તથા શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમનું તા.૦૬/૦૩/૨૦૨૬ ને શુક્રવારે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ હેમુગઢવી નાટયગૃહ હોલમાં ઈવનિંગ પોસ્ટના સિનિયર સીટીઝનના સભ્યો માટે વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. આ મ્યુઝિક પાર્ટીમાં નામાંકિત ગાયકો : આશીફ જેરિયા, બિમલ શાહ, નિલેષ વસાવડા, અશ્વિની મહેતા, વર્ષા ઠાકર તેમજ મનસુરઅલી ત્રિવેદી પ્રસ્તુત ઓરકેસ્ટ્રા મેલોડી કલર્સ તેમજ ગિટારમાં તુષાર ગોસાઈ રંગ જમાવશે.

તમામ સભ્યોને પોતાના આઈકાર્ડ પર પ્રવેશ મળશે અને ગેસ્ટ તેનો ચાર્જ અલગથી લાગશે.

નવા સભ્ય બનવા માટે તેમજ રિન્યૂ થવા માટે તેના ફોર્મ વિતરણ ચાલુ છે. ફોર્મ મેળવવાનું અને ભરવા ઈવનિંગ પોસ્ટ સિનિયર સીટીઝન પાર્ક, જ્યુબેલી સામે, રાજકોટ જિલ્લા સહકારી બેંકની બાજુમાં સવારના ૯:૦૦ થી ૧૨:૦૦ , બપોરના ૪:૦૦ થી ૭:૦૦ ઓફિસનો સંપર્ક કરવા જણાવાયું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળા, મનસુખભાઈ મકવાણા, જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, સુરેશભાઈ મારૂ, ઘનશ્યામભાઈ મહેતા, ભાવનાબેન મહેતા જહેમત ઉઠાવી રહેલ છે.

# શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનની મહેનત લેખે લાગી: ત્રણ દિમાં ૨૯૩ બોટલ રકત થયું એકત્રિત

## સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે યોજાયા મહારકત દાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવા ભાવી સંસ્થા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનની રકતદાન માટેની જાગૃતિ ઝુંબેશએ રંગ લાવી હોય તેમ ત્રણ દિમાં ૨૯૩ બોટલ રકત એકત્ર કરાયું હતું.

શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિશેષ સહયોગથી શનિવારે સાંજે કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટના રકતદાન કેમ્પમાં સિવીલ હોસ્પિટલને ૧૦૩ બ્લડ બોટલ્સ જીવનદિપ બ્લડ બેંકન ૭૫ બ્લડ બોટલ્સ તેમજ રવિવારે સ્વ. લલીતાબેન વાધાણી ની સ્મૃતિ રુપે નાગર બોર્ડીંગ ખાતે ૫૧ તેમજ સદભાવના વૃદ્ધાશ્રમ રામપર ખાતે માવતરની રકતતુલામાં ૬૪ બ્લડની બોટલ્સ આમ ૨૯૩ બ્લડ બોટલ્સ એકત્રિત એકત્રિત થયેલ હતું. કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટના ડો. જીજ્ઞેશ મેવાસર, ટ્રસ્ટી વાધાણી પરિવારના પરેશભાઈ વાધાણી તેમજ સદભાવના



વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા અને ટ્રસ્ટી ગણ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીનો સહયોગ પ્રાપ્ત થયેલ.

## ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાનના મહત્વ વિશે કાલે યોજાશે માર્ગદર્શન શિબિર

**અબતક, રાજકોટ**

ભારતીય પ્રાચીન વૈદ પરંપરામાં ગર્ભ સંસ્કારનું મહત્વ છે. ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાન શિબિરનું મહત્વ છે. આ અંગે આવતીકાલે ૬ માર્ચ શુક્રવારે સાંજે ૫ થી ૬.૧૫ સુધી રાજકોટ જુના એરપોર્ટ રોડ, સ્વામીનારાયણ મંદિર વાળી શેરીમાં ભાભા કૃપા ૩ ગીતગુર્જરી સોસાયટી ખાતે ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાનના મહત્વ અંગે માર્ગદર્શન શિબિર યોજાશે.

## ગ્રંથાલય ભારતી નિબંધ સ્પર્ધાના વિજેતાઓને રવિવારે સન્માનાશે

**અબતક, રાજકોટ**

ગ્રંથાલય ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ નિમિત્તે યોજાયેલ નિબંધ સ્પર્ધાના વિજેતાઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાનો કાર્યક્રમ તા.૮મી માર્ચ, ૨૦૨૬, રવિવારે બપોરે ૪-૦૦ થી ૬-૦૦, "સત્વ" ભવન, જલારામ પ્લોટ-૨, યુનિવર્સિટી રોડ, એસ.બી.આઈ. બેંક પાસે, રાજકોટ યોજવામાં આવશે. આ કાર્યક્રમના ગ્રંથાલય ભારતીના અધ્યક્ષ ડો.નરેન્દ્રભાઈ દવે, મહામંત્રી દિલીપભાઈ ભટ્ટ, પ્રજ્ઞા સભાના પ્રાંત સંયોજક ડો. મનીષભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંત્રી ડો.રાજેશભાઈ ત્રિવેદી, જયેશભાઈ સંઘાણી, ધવલભાઈ જોશી, હિતેશભાઈ ત્રિવેદી, કલ્પેશભાઈ છાયા, ડો.વર્ષાબેન જોશી, વૈભવીબેન વીંછી, ડો.સોનલબેન જોશી વગેરે મહેનત કરી રહ્યા છે.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ દ્વારા ડોગ બાઈટ અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો


**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ રાજકોટખાતે ડોગ બાઈટ અંગેનો જાગૃતિ કાર્યક્રમની શરૂઆત સેમિનાર હોલમાં યોજવામાં આવ્યો હતો.જેમાં કોલેજના તમામ વિષયોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.તદઉપરાંત પ્રાધ્યાપકઓ પણ પોતાના વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ,રાજકોટના નોડલ ઓફિસર ડો. જયદીપ એચ. દેવમુરારી જેઓ ડોગ બાઈટ કાર્યક્રમ વિષે વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને જાગૃત,જાણકાર તથા ડોગ બાઈટ અંગે જ્ઞાન આપીને સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર સુંદર માહિતી આપી હતી. ડોગ બાઈટ (કૂતરાનું કરડવું) એટલે શું? ડોગ બાઈટ શું છે? ડોગ બાઈટના મુખ્ય કારણ?ડોગ બાઈટના જોખમો?ડોગ બાઈટ બાદ તાત્કાલિક શું કરવું?રેબિઝ વિશે મહત્વની માહિતી?ડોગ બાઈટથી બચવાના ઉપાયો? માનસિક અસર શું થાય? તથા નિષ્કર્ષ. રેબીજ જે જીવલેણ બીમારીથી કેવી રીતે બચી શકાય તે મામલે સરસ માહિતી પૂરી પાડી હતી.આ ઉપરાંત કૂતરું કરડે ત્યારે શું કરવું ?શું ન કરવું તથા તેની માટે તાત્કાલિક કઈ સારવાર લેવી વગરે ખૂબ જ સરસ રીતે જાણકારી આપી વિદ્યાર્થીઓને સતર્ક,ગંભીર અને કાળજી રાખવા જણાવેલ હતું.ખાસ કરીને સુપ્રીમ કોર્ટ દ્વારા સૂઓમોટો દાખલ કરી કૂતરું કરડવાની અલગ અલગ રાજ્યમાં બનતી ઘટનાને ગંભીરતા ધ્યાને લઈ ચુકાદો આપવામાં આવ્યો હતો કે દરેક શૈક્ષણિક સંસ્થા કોલેજો,શાળાઓ વગેરે જગ્યાએ આવા બનાવો ન બને તે માટે ડોગ બાઈટ અંગેનો જાગૃતિ કાર્યક્રમો યોજવા આદેશ કરવામાં આવ્યા છે.આ કાર્યક્રમમાં પધારેલ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થયેલ તમામ પ્રાધ્યાપકઓનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ સફળ ખૂબ જ સફળ રહ્યો હતો.

## મનપા સંચાલીત શાળા નં.૬૯માં હસ્તલેખન સ્પર્ધાના વિજેતાઓનું કરાયું સન્માન

**અબતક, રાજકોટ:** રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સ્કૂલ નં. ૬૯ ખાતે ૨૧મી ફેબ.ના આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાતી હસ્તલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા ભગતસિંહની ફાંસીની સજા માફ કરવા વાઈસરોયને લખાયેલું ઓછું જાણીતું પત્ર સુલેખન સ્વરૂપે ઉતાર્યું હતું. વિદ્યાર્થીઓમાં ભાષા સાથે સાથે ઈતિહાસ પ્રત્યે પણ જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને "ધ બાધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન, કલચર, સાયન્સ એન્ડ હ્યુમાનિટીઝ" નો ઉદાર સહયોગ મળ્યો હતો. મીનુ જસદણવાલા (મિનુ'સ સન્ડે સ્કૂલ) દ્વારા પ્રથમ ૬ વિજેતાઓને લખાણ પેડ અને સ્ટેશનરી પાઉચ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન ડો. અનામિક શાહ દ્વારા આપવામાં આવ્યું હતું. નિરણેતાઓ તરીકે ડો. રમેશ પીઠિયા (સરસ્વતી સ્કૂલ) અને ધ્રુવ કુંડેલ ઉપસ્થિત રહ્યા હતા. સરસ્વતી સ્કૂલના પ્રિન્સિપાલ કલ્પેશ ઘેરવાડાએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

# સાળંગપુરમાં મહંત સ્વામીના હસ્તે ૩૪ એન્જિનિયર્સ અને વકીલ સહિતના યુવાનોએ દિક્ષા ગ્રહણ કરી



**અબતક, રાજકોટ**

સંતો દ્વારા દિક્ષાર્થીના માતા-પિતાનું સન્માન. સાળંગપુર ધામ ખાતે બી.એ.પી.એસ. સ્વામીનારાયણ સંસ્થાના વડા મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ૨૯ શિક્ષીત યુવાનોએ દિક્ષા ધારણ કરી અધ્યાત્મને માર્ગે પ્રયાણ કર્યુ. જેમાં એમબીએ, માસ્ટર્સ એન્જીનીયર્સ, ગ્રેજયુએટસ, ડિપ્લોમાં એન્જીનીયર્સ, વકીલ જેવા કારકિર્દીના શિખરે હોવા છતાં સમાજ સેવાના માર્ગે પ્રયાણ કર્યુ. મહોત્સવ પ્રારંભ સવારે ૬ કલાકે વૈદિક પુજા સાથે થયેલ ત્યારબાદ મહંત સ્વામી મહારાજે મુમુક્ષુઓને યજ્ઞોપવિત ધારણ કરાવી સંતોષ નવદીક્ષીત પાર્ષદોને કંઠી, પાઘ ઉપવસ્ત્ર ધારણ કરાવી ગુરુહરીએ ગુરમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા દીક્ષાર્થીઓના માતા-પિતાનું સંતો દ્વારા સન્માન કરાયું. નિર્માણમાં સહયોગી થશે.

## બહેનો આત્મનિર્ભર બનશે તો સમાજ સશક્ત બનશે

# રીયલ હ્યુમન ટ્રસ્ટ દ્વારા "સૌંદર્ય શૃંગાર પારિતોષિક એવોર્ડ" કાર્યક્રમ યોજાયો

## મહિલાઓ માત્ર પરિવારની શક્તિ નથી સમાજ અને રાષ્ટ્રની વિકાસ યાત્રાની મજબૂત કડી છે

**અબતક, રાજકોટ**



રીયલ હ્યુમન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ૯ વર્ષ પૂર્ણ ૧૦માં વર્ષમાં નવી ઊર્જા સાથે પ્રવેશ સાથે રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે રીયલ હ્યુમન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સૌંદર્ય શૃંગાર પારિતોષિક એવોર્ડ-૩નું ભવ્ય અને ગૌરવસભર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માત્ર એવોર્ડ વિતરણ સુધી સીમિત ન રહી પરંતુ મહિલા સશક્તિકરણ, આત્મનિર્ભરતા અને આત્મસન્માનના સંદેશ સાથે સમાજમાં સકારાત્મક ઉર્જા પ્રસરાવતો ઉત્સવ બની રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યોજાયેલા ટેલેન્ટ શોમાં ૧૦૭થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના બ્યુટી અને કલાત્મક પ્રતિભાનો ઉત્તમ પ્રદર્શન કર્યો હતો. આ પ્રસંગે ૫૦૦થી વધુ બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્યતા અને ઉત્સાહભર્યું વાતાવરણ આપ્યું હતું.

સૌંદર્ય શૃંગાર પારિતોષિક-૩ નો હેતુ માત્ર બાહ્ય સૌંદર્યને પ્રોત્સાહન આપવાનો નથી, પરંતુ મહિલાઓના આત્મવિશ્વાસ, સંસ્કાર, પ્રતિભા અને સ્વાભિમાનને માન્યતા આપવાનો છે.

આ અવસર પર ટ્રસ્ટે આગામી સમયમાં વધુ વ્યાપક સ્તરે મહિલા સશકિતકરણ કાર્યક્રમો અને સામાજિક જાગૃતિ અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી.

ટ્રસ્ટના પ્રમુખ ડો.હિરેનભાઈ જોશીના દ્રષ્ટિવંત અને પ્રતિબદ્ધ નેતૃત્વ હેઠળ ટ્રસ્ટે સમાજમાં વિશ્વસનીય ઓળખ ઉભી કરી છે. ૯ વર્ષ દરમિયાન તેમના માર્ગદર્શન હેઠળ અનેક શૈક્ષણિક સેમિનાર, કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો, મહિલા આત્મનિર્ભરતા પ્રોજેક્ટ અને યુવાનો માટે પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક યોજાઈ હતી. ૧૦મા વર્ષમાં પ્રવેશ સાથે ટ્રસ્ટે મહિલા અને યુવા સશક્તિકરણને વધુ ગતિ આપવા, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વિશેષ અભિયાન ચલાવવા અને શિક્ષણ આધારિત પહેલોને વિસ્તૃત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. રીયલ હ્યુમન એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સમાજના સર્વાંગી વિકાસ માટે સમર્પિત રહી આગળ પણ પ્રભાવશાળી કામગીરી કરતું રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન માસ્ટર પંકજ, જાગૃતિ પરમાર અને કેતન ડેસ્ટેનિ દ્વારા બ્યુટી પાર્લર સાથે સંકળાયેલી બહેનોને વ્યવસાયિક કુશળતા, આધુનિક ટ્રેન્ડ અને આત્મવિશ્વાસ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુવ્યવસ્થિત સંચાલન પ્રફુલ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જયપાલસિંહ ઝાલા, મેહુલ રાયચુરા, કપિલ દૂધતરા, નીતિન કતીરા તથા યુવા ટીમે વિશેષ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વિજ્ઞાન અભિગમ દ્રષ્ટિ કોણથી જ દેશની પ્રગતિ થઈ: જાથા

## વિજ્ઞાન દિને રાજયભરમાં જાથાએ અનેક વિવિધ કાર્યક્રમો યોજાયા

**અબતક, રાજકોટ**

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ દ્વારા દેશભરમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય કચેરીએ વિજ્ઞાન દિનની શાનદાર ઉજવણી કરી હતી. રાજયમાં જિલ્લા મથકોએ વિજ્ઞાન વિષયક વિવિધ સ્પર્ધાઓ, રેલી સફળતાથી સંપન્ન થઈ હતી. રાજકોટ ખાતે રાજયકક્ષાના કાર્યક્રમમાં વિજ્ઞાન અભિગમ- દ્રષ્ટિકોણથી જ રાષ્ટ્રની પ્રગતિ થાય તેની વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી. રાજમાર્ગો ઉપર રેલીઓ જબરુ આકર્ષણ જમાવ્યું હતું.




રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ કરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણીના વિવિધ પાસાઓની વાત કરી હતી. ડો. સી.વી. રામનની શોધ માનવજાત માટે ઉપકારક સાબિત થઈ તેની માહીતી આપી હતી.

આજે રાજયના જિલ્લા, તાલુકા, શાળાઓમાં વિજ્ઞાન દિનની ઉજવણીમાં સફળતા મળી છે તેના કારણમાં જાથાનું લોકહૃદયમાં સ્થાન છે. રાજકોટમાં વિજ્ઞાન રેલીનું જબરુ આકર્ષણ ઉભું કર્યુ હતું. માર્ગો ઉપર વિજ્ઞાન આવે અંધશ્રદ્ધા ભાગે ભુવા ભાગેના સુત્રોએ લોકોનું ધ્યાન ખેચ્યું હતું.

વિજ્ઞાન દિવસની ઉજવણી રાજયમાં અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરુચ, અંકલેશ્વર સુરત, નવસારી, વલસાડ, વાપી, હિંમતનગર, રાજપીપળા, ડાંગ આહવાઃ, છોટા ઉદેપુર, ગોધરા વ્યારા, પંચમહાલ, મોડાસા, તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા તાલુકા મથકે સફળતાથી સંપન્ન થઈ હતી.

# ન હોય! બે લાખ વર્ષ જૂનું DNA ઘોડાના અવશેષોમાંથી શોધી કઢાયું



## બરફ વગર પણ લાખો વર્ષો સુધી સચવાઈ રહેલા DNA થી વિજ્ઞાનીઓને ચોંકાવ્યા

**અબતક,રાજકોટ**

વિજ્ઞાનની દુનિયામાં ક્યારેક એવી શોધો થાય છે જે જૂની તમામ માન્યતાઓને બદલી નાખે છે. તાજેતરમાં જર્મનીના શોનિંજન ખાતે પુરાતત્ત્વવિદોને કંઈક આવું જ હાથ લાગ્યું છે. સંશોધકોએ એક પ્રાચીન ઘોડાના અવશેષોમાંથી અંદાજે ૨,૦૦,૦૦૦ વર્ષ જૂનું DNA સફળતાપૂર્વક મેળવ્યું છે. આ શોધ એટલા માટે ખાસ છે કારણ કે અત્યાર સુધી વૈજ્ઞાનિકો માનતા હતા કે આટલા લાંબા સમય સુધી જૈવિક પદાર્થો માત્ર બરફમાં જ સચવાયેલા રહી શકે છે.

જર્મનીના લોઅર સેક્સનીમાં આવેલું 'શોનિંજન' સ્થળ પહેલેથી જ તેના પ્રાચીન લાકડાના ભાલાઓ માટે વિશ્વવિખ્યાત છે. ઉત્ખનન દરમિયાન, સંશોધકોને મધ્ય પ્લેઈસ્ટોસીન યુગના ઘોડાની એક લુપ્ત પ્રજાતિ, જેને 'ઈક્વસ મોસબેકેન્સિસ' કહેવામાં આવે છે, તેના હાડકાં મળી આવ્યા હતા.

યુનિવર્સિટીઓફ ટ્યુબિંગન અને અન્ય સંસ્થાઓના નિષ્ણાતોએ આ હાડકાંનું પરીક્ષણ કર્યું ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમાં હજુ પણ જીનેટિક મટિરિયલ એટલે કે DNA અકબંધ છે.

સામાન્ય રીતે, લાખો વર્ષ જૂનું DNA માત્ર સાઈબેરિયા જેવા અતિશય ઠંડા વિસ્તારોમાં અથવા ઊંડી ગુફાઓમાં જ મળી આવે છે, જ્યાં કુદરતી ફ્રીઝિંગ પ્રક્રિયા તેને સડતા અટકાવે છે. પરંતુ જર્મનીનું આ સ્થળ એક ખુલ્લું મેદાન છે જ્યાં હજારો વર્ષોથી બદલાતા હવામાન અને તાપમાનનો પ્રભાવ રહ્યો છે. છતાં પણ DNA સચવાઈ રહ્યું, તે એક મોટી વૈજ્ઞાનિક સિદ્ધિ માનવામાં આવે છે.આ શોધ સાબિત કરે છે કે જો યોગ્ય રાસાયણિક પરિસ્થિતિ હોય, તો DNA ને સચવાઈ રહેવા માટે માત્ર બરફની જ જરૂર નથી. આ સફળતા બાદ હવે દુનિયાભરના વૈજ્ઞાનિકો એવા સ્થળોએ ફરીથી તપાસ કરશે જ્યાં અગાઉ એમ માનીને સંશોધન છોડી દેવાયું હતું કે ત્યાં DNA મળી શકે નહીં. આનાથી આપણે પૃથ્વી પરથી લુપ્ત થયેલા પ્રાણીઓ અને આદિમાનવોના ઈતિહાસ વિશે વધુ સચોટ માહિતી મેળવી શકીશું.

### બરફ વગર આ DNA કેવી રીતે બચ્યું?

વૈજ્ઞાનિકો માટે સૌથી મોટો પ્રશ્ન એ હતો કે આટલા હજારો વર્ષોના બદલાતા હવામાન છતાં આ જૈવિક કણો નાશ કેમ ન પામ્યા? 'નેચર ઈકોલોજી એન્ડ ઈવોલ્યુશન' જર્નલમાં પ્રકાશિત અભ્યાસ અનુસાર જે કાંપમાં આ અસ્થિઓ દટાયેલા હતા, ત્યાં ઓક્સિજન નહોતો. જેના કારણે બેક્ટેરિયા કે અન્ય સૂક્ષ્મ જીવો તેનો નાશ કરી શક્યા નહીં તેમજ માટીમાં રહેલા કેલ્શિયમ કાર્બોનેટ અને અન્ય ખનિજોએ DNA ના ટુકડાઓને જકડી રાખ્યા અને તેમને સુરક્ષિત કવચ પૂરું પાડ્યું.

# નાદાર લોકોને નાણા ન ધીરવા એનબીએફસીને રિઝર્વ બેંકની ચીમકી

## જૂની લોનનો હપ્તો બાકી હોવા છતાં નવી લોન આપીને લેણાં છુપાવવાની જોખમી પદ્ધતિ સામે રિઝર્વ બેંકના કડક આદેશ

**અબતક ,મુંબઈ**

ભારતીય રિઝર્વ બેંક એ નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (NBFC) દ્વારા કરવામાં આવતી જોખમી ધિરાણ પદ્ધતિઓ સામે લાલ આંખ કરી છે. રિઝર્વ બેંક એ તાજેતરમાં તપાસ દરમિયાન જોયું છે કે કેટલીક NBFC કંપનીઓ એવા ગ્રાહકોને પણ નવી લોન આપી રહી છે જેમણે અગાઉની લોનના હપ્તા ભરવામાં ડિફોલ્ટ (નાદારી) કર્યું હોય. આ બાબતે સેન્ટ્રલ બેંકે ઓછામાં ઓછી ત્રણ મોટી NBFC કંપનીઓ પાસે ખુલાસો માંગ્યો છે.

રિઝર્વ બેંક ના ઈન્સ્પેક્ટરોએ વાર્ષિક તપાસ દરમિયાન નોંધ્યું હતું કે, ઘણી કંપનીઓ એવા ગ્રાહકોને ફરીથી લોન આપે છે જેમની જૂની લોન 'ઓવરડ્યુ' (બાકી) હોય, ભલે તેને હજુ સત્તાવાર રીતે NPA (બિન-ઉત્પાદક અસ્કયામત) જાહેર કરવામાં ન આવી હોય. રિઝર્વ બેંક એ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો કોઈ ગ્રાહકનો અગાઉનો ટ્રેક રેકોર્ડ ખરાબ હોય અને તેને નવી લોન આપવી હોય, તો તેના માટે કંપની પાસે બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી સખત પોલિસી હોવી જોઈએ.તપાસમાં એવા ચોંકાવનારા કિસ્સાઓ પણ સામે આવ્યા છે કે જ્યાં ગ્રાહકે વ્હીકલ લોન (વાહન લોન) ભરવામાં ડિફોલ્ટ કર્યું હોય, તેમ છતાં તે જ ગ્રાહકને 'લોન અગેન્સ્ટ પ્રોપર્ટી' કે હોમ લોન જેવી નવી લોન મંજૂર કરવામાં આવી હોય. બેંકિંગ નિષ્ણાતોના મતે, આ પદ્ધતિને 'એવરગ્રીનિંગ' કહેવામાં આવે છે. આ એક એવી પ્રક્રિયા છે જેમાં જૂની લોનના હપ્તા ભરવા માટે ગ્રાહકને નવી લોન આપવામાં આવે છે, જેથી કંપનીના ચોપડામાં લોન ડૂબેલી ન દેખાય અને આર્થિક સ્થિતિ સારી લાગે.રિઝર્વ બેંક એ સ્પષ્ટ કર્યું છે કે તે કંપનીઓના વ્યાપારી નિર્ણયોમાં દખલ નથી કરતી, પરંતુ જોખમનું સંચાલન કરવું જરૂરી છે. હવે ૨૫૦ કરોડથી વધુની નેટવર્થ ધરાવતી NBFC કંપનીઓ માટે 'IndAS' (ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ) મુજબ કડક નિયમો લાગુ પડશે. આ નિયમો હેઠળ, જો કોઈ લોન ૩૧ થી ૬૦ દિવસ સુધી બાકી રહે, તો કંપનીએ તેના સંભવિત નુકસાન સામે અત્યારથી જ જોગવાઈ કરવી પડશે.આ કડક વલણ પાછળ રિઝર્વ બેંક નો મુખ્ય ઉદ્દેશ્ય બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા લાવવાનો અને 'ઝોમ્બી લેન્ડિંગ' (ડૂબતી લોનને બચાવવા નવી લોન આપવી) જેવી પ્રથાઓને રોકવાનો છે. આગામી સમયમાં, જો NBFC પાસે ડિફોલ્ટરોને લોન આપવા અંગે સ્પષ્ટ પોલિસી નહીં હોય, તેમની સામે રિઝર્વ બેંક વધુ કડક પગલાં લઈ શકે છે.

## વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિ હેતુ

# કણસાગરા કોલેજમાં વિશ્વ સમૂદ્રી દિવસ ઉજવણી



**અબતક, રાજકોટ**

કણસાગરા કોલેજમાં અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓનું ''મેરા યુવા ભારત'' પહેલ અંતર્ગત ૧ માર્ચના રોજ વિશ્વ સમુદ્રી ઘાસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમુદ્રી ઘાસના સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ અંગે વિદ્યાર્થીઓમાં સમજણ વિકસાવવાનો હતો.

આ અવસરે ''મેરા યુવા ભારત''ના જીલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભરથાર અને પ્રતિનિધિ રાજેશ રાઠોડ તેમજ આર. કે યુનિવર્સીટીના મેથસ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ ડો.પરસાણીયા અને એન્જીનિયરીગ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ કરકર સર દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કોલેજના પ્રિન્સિપાલ ડો.સ્નેહલ કોટકે સંબોધનમાં જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવે છે. પ્રાધ્યાપક રાજેન્દ્ર સેજલીયા, એ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય જવાબદારી અને પર્યાવરણ સંરક્ષણ અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે કાર્યક્રમ સકારાત્મક વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# નેશનલ હાઈવે પર એક્સેસ રોડની મંજૂરી હવે થઈ સંપૂર્ણ ડિજિટલ: 'રાજમાર્ગ પ્રવેશ' પોર્ટલ લોન્ચ

## પેટ્રોલ પંપ, હોટલ, રેસ્ટોરન્ટ, ઉદ્યોગો કે ખાનગી મિલકતો માટે સીધો રસ્તો મેળવવા માટે અરજદારોને રહેશે સરળતા

**અબતક ,નવી દિલ્હી**

નેશનલ હાઈવે પર એક્સેસ રોડ (જોડાણ રસ્તા) અને અન્ય સુવિધાઓ માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાની પ્રક્રિયામાં કેન્દ્ર સરકાર દ્વારા મોટો સુધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ 'રાજમાર્ગ પ્રવેશ' નામનું નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું છે, જેનાથી હવે હાઈવે પરથી રસ્તો મેળવવાની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન અને પારદર્શક બની ગઈ છે.

અત્યાર સુધી હાઈવે પર પેટ્રોલ પંપ, હોટલ, રેસ્ટોરન્ટ, ઉદ્યોગો કે ખાનગી મિલકતો માટે સીધો રસ્તો મેળવવા માટે અરજદારોએ સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા અને ફાઈલો લાંબા સમય સુધી અટકી રહેતી હતી. આ નવી ડિજિટલ સિસ્ટમ આવવાથી હવે માનવીય હસ્તક્ષેપ નાબૂદ થશે અને અરજદારો ઘરે બેઠા પોતાની અરજીની સ્થિતિ જાણી શકશે. આ પોર્ટલ પર દરેક તબક્કે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે, જેથી નિયત સમયમાં જ મંજૂરી મળી રહેશે.

આ સુવિધાનો લાભ માત્ર વ્યવસાયિક એકમો જ નહીં, પરંતુ ગેસ પાઈપલાઈન, પાણીની પાઈપલાઈન અને ઓપ્ટિકલ ફાઈબર કેબલ જેવી યુટિલિટી સેવાઓ નાખતી સંસ્થાઓને પણ મળશે. સરકારના આ પગલાથી 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ'ને વેગ મળશે અને ભ્રષ્ટાચારની શક્યતાઓ નહિવત થઈ જશે. હાઈવે પરની સલામતી જળવાઈ રહે તે રીતે જ આ પોર્ટલ દ્વારા માપદંડોની ચકાસણી કરીને મંજૂરી આપવામાં આવશે. ઈચ્છુક અરજદારો હવે rajmargpravesh.morth.gov.in વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકશે.

# ૪૧ વર્ષ પછી ગુનો સાબિત થયો પણ આરોપીને જેલની સજા માફ

## ૭૭૭ વિદેશી ઘડિયાળોની દાણચોરી કિસ્સામાં આરોપીને વૃદ્ધાવસ્થા અને ૪ દાયકાનો વિલંબ ધ્યાને રાખીને કોર્ટે દાખવી ઉદારતા

**અબતક, રાજકોટ**

ભારતીય ન્યાયતંત્રમાં વિલંબિત ન્યાય અને માનવતાવાદી અભિગમનું એક અનોખું ઉદાહરણ તાજેતરમાં જોવા મળ્યું છે. સુપ્રીમ કોર્ટે ૪૧ વર્ષ જૂના એક કેસમાં આરોપીઓને દોષિત ઠેરવ્યા હોવા છતાં, તેમની ઉંમર અને લાંબી કાનૂની લડાઈને ધ્યાને રાખીને જેલની સજા માફ કરી છે.

આ કેસની શરૂઆત ૧૯૮૫માં થઈ હતી, જ્યારે ભારતમાં વિદેશી વસ્તુઓની આયાત પર કડક નિયંત્રણો હતા. ગુજરાતના ભુજ વિસ્તારમાં વિદેશી બનાવટની ૭૭૭ કાંડા ઘડિયાળોની ગેરકાયદેસર આયાત અને દાણચોરી કરવા બદલ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. તે સમયે આ પ્રકારની દાણચોરી આર્થિક ગુનાની શ્રેણીમાં આવતી હતી.આ કેસ નીચલી અદાલતમાં આશરે ૧૮ વર્ષ સુધી ચાલ્યો અને ૨૦૦૩માં આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા.ત્યારબાદ વધુ બે દાયકા સેશન્સ કોર્ટ અને હાઈકોર્ટની અપીલોમાં પસાર થયા.અંતે મામલો સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો, જ્યાં જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે અંતિમ સુનાવણી હાથ ધરી.કોર્ટે ટ્રાયલ કોર્ટના ચુકાદાને માન્ય રાખતા સ્વીકાર્યું કે આરોપીઓ ગુનેગાર છે. જોકે, સજાના મામલે કોર્ટે ઉદારતા દાખવતા જણાવ્યું હતું કે ગુનાને ચાર દાયકાથી વધુ સમય વીતી ગયો છે, જે પોતે જ આરોપીઓ માટે એક સજા સમાન છે આરોપી હવે જીવનના અંતિમ પડાવ પર છે અને વૃદ્ધ છે.આરોપીએ અગાઉ અંદાજે એક વર્ષ જેટલો જેલવાસ ભોગવી ચૂક્યા છે, જે કાયદા મુજબની ન્યૂનતમ ૬ મહિનાની સજા કરતા વધુ છે.અદાલતે ચુકાદો આપ્યો કે આરોપીઓને ફરીથી જેલમાં મોકલવા એ ન્યાયના હિતમાં નથી. આથી, તેમને અત્યાર સુધી ભોગવેલી જેલની સજાને જ પૂરતી ગણીને, દંડ ભરીને મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# જલારામ રઘુકુળ સાર્વજનિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં નામાંકિત તબીબોની ટીમ કાર્યરત

## આયુષ્યમાન ભારત યોજના હેઠળ વિવિધ રોગોની સારવાર

**અબતક, રાજકોટ**

પંચવટી સોસાયટી ખાતે આવેલી જલારામ રઘુકુળ સાર્વજનિકમાં સૌરાષ્ટ્રના નામાંકિત સ્પેશ્યાલિસ્ટ અને સુપર સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરની સેવા ડો.હર્ષ બાબરીયા ઓ.પી.ડી. સમય સોમવાર અને શનિવાર સમય સવારે ૯ થી ૧ સુધી અને સાંજે ૪ થી ૭ સુધી રહેશે.

શ્રી જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલમાં ''આયુષ્માન ભારત યોજના'' હેઠળ જનરલ સર્જરી, ન્યુરોસર્જન, કેન્સર સર્જન, ઓનકોલોજિસ્ટ, રેડિયસન થેરોપી, ઓર્થોપેડિક, યુરોલોજી, ડાયાલીસીસની સારવાર ઉપલબ્ધ છે.

હોસ્પિટલમાં અદ્યતન આઈસીયુ, ડિલક્સ રૂમ, જનરલ રૂમની સુવિધા અને વેન્ટિલેટર તથા કેન્સર સેન્ટ્રલ લાઈન ઓકિસજન તથા જનરલ મેડિસિન, જનરલ સર્જરી, ન્યુરોસર્જન, કેન્સર સર્જન, ઓનકોલોજિસ્ટ, ઓર્થોપેડિક, યુરોલોજી, નેફ્રોલોજી, ગાયનેક, ડેન્ટલ, ઈ.એન.ટી, ડર્મેટોલોજિસ્ટ, રૂહમેટોલોજિસ્ટ, પીડિયાટ્રિક, મેકિસલો ફેસિયલ સર્જન, પેથોલોજીસ્ટ ડાયટિસન વગેરે ડિપાર્ટમેન્ટ તથા રેડિયોલોજી (એકસરે, સોનોગ્રાફી, સીટીસ્કેન), લેબોરેટરી જેવી તમામ સુવિધાઓ ૨૪ કલાક કાર્યરત છે.

જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલ, પંચવટી સોસાયટી, શ્રીનાથજી ટાવર પાછળ, અમીન માર્ગ રાજકોટ ખાતે અથવા ૦૨૮૧ ૨૪૫૦૫૫૧/૫૨/૫૩, ૭૮૭૪૬ ૦૯૦૦૦ પર સંપર્ક સાધવો.

# રાજકોટના સ્વિમરો ૩ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૨૪ બ્રોન્ઝ મેડલ જીત્યા



## કોર્પોરેશનના પદાધિકારીઓ અને મ્યુનિ. કમિશ્નરે અભિનંદન પાઠવ્યા

**અબતક, રાજકોટ**

રાજકોટના સ્વિમરોને રાજયકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં મળેલ સફળતા બદલ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારી ઓ અને મ્યુનિ. કમિશનર.એ અભિનંદન પાઠવ્યા હતા.

રેસકોર્ષ સ્વિમિંગ એકેડમી તથા ડાયાભાઈ ઉકાણી સ્વિમિંગ પૂલના સ્વિમરોએ ઝળહળતો દેખાવ કરીને ૩ ગોલ્ડ,૬ સીલ્વર અને ૨૪ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.તાજેતરમાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજયકક્ષાની સ્વિમિંગ સ્પર્ધા(ભાઈઓ તેમજ બહેનો) યોજાઈ હતી, જેમાં રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રેસકોર્ષ સ્વિમિંગ એકેડમી તથા ડાયાભાઈ ઉકાણી સ્વિમિંગ પૂલના સ્વિમરોએ ઝળહળતો દેખાવ કરીને ૩ ગોલ્ડ,૬ સીલ્વર અને ૨૪બ્રોન્ઝ મેડલ મેળવીને રાજયકક્ષાએ સફળતા મેળવેલ છે. ઝળહળતો દેખાવ કરનાર સ્વિમરોએ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા,શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયાની શુભેચ્છા મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનરએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા.

## કર્મયોગ ગાથાથી સેવાને નવી દિશા

# કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સુવિધાયુકત હોસ્પિટલના પ્રબળ સંકલ્પનો સેવા યજ્ઞ

## કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હાસ્ય થેરાપી અને રકતદાન કેમ્પ આરોગ્ય સેવાનો સંકલ્પ





**અબતક, રાજકોટ**

રાજકોટની કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ખૂબ જ સેવાભાવી દરે ચાલતી યુનાઈટેડ કેર હોસ્પિટલ રૈયા રોડ રાજકોટ ખાતે આવેલ છે, આ હોસ્પિટલ છેલ્લા પાંચ વર્ષથી ૧૦૦ બેડની ૧૨ બેડનું અધ્યતન આઈસીયુ ૭ બેડનો ઈમરજન્સી વિભાગ ૬ બેડનો ડાયાલિસિસ વિભાગ તેમજ ૮ બેડનો ફિઝિયોથેરાપી વિભાગ પણ ઉપલબ્ધ છે હાલમાં આ હોસ્પિટલમાં રાજકોટના નામાંકિત ડોક્ટરો ફક્ત રૂપિયા ૧૦૦ માં ઓપીડી સેવા આપી રહ્યા છે આ ઉપરાંત અતિ રાહત દર નું આઈસીયુ તેમજ દરેક પ્રકારના ઓપરેશન તદન સેવાભાવી દરેક કરવામાં આવે છે.સ્ત્રી વિભાગ માટે નોર્મલ ડિલિવરી રૂ. ૫,૦૦૦ તથા સિઝેરિયન ફકત ૧૫,૦૦૦ ના સેવાભાવી દરથી કરવામાં આવે છે તેમ જ મેમોગ્રાફી તપાસ રૂ. ૯૦૦ થતા સોનોગ્રાફી તપાસ રૂ ૩૫૦ જેવા સેવાભાવી દરથી કરવામાં આવી રહ્યા છે , આ ઉપરાંત માટે દર્દીઓને ઈમરજન્સી સમયે એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલમાં અથવા તો બહારગામ થી દર્દીને ઈમર્જન્સી મા લાવવાનુ થતું હોય ત્યારે ખૂબ જ સેવાભાવી દરથી આઈસીયુ એમ્બ્યુલન્સની પણ સેવા કાર્યરત છે .

સમાજના તમામ વર્ગના દર્દીઓને વધુને વધુ આ હોસ્પિટલ નો લાભ મળે અને વધુ માં વધુ સેવાભાવી લોકો-સમાજશ્રેષ્ઠીઓ આ સંસ્થામાં જોડાય એ હેતુથી ૨૮/૦૨/૨૦૨૬ ને શનિવારે સાંજે ''કર્મયોગ ગાથા હાસ્યની થેરેપી'' નામનો જાહેર હસાયરો શ્રી સાઈરામ દવે ના સથવારે યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી આ સાથે સંસ્થાના નિમંત્રણ ને માન આપી પધારેલ રાજકીય અગ્રણીઓ રમેશભાઈ ટિલાળશ,(ધારાસભ્યં) જયેશભાઈ રાદડિયા (ધારાસભ્યં ) બાબુભાઈ ઘોડાસરા , પુષ્કરભાઈ પટેલ, જયેશભાઈ બોઘરા, યોગેન્દ્રસિંહ જાડેજા તથા કેતન જોશી તથા રાજકોટ ની વિવિધ સેવાભાવી સંસ્થા ના અગ્રણીઓ તથા તમામ સમાજ ના આગેવાનો તેમજ સમાજશ્રેષ્ઠીઓની તથા સૌરાષ્ટ્રના અગ્રણી ઉદ્યોગપતિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે મહારક્તદાન કેમ્પ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૮૦ થી વધુ રક્તદાતાઓ એ રક્તદાન કર્યું હતું અને મહેન્દ્રભાઈ કનેરીયા એ પોતાના જીવનમાં ૧૨૨ મી વખત રક્તદાન કરી સૌ રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે હોસ્પિટલ ની વિસ્તૃત માહિતી કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટ માં સંપૂર્ણ સમર્પણ ભાવે કાર્ય કરી રહેલા સાચા અર્થ માં કર્મયોગી મેડિકલ ડાયરેક્ટર અને જાણીતા કેન્સર નિષ્ણાંત ડો. જીગ્નેશ મેવા એ આપેલ હતી અને આભારવિધિ સંપૂર્ણ સમર્પણ ભાવે કાર્ય કરી રહેલાકર્મયોગી કમલેશ વિરડીયા (સીએ) કરી હતી.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટીગણ તથા કર્મયોગ વર્કિંગ કમિટી તેમજ સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી સાથે સાથોસાથ આ હોસ્પિટલનો લાભ વધુ લોકોને લે એવી અપીલ પણ કરવામાં આવી હતી

યુનાઈટેડ કેર હોસ્પિટલ.પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ થી આગળ,તુલસી સુપર માર્કેટ ની બાજુમાં રૈયા રોડ રાજકોટ (ગુજરાત) મો ૮૦૯૦૦૮૦૦૭૧

# ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટના નેત્ર - દંત યજ્ઞમાં નિષ્ણાત તબીબોની સેવાનો દર્દીઓને મળ્યો લાભ

## સંતો-મહંતો-સામાજીક આગેવાનો સેવાયજ્ઞનો બન્યા સાક્ષી



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રની સેવાક્ષેત્રે નામના ધરાવતી સંસ્થામાં શિરમોર ગણાતી ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ દ્વારા યોજાયેલ નેત્ર અને દંત યજ્ઞ જરૂરિયાત મંદો માટે આશિર્વાદ બન્યો છે.

કુવાડવા ખાતે વિનામૂલ્યે નેત્ર અને દંત ચિકિત્સા કેમ્પનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્ઘાટન વાંકાનેરના અગ્રણી ગાયત્રી પરિવારના વડા અશ્વિનભાઈ રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું. નેત્ર અને દંત યજ્ઞનું આયોજન સ્વામી સમપુર્ણાનંદ આશ્રમ ખાતે જયશ્રીબેનની આગેવાની હેઠળ કરાયું હતું.

રણછોડદાસ આશ્રમ આંખના ડોક્ટરની ટીમ દ્વારા દર્દીઓને તપાસી સારવાર આપેલ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ડો.જયસુખ મકવાણા અને ડો.હરેશ મળી તેમજ ડો.કુશરાજસિંહ સિસોદિયાએ દાંતના દર્દીઓને તપાસવામાં ઉદયભાઈ આર્દેશણાની ૨૦મી પુણ્યતિથિ નિમિતે યોજાયેલ કેમ્પમાં પરિવારજનો પુનમચંદ પટેલ, રાજુભાઈ અઘેરા અને જયશ્રીબેન દલ્સનીયા અને નયનાબેન આર્દેશણા હાજર રહ્યા હતા.

આ કેમ્પને સફળ બનાવવા જાગનાથ ગોપીમંડળ કુવાડવાની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# અંતિમ સ્ટેન્ડિંગમાં વરસ્યાં "ઠાકર": રૂ.૪૭૧ કરોડના વિકાસ કામોને બહાલી

## વેસ્ટ અને સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ડામર કામ માટે રૂ.૨૦૫ કરોડ મંજૂર કરાયા: ૧૧૫ દરખાસ્તો પૈકી બે નામંજૂર, એક પેન્ડિંગ રખાય, ભાવ વધુ જણાતા ૬ દરખાસ્તોમાં રિ –ટેન્ડરિંગનો નિર્ણય


તસવીર: શૈલેષ વાડોલિયા





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે બપોરે ચેરમેન જયમીનનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની સંભવતઃ અંતિમ બેઠકમાં શહેરના વિકાસ કામો માટે રૂ.૪૭૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો.રૂ. ૧૦૭ કરોડના વિકાસ કામોને લગતી દરખાસ્ત અટકાવી દેવામાં આવી નથી.જે પૈકી એક દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે.જ્યારે બે નામંજૂર કરવામા આવી છે. ૭ દરખાસ્તમાં ભાવ ખૂબ જ વધુ લાગતા રી-ટેન્ડરીંગનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમિનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અલગ અલગ ૧૧૫ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. વર્તમાન બોડીની પાંચ વર્ષની મુદત આગામી ૧૧ માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. આજે સ્ટેન્ડિંગની અંતિમ બેઠકમાં કુલ રૂ.૪૭૧ કરોડના વિકાસ કામોને બહાલી આપવામાં આવી છે.જેમાં શહેરના સેન્ટ્રલ ઝોન હસ્તકના વોર્ડ નંબર ૨, ૩, ૭, ૧૩ ૧૪ અને ૧૭ના વિસ્તારોમાં મુખ્ય રસ્તાઓ ડિઝાઈન રોડ તેમજ સોસાયટીઓના રસ્તાઓ પર ડામર કાર્પેટ તથા રિ કાર્પેટ કરવાના કામ માટે રૂ. ૪૪ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે.આ ઉપરાંત વેસ્ટ ઝોન હેઠળ આવતા વોર્ડ નં.૧, ૮, ૯, ૧૦ ,૧૧ અને ૧૨માં ડામર કામ માટે રૂ.૧૬૧ કરોડનો ખર્ચ મંજુર કરવામાં આવ્યો છે.શહેરના અમીન માર્ગ પર કોર્પોરેશનના ટીપીનો પ્લોટ વેચાણથી આપવાની અગાઉ જે દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી.જેને આજે મંજૂરી આપવામાં આવી છે. કોર્પોરેશન પ્લોટ સામે વાંધા અરજી કરનાર સામે લીગલ શાખાને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ સૂચના આપી દેવામાં આવી છે. વોર્ડ નં. ૧૨માં વાવડી વિસ્તારમાં તપન હાઈટ્સની સામે સ્પોન્ઝ ગાર્ડન બનાવવા રૂ. ૨૮.૩૩ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે

તેઓએ વધુમાં ઉમેર્યુ હતું કે

(અનુ. આઠમા પાને)

### સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરાયેલા કામો

| | |
|---|---|
| રસ્તાકામ | રૂ.૨,૫૭,૪૫,૫૭,૭૮૪ |
| ડ્રેનેજ | રૂ.૧,૦૫,૩૦,૦૫૩ |
| પેવિંગ બ્લોક | રૂ.૬,૧૩,૧૩,૭૬૮ |
| આર્થિક તબીબી સહાય | રૂ.૨૧,૫૧,૦૪૦ |
| સી.સી.કામ | રૂ.૧૫,૫૧,૨૦૧ |
| ડી.આઇ. પાઇપલાઇન | રૂ.૧,૨૦,૪૬,૬૨૦ |
| શાળા/લાયબ્રેરી (બાંધકામ) | રૂ.૧૮,૯૭,૫૯,૪૦૩ |
| સ્ટોર્મ વોટર ડ્રેઈન | રૂ.૧,૩૫,૯૦,૬૮૫ |
| વોટર વર્ક્સ | રૂ.૬,૫૨,૫૧,૬૬૬ |
| ગાર્ડન/વૃક્ષારોપણ | રૂ.૨૮,૩૩,૮૮,૯૨૫ |
| નવી વોર્ડ ઓફીસ /ફાયર સ્ટેશન | રૂ.૪૫,૮૫,૨૦,૭૪૯ |
| ઝુ / એનિમલ હોસ્ટેલ | રૂ.૧,૭૩,૭૧,૧૫૬ |
| માઇનોર બ્રીજ / બ્રીજ | રૂ.૪,૪૩,૦૬,૧૫૦ |
| નવું આરોગ્ય કેન્દ્ર / લેબોરેટરી | રૂ.૫,૫૬,૭૭,૩૦૭ |
| બોક્સ કલવર્ટ / સ્લેબ કલ્વર્ટ | રૂ.૧,૭૧,૪૪,૫૬૨ |
| હોકર્સ ઝોન / શાકમાર્કેટ | રૂ.૧૯,૮૨,૯૦,૮૪૯ |
| કેમિકલ ટ્રાન્સપોર્ટેશન | રૂ.૧,૩૫,૯૭,૩૨૫ |
| કેમિકલ ખરીદી | રૂ.૧,૫૯,૦૦,૦૦૦ |
| રમતગમત / સ્પોર્ટ્સ સંકુલ | રૂ.૨૯,૯૫,૯૨,૪૬૬ |
| કન્સલ્ટન્સી | રૂ.૧૫,૫૭,૬૦૦ |
| બિલ્ડીંગ કામ / નવીનીકરણ | રૂ.૩૦,૯૭,૨૬,૯૬૦ |
| નવી આંગણવાડી | રૂ.૧,૫૮,૫૨,૨૫૯ |
| ફૂટપાથ / રોડ ડીવાઈડર | રૂ.૩,૨૧,૩૫,૩૪૧ |
| કમ્પાઉન્ડ વોલ / દિવાલ | રૂ.૯૮,૮૭,૧૬૧ |
| પે-એન્ડ-યુઝ ટોયલેટ(બાંધકામ) | રૂ.૩૭,૦૨,૪૧૪ |
| કુલ ખર્ચ | રૂ.૪,૭૦,૭૪,૦૩,૪૪૪ |

### પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવે સુવિધા ખેંચી: વોર્ડ નં.૧૨માં લાઈબ્રેરી અને સ્પોન્ઝ ગાર્ડન બનશે

#### વોર્ડ નં.૧૨માં વિકાસ કામો માટે રૂ.૪૮.૪૩ કરોડ મંજૂર કરાવ્યા



પૂર્વ મેયર અને વોર્ડ નં. ૧૨ ના યુવા કોર્પોરેટર ડો.પ્રદીપ ડવે પોતાના મત વિસ્તાર માટે આજે રૂ. ૪૮. ૪૩ કરોડના વિકાસ કામ મંજૂર કરાવ્યા છે. પુનિતનગર ૨૪ મીટર રોડ પર ગુજરાત મોટર પાસે હયાત સ્લેબ કલવર્ટને પહોળું કરવાના કામ માટે રૂ. ૧.૧૧ કરોડનો ખર્ચ, વાવડી વિસ્તારમાં તપન હાઈટ્સની સામે સ્પોન્જ ગાર્ડન બનાવવા માટે રૂ. ૨૮.૩૩ કરોડનો ખર્ચ,પેટા વોર્ડ ઓફિસ બનાવવા માટે રૂ. ૪૭ લાખનો ખર્ચ અને વાવડી વિસ્તારમાં વ્રજ વિલા એપાર્ટમેન્ટ પાસે નવી લાઈબ્રેરી બનાવવા માટે રૂ. ૧૮.૯૭ કરોડનો ખર્ચ મંજુર કરાવ્યો હતું. એક જ વોર્ડ માટે માતબર ખર્ચ વિકાસ કામો માટે મંજૂર કરવા સબબ વોર્ડના ચારેય કોર્પોરેટરોએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના તમામ સભ્યોનું આભાર વ્યક્ત કર્યો હતો.

### ભાવ વધુ લાગતા રૂ.૧૦૭ કરોડના કામો અટકાવાયા

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આજે અંતિમ બેઠકમાં રૂ. ૧૦૭ કરોડથી પણ વધુમાં વિકાસ કામોને અટકાવી દેવામાં આવ્યા હતા. શહેરના વોર્ડ નં.૧૦ માં નવી વોર્ડ ઓફિસ તથા રોશની શાખાનો સ્ટોર બનાવવાના નિર્ણય સામે સ્થાનિકોમાંથી વિરોધ ઉઠતા દરખાસ્ત વધુ એક વખત પેન્ડિંગ રાખવામાં આવી છે. જ્યારે ત્રણેય ઝોનના રસ્તાઓની સેન્ટ્રલ વર્ઝ ,ટ્રાફિક જંક્શન વગેરેની વાર્ષિક જાળવણી અને નિભાવની કરવાના માટે રૂ. ૪.૫૦ કરોડનો ખર્ચ મંજૂર કરવાની દરખાસ્તમાં ભાવ વધુ જણાતાં દરખાસ્ત પેન્ડિંગ રખાય છે. કોર્પોરેશનમાં ટ્રી એન્ડ ગ્રીન સ્પેસમાં મોનિટરિંગ કરવાના કામમાં પણ ભાવ વધુ જણાતાં હતા સાથોસાથ આ કામની જરૂરિયાત ન જણાતા આ દરખાસ્ત પણ નામંજૂર કરવામાં આવી.જ્યારે વોર્ડ નં.૪માં આજી નદી પર ભગવતીપરા -૫ પાસે બેઠું નાલુ બનાવવા માટેના કામમાં, વોર્ડ નં.૪માં ઓમ પાર્ક મેઈન રોડ પર બ્રિજ બનાવવાના કામમાં, સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોનના જુદા જુદા બગીચાઓ સિનિયર સિટીઝન પાર્ક તથા બાલ ક્રીડાગણની જાળવણી માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં, વોર્ડ નં.૮માં કાલાવા રોડ, નાના માવા રોડ વચ્ચેના બાકી રહેતા વિસ્તારોમાં ડીઆઈ પાઈપલાઈન નેટવર્ક ડીસ્ટ્રિબ્યુશન અને ડામર રોડ રેસ્ટોરેશનના કામમાં તથા રૈયા રોડ,નિર્મલા રોડ કાલાવડ રોડ, સહકારરોડ વચ્ચેના વિસ્તારમાં ડીઆઈ પાઈપલાઈનનું કામ અને રેસ્ટોરેશન વર્કમાં ભાવ ખૂબ જ વધુ લાગતા કુલ ૭ દરખાસ્તોમાં રિટેન્ડરિંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## ના. મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કરી વૃધ્ધાશ્રમના વડીલો સાથે ધુળેટીની ઉજવણી

### વડીલોના જીવનમાં ઉત્સાહનો સંચાર કર્યો: આશીર્વાદ પણ મેળવ્યાં





**અબતક, રાજકોટ**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના પીપલોદ સ્થિત અંબિકા નિકેતન વૃદ્ધાશ્રમના વડીલો સાથે આનંદ, ઉલ્લાસ અને સૌહાર્દના પાવન પર્વ ધુળેટીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીએ આશ્રમના વડીલો સાથે ગુલાલથી ધુળેટી રમી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને વડીલોના જીવનમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો. તેમણે આ પાવન પર્વે ગુજરાતની જનતા સહિત દિવસ-રાત ફરજ બજાવતા પોલીસ વિભાગ અને મીડિયાના મિત્રોને પણ રંગોત્સવની હાર્દિક શુભેચ્છાઓ

(અનુ. આઠમા પાને)

## એકતા યાત્રાથી સરદાર સાહેબનું સમર્પણ, દેશપ્રેમ અને અટલ એકતાની ભાવના જીવંત થશે: સીએમ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર એકતા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું



**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત સરદાર એકતા યાત્રાને અમદાવાદથી પ્રસ્થાન કરાવવા પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં સરદારસાહેબનું સન્માન કર્યું છે. ૨૦૧૪થી સરદાર સાહેબની જયંતીને દેશભરમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઊજવવાની પરંપરા તેમણે શરૂ કરાવેલી છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી શ્રી નરેન્દ્રભાઈએ લોહપુરુષ સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ આપી છે. સરદાર સાહેબની આ વિરાટ પ્રતિમા વિશ્વભરમાં ભારતની એકતા અને અખંડતાનું પ્રતીક બની છે, એવું તેમણે ઉમેર્યું હતું.

દેશની એકતા અને અખંડિતાના શિલ્પી લોકપુરુષ સરદાર સાહેબ ૧૫૦મી જયંતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આપણે ઊજવી રહ્યા છીએ, એવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી તરીકે ૫૬૫ દેશી રજવાડાંઓને એક સૂત્રમાં બાંધીને એક અને અખંડ ભારત બનાવ્યું હતું. વડાપ્રધાનશ્રી સરદાર

(અનુ. આઠમા પાને)

# ધુળેટી પર્વે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પરિવાર સાથે કલરની છોળો ઉડાવી


તસવીર: શૈલેષ વાડોલિયા



### શહેર અને ગ્રામ્ય પોલિસના અધિકારી–કર્મચારીઓએ રેન્જ આઈજીના નિવાસસ્થાને રંગોના પર્વની ઉજવણી કરી



#### રેન્જ આઈજીએ ધુળેટી પર્વની શુભેચ્છા પાઠવી

રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પોલીસ વિભાગ દ્વારા કાયદો વ્યવસ્થા જાળવવા તમામ વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે. લોકો પોતાની મર્યાદામાં રહે અને સારી રીતે તહેવાર ઉજવે તેવી અપીલ કરી હતી. આજે અમે પોલીસ અધિકારીઓએ પરિવાર સાથે ધુળેટી પર્વની ઉજવણી કરેલ છે તેવું તેમણે ઉમેર્યું હતું.

#### પ્રજાની સુરક્ષામાં સતત પ્રયત્નશીલ પોલિસ એકમાત્ર ધુળેટી પર્વની સાથે મળી ઉજવણી કરે છે: ડીસીપી હેતલ પટેલ

રાજકોટ શહેર ડીસીપી ઝોન ૧ ડીસીપી હેતલ પટેલે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ શહેર અને ગ્રામ્યના તમામ પોલીસ અધિકારીઓ સાથે મળી રંગોનો તહેવાર ઉજવણી કરી છે. સામાન્ય રીતે પોલીસ કોઈપણ તહેવાર કે અન્ય કાર્યક્રમમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારીઓ સંભાળતા હોય છે. ત્યારે આ એકમાત્ર એવો તહેવાર છે કે જેમાં અમે લોકો સાથે મળી ઉજવણી કરી રહ્યા છીએ. અસામાજિક તત્વો દ્વારા કોઈની છેડતી ન કરે અને પરિવાર સાથે ઉજવણી કરે જેથી અન્ય કોઈના તહેવારમાં રંગમાં ભંગ ન પડે તેવી તેમણે અપીલ કરી હતી.



**અબતક, રાજકોટ**

પ્રજાની સુરક્ષાની જવાબદારી સતત શિરે લઈને ફરતા પોલિસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ગઈકાલે ધુળેટીના પર્વ પર હળવા મૂડમાં જોવા મળ્યા હતા. ધુળેટીના રંગમાં રાજકોટ ગ્રામ્ય અને શહેરની પોલીસ પરીવાર સાથે રંગે રંગાઈ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતના જવાનોએ પરીવાર સાથે કલરની છોળો ઉડાવી પર્વની ઉજવણી કરી હતી.

રંગોના પર્વે રેન્જ આઈજી અશોકકુમાર યાદવના નિવાસસ્થાને ધુળેટીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્હેલી સવારથી જ ગ્રામ્ય પોલીસનો સ્ટાફ પ્રથમ એસપી વિજયસિંહ ગુર્જરના નિવાસસ્થાને ધુળેટીની ઉજવણી કરી હતી. જે બાદ એસપી વિજયસિંહ ગુર્જર, એએસપી સીમરન ભારદ્વાજ, ડીવાયએસપી કે.જી.ઝાલા સહિતના તમામ ડીવાયએસપી તેમજ એલસીબી પીઆઈ વિજય ઓડેદરા, એસઓજી પીઆઈ એફ.એ.પારગી, સહિતનો ગ્રામ્ય પોલીસનો સ્ટાફ રેન્જ આઈજીના નિવાસસ્થાને પહોંચ્યા હતાં અને ધુળેટીની ઉજવણીમાં જોડાયા હતાં.

જયારે રેન્જ આઈજીના નિવાસસ્થાને શહેર પોલીસના એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા,

(અનુ. આઠમા પાને)

આફ્રિકાને ફરી એક વખત ''ચોકર્સ''

સ્પોર્ટ્સ અબતક

# ધુંઆધાર બેટીંગ અને ધારદાર બોલિંગ દ્વારા ન્યૂઝીલેન્ડે આફ્રિકાને ધૂળ ચાટતું કરી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો

## સાઉથ આફ્રિકાના ૧૭૦ રનના ટાર્ગેટને કીવીઝે ૧૨.૫ ઓવરમાં ફક્ત ૧ વિકેટ ગુમાવી હાંસલ કરી લીધો



### ૩૩ બોલમાં સદી ફટકારી એલને ઈતિહાસ રચ્યો

ન્યુઝીલેન્ડના ઓપનર ટિમ સાઈફર્ટ ભલે ૧૦મી ઓવરમાં પેવેલિયન પરત ફર્યા હોય, પરંતુ એલનની વિસ્ફોટક બેટિંગ ચાલુ રહી. ૧૦ ઓવર પછી એલન વધુ ખતરનાક બની ગયો. તેને આગામી ૧૪ બોલમાં ૫૦ રન બનાવ્યા અને પોતાની સદી પૂર્ણ કરી. તેને માત્ર ૩૩ બોલમાં સદી ફટકારવાની મહાન સિદ્ધિ હાંસલ કરી, જે ટી૨૦ વર્લ્ડકપ ઈતિહાસમાં સૌથી ઝડપી સદી છે. એલને ક્રિસ ગેઈલનો રેકોર્ડ તોડ્યો. ગેઈલે ટી૨૦ વર્લ્ડકપમાં ૪૭ બોલમાં સદી ફટકારી. એટલું જ નહીં, એલનની સદી પૂર્ણ-સભ્ય ટીમ સામે ટી૨૦ સૌથી ઝડપી સદી પણ છે.



### હાર અમારા માટે દુઃસ્વપન સમાનઃ માકરમ

સાઉથ આફ્રિકા ટીમ અગાઉના મેચોમાં અજેય રહી હતી અને ઘણા લોકો તેમને ફાઈનલમાં પહોંચવાની મજબૂત દાવેદાર ગણતા હતા. પરંતુ સેમી-ફાઈનલમાં ન્યૂઝીલેન્ડે તેમને સંપૂર્ણપણે આઉટકલાસ કરી દીધા. બેટ્સમેનોની શોટ સિલેક્શન અને પ્રેશર હેન્ડલ કરવામાં નિષ્ફળતા જોવા મળી, જેના કારણે ટીમને મોટો સ્કોર બનાવવામાં અથવા ચેઝમાં સફળતા મળી નહીં. માર્કમે પોતાની પ્રતિક્રિયામાં ભાવુક થઈને કહ્યું કે આ હાર ટીમ માટે ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ તેનાથી પ્રેરણા લઈને આગળ વધુ મજબૂત બનવું પડશે. આપણે આગળ વધુ સારી રમત રમવા માટે તૈયાર થવું પડશે અને ટીમ તરીકે વધુ સારા બનવું પડશે. તેમણે ભાવુક થઈને કહ્યું આ હાર અમારા માટે દુઃસ્વપન સમાન છે.

### પીચ ગમે તેવી હોય ન્યુઝીલેન્ડના વિજયરથને રોકવો અઘરો!

સેમિફાનલમાં જીત સાથે ન્યુઝીલેન્ડનો વિજયરથ ચાલુ રહ્યો છે. તેઓ ગ્રુપ સ્ટેજ અને સુપર ૮માં પણ સારું પ્રદર્શન કર્યું હતું, પરંતુ સેમી-ફાઈનલમાં તેમણે ફેવરિટ ગણાતી દક્ષિણ આફ્રિકાને એકતરફી રીતે હરાવીને બધાને ચોંકાવી દીધા છે. મિચેલ સેન્ટનરની કેપ્ટન્સી, બોલિંગ યુનિટની ચુસ્તી અને બેટ્સમેનોની આક્રમકતા - બધું જ અજેય લાગે છે.પીચ ગમે તેવી હોય - ધીમી, ટર્નિંગ, બાઉન્સી કે બે-પેસ - ન્યુઝીલેન્ડની ટીમ પરિસ્થિતિને ઝડપથી સમજી લે છે અને તેના મુજબ રણનીતિ બનાવે છે. આ જ કારણ છે કે તેમને રોકવું દરેક ટીમ માટે મુશ્કેલ બની રહ્યું છે. હવે ફાઈનલમાં ભારત કે ઈંગ્લેન્ડ - જે પણ હોય તેમની સામે મોટો પડકાર રહેશે.

### ધમાકેદાર જીત છતાં ન્યૂઝીલેન્ડે સેલિબ્રેશન ન કર્યું

ન્યૂઝીલેન્ડે દક્ષિણ આફ્રિકા સામે ધમાકેદાર અને ઐતિહાસિક જીત મેળવી છે, પરંતુ જીત બાદ ખેલાડીઓએ કોઈ પ્રકારનું જોરદાર સેલિબ્રેશન કર્યું નથી.જીત ન્યૂઝીલેન્ડ માટે ખાસ હતી કારણ કે તેઓએ નોકઆઉટ મેચમાં પોતાની કલચ પર્ફોર્મન્સની પરંપરા જાળવી રાખી. આ પહેલા પણ કિવી ટીમ નોકઆઉટમાં મજબૂત રહી છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે આટલી મોટી અને ધમાકેદાર જીત બાદ પણ ન્યૂઝીલેન્ડના ખેલાડીઓએ કોઈ મોટું સેલિબ્રેશન ન કર્યું કેમ કે ફાઈનલ જંગ જીતવાની બાકી છે એટલે કે જો કીવીઝ ફાઈનલ જીતે અને ચેમ્પિયન બને તો જ મોટું સેલિબ્રેશન આવી શકે.

**અબતક, રાજકોટ**

આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પહેલી સેમિ ફાઈનલમાં ન્યૂઝીલેન્ડની જીત થઈ છે અને દક્ષિણ આફ્રિકા હાર્યું છે. આ મેચ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ હતી. મેચની વિજેતા ટીમ ન્યૂઝીલેન્ડ ૮ માર્ચે અમદાવાદમાં યોજાનારી ફાઈનલ માટે ક્વોલિફાય થઈ ચૂકી છે.દક્ષિણ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડને ૧૭૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. એક સમયે દક્ષિણ આફ્રિકાએ માત્ર ૭૭ રન પર ૫ વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ બાદમાં માર્કો યાનસેને ૩૦ બોલમાં અણનમ ૫૫ રનોની ઈનિંગ રમીને ટીમની વાપસી કરાવી. ટ્રસ્ટન સ્ટબ્સે મહત્ત્વપૂર્ણ ૨૯ રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડ ટીમ માટે મૈટ હેનરી, કોલ મૈક્કોન્ચી અને રચિન રવીન્દ્રએ ૨-૨ વિકેટ ઝડપી. ત્યારબાદ ન્યૂઝીલેન્ડે ખતરનાક શરૂઆત કરી હતી. ૧૨.૫ ઓવરમાં ૧ વિકેટના નુકસાને ૧૭૩ રન બનાવીને ૯ વિકેટથી જીત હાંસલ કરી લીધી.કેપ્ટન એડન માર્કરામ અને ડેવાલ્ડ બ્રેવિસે ત્રીજી વિકેટ માટે ૪૩ રન બનાવીને ઈનિંગને પાટા પર લાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ માર્કરામ ૫૫ના સ્કોર પર ૧૮ રન બનાવીને આઉટ થઈ ગયા. ડેવિડ મિલર અને બ્રેવિસ આઉટ થતાં જ ટીમે ૭૭ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી. તે સમયે ૧૩૦ સુધી પહોંચવું પણ મુશ્કેલ લાગતું હતું.મુશ્કેલ સમયમાં ટ્રિસ્ટન સ્ટબ્સ અને માર્કો યાન્સને બાજી સંભાળી. તેમને છઠ્ઠી વિકેટ માટે ૭૩ રન બનાવ્યા, ઈનિંગને પુનર્જીવિત કરી અને સ્કોર ૧૫૦ની નજીક લઈ ગયા. લોકી ફાર્ગ્યુસને સ્ટબ્સને આઉટ કરીને આ પાર્ટનરશીપ તોડી. સ્ટબ્સે ૨૯ રન બનાવ્યા. વિકેટોના સતત પતન છતાં માર્કો યાન્સને એક છેડે ધમાકેદાર રમ્યો. તેને માત્ર ૩૦ બોલમાં ૨ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી અણનમ ૫૫ રન બનાવ્યા. આ આક્રમક ઈનિંગને કારણે સાઉથ આફ્રિકા ૮ વિકેટે ૧૬૯ રન બનાવવામાં સફળ રહ્યું.કિવીઝ તરફથી રચિન રવિન્દ્રએ ૪ ઓવરમાં ૨૯ રન આપીને ૨ વિકેટ લીધી. મેટ હેનરીએ ૪ ઓવરમાં ૩૪ રન આપીને ૨ વિકેટ લીધી. કોલ મેકકોન્ચીએ ૧ ઓવરમાં ૯ રન આપીને ૨ વિકેટ લીધી, જ્યારે લોકી ફાર્ગ્યુસન અને જીમી નીશમે ૧-૧ વિકેટ લીધી.

# ઈંગ્લેન્ડના વિજય રથને અટકાવવા સંજુ કે હાર્દિક એક્સ ફેક્ટર સાબિત થશે?

## આર્ચરની બોલિંગ, રશીદની સ્પિન અને વીલ જેક્સ જેવા ઓલરાઉન્ડર્સથી ઈંગ્લેન્ડ પણ ભારતને માત આપવા સજ્જ



**અબતક, રાજકોટ**

આજે આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની બીજી સેમીફાઈનલ મેચમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ધમાકેદાર મુકાબલો થવા જઈ રહ્યો છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે વેસ્ટ ઈન્ડિઝને હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે, જ્યારે ઈંગ્લેન્ડ પણ પોતાની જીતની લય જાળવી રાખીને અહીં પહોંચ્યું છે.

ઈંગ્લેન્ડની ટીમ આ ટુર્નામેન્ટમાં અજેય રહી છે અને તેમનો વિજયરથ ચાલુ છે. તેઓએ સુપર ૮માં ૩ મેચ જીતી છે અને હવે સેમીફાઈનલમાં પણ મજબૂત દેખાઈ રહ્યા છે.આર્ચરની ઝડપી બોલિંગ, રશીદની સ્પિન અને વીલ જેકસ જેવા ઓલરાઉન્ડર્સ તેમને ખતરનાક બનાવે છે. ઈંગ્લેન્ડના આ વિજયરથને અટકાવવા માટે ભારતીય ટીમ પાસે મજબૂત બોલિંગ એટેક છે પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે બેટિંગમાં કોણ એક્સ ફેક્ટર સાબિત થશે સંજુ સેમસન કે હાર્દિક પંડ્યા?છેલ્લી મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે સંજુએ અણનમ ૯૭ રન (૫૦ બોલ) બનાવીને ભારતને જીત અપાવી હતી. આ ઈનિંગ ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડી દ્વારા ચેઝમાં સૌથી મોટી ઈનિંગ છે.તેમણે ૧૨ ફોર અને ૪ સિક્સર ફટકારીને પોતાની કલાસ અને મેચ્યોરિટી બતાવી.બીજી બાજુ હાર્દિક હોમ ગ્રાઉન્ડ (મુંબઈ) પર રમી રહ્યા છે, જ્યાં તેમનો રેકોર્ડ શાનદાર છે.તેઓ બેટિંગમાં ફિનિશર તરીકે અને બોલિંગમાં મહત્વના ઓવર્સ ફેંકી શકે છે.છેલ્લી મેચમાં પણ તેમણે સંજુ સાથે મળીને મહત્વની પાર્ટનરશિપ કરી હતી અને બોલિંગમાં પણ વિકેટ લીધી હતી.બિગ મેચ પ્લેયર તરીકે હાર્દિકની ભૂમિકા હંમેશા ગેમ-ચેન્જર રહી છે.

નિષ્ણાતો માને છે કે સંજુની ફોર્મ જો ચાલુ રહેશે તો તે એક્સ ફેક્ટર બની શકે છે, જ્યારે હાર્દિકની ઓલરાઉન્ડ ક્ષમતા મેચને ફ્લિપ કરી શકે છે.

શું સંજુની તાજેતરની ધમાકેદાર ઈનિંગ ઈંગ્લેન્ડના વિજયરથને અટકાવશે, કે હાર્દિકની કમબેક સ્ટાઈલ મેચ જીતાડશે? ઘણા મેચમાં ભારતની મિડલ ઓર્ડર - સંજુ, સૂર્યા અને હાર્દિક ઈંગ્લેન્ડના બોલર્સને રોકવા માટે ક્રુસિયલ રહેશે.



### વાનખેડેમાં ટોસ જીતી બોલીંગ કરવી યોગ્યઃ કૈફ

મોહમ્મદ કૈફે મેચ પહેલા વાનખેડે પિચ વિશે પણ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. તેમનું માનવું છે કે ટોસ જીત્યા પછી પહેલા બોલિંગ કરવાની પરંપરાગત વિચારસરણી અહીં બદલાઈ શકે છે અને બીજી ઈનિંગમાં ઝાકળનું પરિબળ એટલું નોંધપાત્ર નહીં હોય. તેમને કહ્યું કે ''આ એક અલગ પિચ છે. વાનખેડે પિચ થોડી બદલાઈ ગઈ છે. લોકો સામાન્ય રીતે માને છે કે જો તમે વાનખેડમાં ટોસ જીતો છો, તો તમારે પહેલા બોલિંગ કરવી જોઈએ કારણ કે લાઈટ્સ ઝાકળ લાવે છે, જેનાથી પીછો કરવો સરળ બને છે. પરંતુ આ વાનખેડે પિચ ઈડન ગાર્ડન્સથી ઘણી અલગ છે. ઈડન ગાર્ડન્સમાં અમે જોયું કે જ્યારે ઝાકળ આવે છે, ત્યારે તેની મેચ પર સ્પષ્ટ અસર પડે છે. પાછળથી બેટિંગ સરળ બની જાય છે. પરંતુ વાનખેડમાં એવું જરૂરી નથી. અમે તાજેતરની કેટલીક મેચોમાં આવું જોયું છે. ઈંગ્લેન્ડ પણ વેસ્ટ ઈન્ડીઝ સામે ૧૮૦ રનનો પીછો કરવામાં અટવાઈ ગયું હતું.

# ભારતીય મહિલા ટીમ લોરિયસ એવોર્ડ માટે નોમિનેટ

## સ્પેનના મેડ્રિડ સ્થિત સિબેલ્સ પેલેસમાં યોજાનાર આ ભવ્ય સમારોહમાં દુનિયાભરના દિગ્ગજ ખેલાડીઓ એકઠા થશે, વિજેતાઓની પસંદગી લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એકેડમી કરશે



**અબતક, રાજકોટ**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમને લોરિયસ વર્લ્ડ ટીમ ઑફ ધ યર એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવી છે. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સે તેની જાહેરાત કરી છે.નોમિનેશન ટીમના પ્રથમ મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ખિતાબ અને આખા વર્ષના પ્રદર્શનના આધારે મળ્યું છે. સ્પેનના મેડ્રિડ સ્થિત સિબેલ્સ પેલેસમાં યોજાનાર આ ભવ્ય સમારોહમાં દુનિયાભરના દિગ્ગજ ખેલાડીઓ એકઠા થશે. વિજેતાઓની પસંદગી લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એકેડમી કરશે.ટીમે ૨૦૨૫માં મુંબઈમાં રમાયેલા વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે મહિલા વન-ડે ઈતિહાસનો સૌથી મોટો સફળ રન ચેઝ કર્યો. ત્યારબાદ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને ૫૨ રનથી હરાવીને પહેલીવાર ખિતાબ જીત્યો. ગ્રુપ સ્ટેજમાં સતત ત્રણ હાર પછી ટીમે વાપસી કરી અને ત્રીજીવાર ફાઈનલમાં પહોંચીને ટ્રોફી પોતાના નામે કરી.

### ટીમ ઈન્ડિયા સાથે પાંચ ટીમ રેસમાં

આ વર્ષે વર્લ્ડ ટીમ ઓફ ધ યર કેટેગરીમાં ભારત સાથે પાંચ અન્ય ટીમ દોડમાં છે. તેમાં ઈંગ્લેન્ડ મહિલા ફૂટબોલ ટીમ, યુરોપિયન રાઈડર કપ ટીમ, મેકલેરન ફોર્મ્યુલા ૧ ટીમ, ઓક્લાહોમા સિટી થન્ડર અને પેરિસ સેન્ટ જર્મનનો સમાવેશ થાય છે.

લોરિયસ એવોર્ડમાં ભારતીય ક્રિકેટની આ ત્રીજી હાજરી છે. આ પહેલા સચિન તેંડુલકરને ૨૦૨૦માં સ્પોર્ટિંગ મોમેન્ટ એવોર્ડ મળ્યો હતો. રિષભ પંતને ગયા વર્ષે કમબેક ઓફ ધ યર કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું. નીરજ ચોપરાને ૨૦૨૨માં બ્રેકથ્રુ ઓફ ધ યર એવોર્ડ માટે શોર્ટલિસ્ટ કર્યો હતો. આ ઉપરાંત ૨૦૧૯માં વિનેશ ફોગાટને પણ શોર્ટલિસ્ટ કરી હતી.

મેન્સ કેટેગરીના સ્પોર્ટ્સમેન ઓફ ધ યર એવોર્ડમાં ટેનિસ સ્ટાર કાર્લોસ અલ્કારેઝ અને જૈનિક સિનર વચ્ચે મુકાબલો છે. જ્યારે, ફૂટબોલ સ્ટાર ઉસ્માન ડેમ્બેલે અને મોટો જીપી ચેમ્પિયન માર્ક માર્કેઝ પણ રેસમાં છે. વુમન્સ કેટેગરીમાં બાર્સેલોનાની ફૂટબોલર એતાના બોનમતી સતત ત્રીજી વખત નોમિનેટ થઈ છે. તેની સાથે એથ્લેટિક્સ સ્ટાર મેલિસા જેફરસન અને સ્વિમિંગ લિજેન્ડ કેટી લેડેકી પણ દોડમાં સામેલ છે.

# યુદ્ધ પ્રભાવિત દેશોની વ્હારે આવતી ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી

## અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર તાજેતરમાં કરાયેલા સૈન્ય હુમલાઓ બાદ વૈશ્વિક તણાવ વધ્યો, જેના કારણે પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા એથ્લીટ્સની સુરક્ષા અને મુસાફરીને અસર થઈ શકે



**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ યુદ્ધગ્રસ્ત દેશોના એથ્લીટ્સ માટે સમર્થનની અપીલ કરી છે,મિલાન-કોર્ટિના ૨૦૨૬ વિન્ટર પેરાલિમ્પિકસના પ્રારંભમાં થોડા દિવસો બાકી છે ત્યારે યુદ્ધને લઈ વિવાદાસ્પદ સામે આવ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર તાજેતરમાં કરાયેલા હુમલાઓ બાદ વૈશ્વિક તણાવ વધ્યો છે, જેના કારણે પેરાલિમ્પિકસમાં ભાગ લેનારા એથ્લીટ્સની સુરક્ષા અને તેમની મુસાફરીને અસર થઈ શકે છે.આઈઓસીએ તાજેતરમાં એથ્લીટ્સની સુરક્ષિત મુસાફરી અંગે એક નિવેદન જારી કર્યું છે. આ નિવેદનમાં આઈઓસી એ જણાવ્યું છે કે વિશ્વ હાલમાં સંઘર્ષમાં છે, અને અનેક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. આવા સમયમાં આઈઓસીએ માન્યતા આપી છે કે રમતગમતને શાંતિપૂર્ણ સ્પર્ધાના માધ્યમ તરીકે વિશ્વને એકત્ર કરવાનું કાર્ય કરવું જોઈએ.આઈઓસીએ યાદ અપાવ્યું છે કે ઓલિમ્પિક ટ્રુસ એક આદર્શવાદી અને બિન-બંધનકર્તા ઠરાવ છે, જેને લાગુ કરવાની આઈઓસી પાસે કોઈ સત્તા કે માધ્યમ નથી. આ ઠરાવ ગયા વર્ષે નવેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા અપનાવવામાં આવ્યો હતો, જેમાં રમતો દરમિયાન શાંતિ અને સહકાર જાળવવાની વાત કરવામાં આવી છે.આ સંદર્ભમાં આઈઓસીએ સ્પષ્ટ કર્યું છે કે તે કોઈ ચોક્કસ દેશ કે સંઘર્ષનું નામ લીધા વિના, તમામ યુએન સભ્ય દેશોને અપીલ કરે છે કે તેઓ મિલાન-કોર્ટિના ૨૦૨૬ વિન્ટર પેરાલિમ્પિકસ માટે ક્વોલિફાઈ કરેલા એથ્લીટ્સને સમર્થન આપે, ખાસ કરીને તાજેતરના સંઘર્ષોથી પ્રભાવિત થયેલા એથ્લીટ્સને તેમની મુસાફરી અને રમતોમાં ભાગ લેવામાં મદદ કરે.આ અપીલમાં ઈરાન, ઈઝરાયેલ કે અમેરિકાનો સીધો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો, જેના કારણે આઈઓસી પર તેની તટસ્થતા જાળવવાના પ્રયાસોની ચર્ચા થઈ રહી છે. આ પહેલાં રશિયા-યુક્રેન યુદ્ધ વખતે આઈઓસીએ ઝડપથી પગલાં લીધા હતા, પરંતુ અહીં તેવું કંઈ જોવા મળ્યું નથી.આ સમગ્ર મામલો પેરાલિમ્પિકસના ઉદ્દઘાટન સમારોહ પહેલાં વધુ તણાવ પેદા કરી રહ્યો છે, કારણ કે ઈરાનનો એક એથ્લીટ ક્રોસ-કન્ટ્રી સ્કીઈંગમાં ભાગ લેશે, અને મુસાફરી તેમજ વિઝા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

# શાપર-વેરાવળમાં નશાની હાલતમાં મિત્રો વચ્ચેની મશ્કરીમાં યુવક પહેલા માળે જેટલી ઉંચાઈથી પટકાયો

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળમાં ધુળેટીના દિવસે મિત્રો સાથે દારૂની મહેફિલ માણવી યુવકને ભારે પડી છે. નશાની હાલતમાં મિત્રો વચ્ચે થયેલી મશ્કરીમાં એક મિત્રએ ધક્કો મારતા યુવક મકાનના પહેલા માળેથી નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આ યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ શાપર-વેરાવળમાં શીતળા માતાજીના મંદિર પાસે ભાડાના મકાનમાં રહેતા શ્રવણ દુઃખનભાઈ તાતે (ઉ.વ. ૩૦) ગઈકાલે ધુળેટીના તહેવાર નિમિત્તે પોતાના મિત્રો સાથે દારૂ પીવા બેઠા હતા. નશાના ઘેનમાં મિત્રો અંદરોઅંદર મસ્તી-મજાક કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક કોઈ મિત્રએ મશ્કરીમાં શ્રવણને એક માળ જેટલી ઉંચાઈથી ધક્કો માર્યો હતો. પટકાવાને કારણે તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો પણ તપાસ માટે દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે તમામ મિત્રો દારૂના નશામાં હતા અને મસ્તીમાં જ આ અકસ્માત સર્જાયો હતો. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# શાપર-વેરાવળઃ કારખાનામાં ચોરીની શંકાએ શ્રમિકની હત્યા!

## રાજમેટલ ફેક્ટરીમાં મોબાઈલ ફોન ચોર્યાની શંકાના આધારે યુવકને પહેલા માળેથી ધક્કો માર્યો, સારવારમાં દમ તોડ્યો, પોલીસે આરોપીને શકંજામાં લીધો

**અબતક રાજકોટ**

શાપર-વેરાવળ વિસ્તારમાં સામાન્ય બાબતે યુવકની હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. મોબાઈલ ફોન ચોરાઈ જવા જેવી શંકાના આધારે શખ્સે યુવકને પહેલા માળેથી નીચે ફેંકી દેતા તેનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે શ્રમિક પરિવારમાં ભારે અરેટાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહારના વતની અને હાલ શાપર વેરાવળમાં કિશાન ગેટ પાસે રેમ્બો કાસ્ટિંગની બાજુમાં રહેતા શ્રવણ દુઃખનભાઈ તાતે (ઉં.વ. ૩૦) ગઈકાલે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં રાજમેટલ કારખાનાની ઓરડીમાં હાજર હતા. તે સમયે ત્યાં હાજર અન્ય એક યુવકનો મોબાઈલ ફોન ગુમ થયો હતો. સામેવાળા યુવકને શંકા હતી કે તેનો ફોન શ્રવણે લીધો છે. આ સામાન્ય શંકાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આરોપીએ આવેશમાં આવી શ્રવણને પહેલા માળ પરથી ધક્કો મારી નીચે પાડી દીધો હતો. પછડાટને કારણે શ્રવણને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક શ્રવણ ચાર ભાઈ અને બે બહેનોમાં વચેટ ભાઈ હતો. તે કાસ્ટિંગ કારખાનામાં કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શ્રવણના મોતથી તેના બે દીકરા અને બે દીકરીઓએ પિતાની છત્રછાયા ગુમાવી છે. પરપ્રાંતીય શ્રમિક યુવકની સામાન્ય શંકામાં હત્યા થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર જાગી છે. આ બનાવની જાણ વેર હાલ શાપર વેરાવળ પોલીસ મથકને જાણો થતા પી.આઈ આર બી રાણા સહિતનો કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી પોલીસે હત્યાની આશંકા હોવાથી પોલીસે ફરિયાદ નોંધવા ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ધક્કો મારનાર શખ્સને શકંજામાં લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# વૃદ્ધોને રિક્ષામાં બેસાડી સોનાના દાગીના સેરવી જતી ત્રિપુટી ઝબ્બે

## ચોરીથી મેળવેલા ૪.૮૨ લાખના મુદ્દામાલ સાથે રાજકોટ, પાલીતાણા, મહેમદાબાદના શખ્સોની ધરપકડ કરતી ક્રાઈમ બ્રાન્ચ

**અબતક, રાજકોટ**

શહેરમાં રિક્ષામાં મુસાફરી કરતા સિનિયર સિટીઝનની નજર ચૂકવી સોનાના દાગીના અને રોકડ સહિતની મતા ચોરી લેવાના બનાવો વધી રહ્યા હોય પોલીસ કમિશનર દ્વારા આવા અનડિટેક્ટ ગુનાઓના ભેદ ઉકેલવા કરેલા આદેશના પગલે ડીસીબી બ્રાન્ચની ટીમે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી રીક્ષા ચાલક તસ્કર ત્રિપુટીને રંગેહાથ ઝડપી સોનાના દાગીના, રીક્ષા સહિત ૪.૮૨ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી.

મળતી વિગતો મુજબ રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની સુચના અને ક્રાઈમ બ્રાન્ચ એસીપી બી બી બસીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ આર ગોંડલીયાની રાહબરિમા પીએસઆઈ એ એન પરમાર, પીએસઆઈ એસ વી ચુડાસમા અને ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ એસ વી ચુડાસમા અને એએસઆઈ વાય. ડી. ભગતની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમનસોર્સની મદદથી કુલદીપ કિરીટભાઈ પરમાર (ઉવ ૨૩ રહે લોહાનગર રાજકોટ), રાજેશ દયારામભાઈ પરમાર (ઉવ ૩૮ રહે પાલીતાણા હાલ રહે. લોહાનગર મફતિયાપરા, રાજકોટ) અને અશ્વિન દિલીપભાઈ મીઠાપરા (ઉવ ૨૩ રહે મહેમદાબાદ, ખેડા)ને ઝડપી લીધા હતા.

પકડાયેલી તસ્કર ત્રિપુટી પાસેથી સોનાનો ચેઈન, સોનાનો પાટલો સોનાનું પેન્ડલ મોબાઈલ તેમજ ઓટો રીક્ષા જી જે ૦૧ ડબલ્યુ એ ૮૧૮૯ સહિત કુલ રૂપિયા ૪,૮૨,૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી હતી.

આ અંગેની કામગીરીમાં પીઆઈ એમ આર ગોંડલીયા એમ.એલ ડામોર સીએચ જાદવ,પીએસઆઈ એ એન પરમાર, પી.એસ.આઈ એસવી ચુડાસમા એએસઆઈ યશવંતભાઈ ભગત, કૃષ્ણદેવસિંહ ઝાલા,મોહિલરાજસિહ, હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાર, કિશનભાઈ પાંભર, અર્જુનભાઈ ડવ, અરવિંદભાઈ ફતેપરા, મહાવીરસિંહ જાડેજા, સહિતની ટીમ જોડાઈ હતી.

# મોરબી રોડ પર વેલનાથપરામાં વીજ શોર્ટથી ગંભીર રીતે પ્રોઢ દાઝ્યા

## ઘર પાસે આવેલા વીજ થાંભલા પાસે લઘુશંકા કરવા જતાં બની દુર્ઘટના, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલા વેલનાથ પરા વિસ્તારમાં ગઈકાલે વહેલી સવારે ઘર પાસે આવેલા વીજ થાંભલા અને ટીસી (ટ્રાન્સફોર્મર) પાસે લઘુશંકા કરવા ઉભેલા ૪૮ વર્ષીય પ્રોઢને અચાનક વીજ કરંટ લાગતા તેઓ ગંભીર રીતે દાઝી જતા ચકચાર મચી જવા પામી છે. હાલ તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વેલનાથ પરામાં રહેતા માવજીભાઈ ભાનુભાઈ સુવાળીયા (ઉં.વ. ૪૮) ગઈકાલે સવારે આશરે પાંચેક વાગ્યે પોતાના ઘર નજીક આવેલા વીજ થાંભલા પાસે લઘુશંકા કરવા ગયા હતા. આ દરમિયાન ટીસીમાંથી અચાનક ઈલેક્ટ્રિક શોર્ટ લાગતા માવજીભાઈ જોરદાર ફંગોળાયા હતા અને શરીરે ગંભીર રીતે દાઝી જતાં નીચે પડી ગયા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્ત પ્રોઢને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે માવજીભાઈ વ્યવસાયે ખેતીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# બસ સ્ટેન્ડ સહિતની ભીડભાડવાળી જગ્યાએથી મોબાઈલ ચોરતો તસ્કર ઈટલી ઝબ્બે

## ચોરીને અંજામ આપી મોબાઈલ ચાલુ રાખતો : માલીકનો ફોન આવે તો ગુગલ પેથી ૧૦૦૦-૧૫૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેતો : બાદ મોબાઈલ પાનના ગલ્લે ચાર્જિંગમાં મૂકી નાસી જતો

**અબતક, રાજકોટ**

બસ સ્ટેન્ડ સહીતની ભીડભાડવાળા સ્થળેથી મોબાઈલ ચોરીને અંજામ આપતો રીઢો તસ્કર વિક્રમ ઉર્ફે ઈટલીને ક્રાઈમ બ્રાન્ચે દબોચી ૧૪ ચોરાઉ મોબાઈલ કબ્જે કર્યા હતા.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને અને એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા વાહનચોરી/મોબાઈલ ચોરીના બનતા ગુન્હાઓ અટકાવવા તેમજ ગુન્હાઓ ડીટેકટ કરવા માટે અવાર - નવાર આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ આર.કે.ગોહીલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે સાથેના એએસઆઈ રણજીતસીંહ પઢારીયા, વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ તુલશીભાઈ ચુડાસમા અને કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયાને મળેલ ખાનગી બાતમીના આધારે સીવીલ હોસ્પિટલ ચોક પાસેથી મોબાઈલ ચોરીના રીઢા ગુન્હેગાર વિક્રમ ઉર્ફે ઈટલી મનુ (ઉ.વ.૩૭ રહે.મેસવાણ ગામ,કેસોદ) ને ચોરીના મોબાઈલ ફોન સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપી પાસેથી ચોરાઉ મોબાઈલ કબ્જે કરી પૂછતાછ આદરી હતી.

પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપી સિવિલ હોસ્પિટલ, બસ સ્ટેન્ડ સહિતના ભીડભાડવાળા વિસ્તારને ટાર્ગેટ કરતો હતો. તે પોતે મોંઘા નહીં પણ સસ્તા જ મોબાઈલ ચોરતો હતો. તે મોબાઈલ ચોરી કરી મોબાઈલની સાથે રોકડ રૂપિયા હોય તો તે ત્યાં જ મૂકી દેતો હતો. તેમજ ખાસ તે મોબાઈલ ચોરી કર્યા બાદ મોબાઈલ ફોન ચાલુ રાખતો અને જો સામેવાળાનો ફોન આવે તો ગુગલ પે મારફતે ૧,૦૦૦ થી ૧,૫૦૦ રૂપીયા નખાવી તે મોબાઈલ કોઈપણ પાનના ગલ્લે ચાર્જિંગમાં મૂકી ચાલ્યો જતો હતો.

ઉલ્લેખનીય છે કે પકડાયેલ શકશે રાજકોટ શહેર સહિતના વિસ્તારમાંથી જ અંદાજે ૧૪ થી વધુ મોબાઈલની ચોરી કર્યાની પણ કબુલાત આપી છે.

# ભગવતીપરામાં પિતાએ મટનની દુકાને બેસવાની ના પાડતા પુત્રનો આપઘાતનો પ્રયાસ

## યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં ગઈકાલે યુવકે પોતાના માતા-પિતાના ત્રાસથી કંટાળી ફિનાઈલ ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભગવતીપરા શેરી નંબર ૧૨/૬ ના ખૂણે, ભારત પાનવાળી શેરીમાં રહેતા નાસીરભાઈ મહંમદભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૫)એ ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. પરિવારજનોને જાણ થતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન નાસીરભાઈએ જણાવ્યું હતું કે, તેમના પિતાની મોચી બજારમાં નાના ખાટકી વાસમાં મટનની દુકાન આવેલી છે. તેઓ આ દુકાને બેસવા માંગતા હતા, પરંતુ પિતાએ તેમને દુકાને બેસવાની ના પાડી દીધી હતી. પિતાના આ વર્તનથી મનદુઃખ થતા અને લાગી આવતા તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક રીતે બહાર આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નાસીરભાઈ ત્રણ ભાઈઓમાં સૌથી મોટા છે. તેમને સંતાનમાં એક દીકરો છે.અગાઉ તેઓ મજૂરી કામ કરતા હતા. હાલમાં સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગેની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# છોટુનગરમાં ૩૧ વર્ષીય પરપ્રાંતીય યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

## મૂળ મહારાષ્ટ્રના અને હાલ રાજકોટમાં મજૂરી કામ કરતા યુવાને અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા છોટુનગર પાસે યુવાને અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. યુવાને કયા કારણે આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના અલકાપુરી શેરી નં. ૧૦, છોટુનગર શાળા નં. ૬૦ પાછળ ભાડે રહેતા દિપકભાઈ શાન્તારામ વાનખેડે (ઉ.વ. ૩૧) નામના યુવાને ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. આ અંગેની ૧૦૮ની ટીમને થતા નરેશભાઈ સાગઠીયાએ યુવાનને તપાસી સાંજે ૧૬:૪૨ વાગ્યે મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક દિપકભાઈ મૂળ મહારાષ્ટ્રનો વતની હતો. તે અહીં એકલો રહીને મજૂરી કામ કરતો હતો. તેના વાલીવારસ હાલ મહારાષ્ટ્રમાં હોવાથી તેમને જાણ કરવા તજવીજ હાથ ધરાઈ છે. યુવાને કયા કારણોસર આપઘાત કર્યો તે હજુ સુધી જાણી શકાયું નથી. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શેરબજારમાં તેજીના મંડાણઃ સેન્સેક્સમાં ૮૦૦થી વધુ પોઈન્ટનો ઉછાળો

## ઈરાને યુદ્ધ વિરામ માટે વાતચીત કરવાની તૈયારી દર્શાવતા શેરબજારમાં તેજી પરત ફરી

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના છઠ્ઠા દિવસે આજે ઈરાને યુદ્ધ વિરામ માટે સન્માનપૂર્વક વાતચીત કરવાની તૈયારી દર્શાવતા ભારતીય શેરબજારમાં ફરી તેજીના મંડાણ થયા છે. આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર ઉછાળા જોવા મળ્યા હતા. નીચા મથાળે લેવાલીનો માહોલ જોવા મળ્યો હતો. ખાડી યુદ્ધના કારણે છેલ્લા ઘણા દિવસથી ભારતીય શેરબજારમાં મંદી ચાલી રહી છે. ગઈકાલે ધૂળેટીના દિવસે સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર કડાકા બોલી ગયા હતા. આજે યુદ્ધ વિરામની થોડી ઘણી શક્યતા પણ દેખાતા શેરબજારમાં ફરી તેજી જોવા મળે છે.સેન્સેક્સ અને નિફ્ટી આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતા નજરે પડ્યા હતા. બેંક નિફ્ટી અને નિફ્ટી મિડ કેપમાં પણ તોતિંગ ઉછાળા જોવા મળ્યા હતા. છેલ્લા ઘણા દિવસથી ચાલતી મંદી બાદ આજે નીચા મથાળે લેવાલી શરૂ થતા તેજી જોવા મળી હતી. બુલિયન બજાર પણ આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતું નજરે પડ્યું હતું ત્યારે અમેરિકા સામે ભારતીય રૂપિયો થોડો નબળો જણાતો હતો આ લખાઈ રહ્યું છે. ત્યારે સેન્સેક્સ ૮૦૬ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦૦૦૯ અને નીફ્ટી ૨૬૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૭૬૫ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે બેન્ક નિફ્ટીમાં ૨૭૯ અને નિફ્ટી મેડકેપ ઈન્ડેકસમાં ૮૪૭ પોઈન્ટનો પહોંચાડો જોવા મળ્યો.

# ગોંડલના લીલાખાની સીમમાં બાઈક સ્લીપ થતા પ્રોઢનું મોત

## અકસ્માતમાં માથા-શરીરે ગંભીર ઈજા પહોંચી, હોસ્પિટલમાં સારવારમાં મોત નીપજ્યું

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના લીલાખા ગામની સીમમાં બાઈક સ્લીપ થવાની સર્જાયેલી એક દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૪૫ વર્ષીય પ્રોઢનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું છે. આ બનાવથી શ્રમિક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ લીલાખા ગામે પ્રવીણભાઈ ધામેલીયાની વાડીમાં રહી ખેતમજૂરી કરતા બિરલા વાનીયાભાઈ બારલા (ઉં.વ. ૪૫) ગત ૧ માર્ચના રોજ બપોરે ચારેક વાગ્યાના અરસામાં કોઈ કામ અર્થે પોતાની મોટરસાયકલ લઈને વાડી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક મોટરસાયકલ સ્લીપ થઈ જતાં બિરલાભાઈ રોડ પર પટકાતા તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત પ્રોઢને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક બિરલાભાઈ ત્રણ ભાઈઓમાં મોટા હતા અને વાડીમાં મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં ત્રણ પુત્રો છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક કાગળો કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રૈયાધારમાં ગૃહકલેશથી કંટાળી પ્રૌઢનો ગળેફાસો ખાઈ આપઘાતનો પ્રયાસ

## માનસિક તણાવમાં આવી ગિરીશભાઈએ આ પગલું ભર્યું, સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે પ્રૌઢે ઘરકંકાસથી કંટાળી પોતાના ઘરે ગળેફાસો ખાઈ જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં પ્રૌઢને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, રૈયાધાર વિસ્તારમાં રહેતા અને પ્લાસ્ટિકની કેબિન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ગિરીશભાઈ ધીરુભાઈ પરમાર (ઉં.વ. ૫૧) ગઈકાલે રાત્રે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે કોઈ પારિવારિક પ્રશ્ને થયેલા ગૃહકલેશના કારણે તેમણે ગળેફાસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યા હતા. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગેની જાણ કરતા સ્થાનિક પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે મૃતક ગિરીશભાઈ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાના છે અને તેમને સંતાનમાં બે દીકરાઓ છે. ઘરકંકાસના કારણે માનસિક તણાવમાં આવી તેમણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ આ મામલે વધુ નિવેદનો નોંધી તપાસ હાથ ધરી છે.


# અદાણી પોર્ટથી એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરીને અંજામ આપનાર તસ્કર ત્રિપુટી ઝબ્બે

## રાજકોટના મોરબી હાઈવે પર શિવ શક્તિ હોટલ નજીકથી ૪૫ લાખના ભંગાર સાથે તસ્કરોને દબોચી લેતી ક્રાઈમ બ્રાન્ચ

**અબતક, રાજકોટ**

રાજકોટ-મોરબી હાઈવે પર શિવ શક્તિ હોટલ નજીક ટ્રકમાંથી શંકાસ્પદ એલ્યુમિનિયમ અને કોપર વાયર ચોરીનો ૪૫ લાખનો મુદ્દામાલ ઝડપી ત્રણ આરોપીની પૂછપરછમાં અદાણી પોર્ટમાંથી ભંગાર ચોરી કર્યાની કબુલાત આપતા ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા ની સુચના અને ક્રાઈમ બ્રાન્ચ



એસીપી બીબી બસીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ આર ગોંડલીયાની રાહબરિમા પીએસઆઈ એસ વી ચુડાસમા અને ટીમ વિસ્તાર પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાર અને કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરાને મળેલ બાતમીના આધારે રાજકોટ-મોરબી હાઈવે પર આવેલ શિવ શક્તિ હોટલ નજીક ટ્રક નં.જીજે-૧૨-બીવી-૭૧૩૧ને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી રૂ. ૪૫ લાખની કિંમતનો શંકાસ્પદ કોપર વાયર અને એલ્યુમિનિયમનો ભંગાર મળી આવ્યો હતો.

જે અંગે ટ્રકના ડ્રાઈવર જેતારામ પોકરરામ બલીયારા (ઉવ ૫૦ રહે. રાજસ્થાન), પ્રિતેશ અમૃતલાલ રામાણી (ઉવ ૨૮ રહે ઘનશ્યામનગર, મૂળ મોટી ભુજ) અને યુવરાજસિંહ નટુભા ઝાલા (ઉવ ૩૨ રહે. બાપાસીતારામનગર, મુન્દ્રા મૂળ રહે. મોઢવાડ, લખતર) ની પૂછપરછ કરતા ભંગાર મુન્દ્રા પોલીસ મથક વિસ્તારમાં આવેલા અદાણી પોર્ટમાંથી ચોરીનો હોવાની કબુલાત આપી હતી જે અંગે મુન્દ્રા પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો છે.

આ અંગેની કામગીરીમાં પીઆઈ એમ આર ગોંડલીયા એમ.એલ ડામોર સીએચ જાદવ પી.એસ.આઈ એસવી ચુડાસમા એએસઆઈ યશવંતભાઈ ભગત હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાર, કિશનભાઈ પાંભર, સંજયભાઈ અલગોતર, અરવિંદભાઈ ફતેપુરા, મહાવીર સિંહ જાડેજા, સહિતની ટીમ જોડાઈ હતી.


# સાંજા ચુલ્હા રેસ્ટોરેન્ટમાં ગ્રાહકો વચ્ચે હાથાપાઈ : વીડિયો વાયરલ

## ધૂળેટી પર્વે રેસ્ટોરેન્ટમાં ભીડ લાઈનમાં ઉભા રહેવા બાબતે બોલાચાલી બાદ મારામારી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે કાલાવડ રોડ પર આવેલા સાંજા ચુલ્હા ગઈકાલે જમવા બાબતેની લાઈનમાં ગ્રાહકો વચ્ચે બોલાચાલી થયા બાદ મારામારી થઈ હતી. જે ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. મારામારીની આ ઘટનાને લઈ પોલીસે અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. જોકે બંનેપક્ષે સમાધાન થઈ જતા આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી નથી.

જાણવા મળતી વિગતો મુજબ, ગઈકાલે સોશિયલ મીડિયામાં રેસ્ટોરન્ટમાં મારામારીનો વિડીયો ભારે વાયરલ થયો હતો.જેમાં એક યુવાનને કેટલાક શખસો ઢીકાપાટુનો મારમારી તેનો શર્ટ ફાડી નાખતા હોવાનું પણ નજરે પડયું હતું. આ વીડિયો શહેરની ભાગોળે કાલાવડ રોડ પર આવેલા સાંજા ચુલ્હા રેસ્ટોરન્ટનો હોવાનું માલુમ પડ્યું હતું. બનાવ અંગે પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ, રેસ્ટોરન્ટમાં રાત્રીના મારામારીના બનાવ અંગે ૧૧૨ માં જાણ



કરવામાં આવતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની ૧૧૨ ની ટીમ અહીં પહોંચી હતી. અહીં આવી તપાસ કરતા ગઈકાલે ધૂળેટીના તહેવારને લઈ રેસ્ટોરન્ટમાં ગ્રાહકોની ગીર્દી વધુ હોય દરમિયાન જમવા માટે લાઈનમાં ઊભા રહેવા બાબતે ગ્રાહકો વચ્ચે બોલાચાલી થયા બાદ વાત મારામારી સુધી પહોંચી હતી. જોકે બાદમાં આ બંને પક્ષો સમાધાન થઈ ગયું હોય તો બંનેપક્ષો તરફથી પોલીસ ફરિયાદ નોંધાવાનું ટાળ્યું હતું. જેથી આ અંગે ૧૧૨ ની ટીમ તાલુકા પોલીસમાં એન્ટ્રી કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. જોકે રેસ્ટોરન્ટમાં થયેલી મારામારીની આ ઘટનાનો વીડિયો ગઈકાલ રાતથી સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો.

# ઉદ્યોગોને અપાતા ગેસમાં ૫૦ ટકા કાપઃ સિરામિક ઈન્ડસ્ટ્રીઝ પર શટ ડાઉનની દહેશત

## પ્રોપેન અને નેચરલ ગેસની ભારે અછતઃ લાખો મજુરો પર બે રોજગાર થઈ જવાનું ઝળુંબતું જોખમ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ઈરાન - ઈઝરાયેલ - અમરીકા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુધ્ધની અસર હવે ગુજરાત પર વર્તાયા લાગી છે. રાજયમાં ઉદ્યોગોને અપાતા ગેસ પુરવઠાની સપ્લાય પર ૫૦ કા કાપ મુકવાનો નિર્ણય ગુજરાત ગેસ દ્વારા લેવામાં આવ્યો છે. જેના કારણે મોરબી અને થાન સહિતના વિસ્તારોમાં ધમધમતી સિરામીક ઈન્ડસ્ટ્રીઝ પર શટ ડાઉનું જોખમ ઝબુંબી રહ્યું છે. જો ખાડી યુધ્ધ ઝડપથી પુરુ નહી થાય તો આગામી દિવસોમાં રાજય સહિત સમગ્ર દેશમાં ઈંધણની પણ અછત ઉભી થવાની દહેશત જણાય રહી છે. ૫૦ ટકા કાપ મૂકાયો તે પહેલા પણ સિરામીક ઉદ્યોગને જરુરીયાત મુજબનો પુરતો ઈંધણનો પુરવઠો મળતો ન હતો. હવે સ્થિતિ વધુ કફોડી બનવાની શકયતા દેખાય રહી છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે પ્રોપેન ગેસની આવક અટકતા મોરબી સિરામિક ઉદ્યોગ પર ગંભીર સંકટ ઊભું થયું છે. ઉદ્યોગકારો પાસે માત્ર ૨૪ કલાક જેટલો પ્રોપેન ગેસ અને અંદાજે

(અનુ. આઠમા પાને)



### ગેસ નહીં મળે તો સિરામિક ઉદ્યોગ બંધ થવાની ભીતિઃ પ્રમુખ હરેશ બોપલીયા



મોરબી સિરામિક ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિ અને સિરામિક એસોશિયેશનના પ્રમુખ હરેશ બોપલીયાએ જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધના કારણે પ્રોપેન ગેસની આવક સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે, જેના કારણે મોરબીના મોટા ભાગના સિરામિક યુનિટ્સ પાસે માત્ર એક દિવસ ચાલે એટલો જ ગેસનો જથ્થો બચ્યો છે.

તેમણે જણાવ્યું કે સિરામિક ઉદ્યોગ માટે પ્રોપેન અને નેચરલ ગેસ અત્યંત જરૂરી છે. ગેસ વગર ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવી શક્ય નથી. જો આગામી દિવસોમાં ગેસ સપ્લાય ફરી શરૂ નહીં થાય તો અનેક સિરામિક ફેક્ટરીઓને મજબૂરીવશ ઉત્પાદન બંધ કરી શટડાઉન કરવાની સ્થિતિ સર્જાશે. હરેશભાઈએ વધુમાં જણાવ્યું કે મોરબીનો સિરામિક ઉદ્યોગ દેશ-વિદેશમાં ટાઇલ્સ અને સેનિટરીવેરના મોટા ઉત્પાદન માટે ઓળખાય છે. જો ગેસ અછત લાંબી ચાલે તો માત્ર ઉદ્યોગકારોને જ નહીં પરંતુ આ ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો નાના વેપારીઓ, ટ્રાન્સપોર્ટરો અને આશરે ચાર લાખથી વધુ કામદારોના રોજગાર પર સીધી અસર પડશે. તેમણે સરકાર અને ગેસ સપ્લાય કરતી સંસ્થાઓને વિનંતી કરી હતી કે પરિસ્થિતિની ગંભીરતા સમજી તાત્કાલિક ગેસ સપ્લાય પુનઃ શરૂ કરવા અથવા કોઈ વિકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા પ્રયત્ન કરવામાં આવે, જેથી મોરબીનો સિરામિક ઉદ્યોગ મોટા સંકટમાંથી બચી શકે.

# માર્ચના આરંભે જ રાજકોટનું તાપમાન ૩૯.૨ ડિગ્રીઃ રાજયનું સૌથી ગરમ શહેર

## ધુળેટીએ રાજ્યના ૭ શહેરોનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીને પાર

**અબતક, રાજકોટ**

આ વર્ષ ઉનાળો આકરો રહેશે તે નિશ્ચિત છે. ધુળેટીના દિવસે રાજ્યના સાત શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૩૮ ડિગ્રીને પાર થઈ ગયો હતો. ૩૯.૨ ડિગ્રી સાથે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. હવે મહત્તમ તાપમાનનો પારો ક્રમશઃ ઉંચકાતો રહેશે. હવે રાત્રિનું તાપમાન પણ ઉંચુ રહેશે.

રાજયમાં હવે ઉનાળાનો સત્તાવાર આરંભ થઈ ચુક્યો છે. મહત્તમ તાપમાનનો પારો સતત ઉંચકાતો રહેશે. રાજકોટનું તાપમાન ૩૯.૨ ડિગ્રીએ પહોંચી ગયું હતું. રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આજે સવારે વાતાવરણમાં ઠંડક અનુભવાય હતી. હવામાન વિભાગના રેકોર્ડ પર અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૮.૬ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭.૯ ડિગ્રી, દમણનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૦.૬ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૭.૩ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૮.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૪ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૭.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૯.૧ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૬.૬

(અનુ. આઠમા પાને)

**ક્યાં શહેરનું કેટલુ તાપમાન**

| | |
|---|---|
| રાજકોટ | ૩૯.૨ ડિગ્રી |
| ડિસા | ૩૮.૮ ડિગ્રી |
| અમદાવાદ | ૩૮.૬ ડિગ્રી |
| અમરેલી | ૩૮.૩ ડિગ્રી |
| ગાંધીનગર | ૩૮ ડિગ્રી |
| વડોદરા | ૩૮ ડિગ્રી |
| સુરત | ૩૭.૯ ડિગ્રી |
| કેશોદ | ૩૭.૯ ડિગ્રી |
| મહુવા | ૩૭.૮ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૩૭.૭ ડિગ્રી |

# પ્રવાસન-યાત્રાધામોના વિકાસ માટે એક જ દિવસમાં રૂ.૨૮.૬૮ કરોડની ફાળવણી

## જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં બે અત્યાધુનિક લિફ્ટ મૂકાશેઃ હર્ષદ માતાના મંદિરના વિકાસ માટે રૂ.૨૦.૦૯ કરોડના કામોને મંજૂરી

**અબતક, રાજકોટ**

રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા એક જ દિવસમાં વિવિધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો માટે અંદાજે રૂ.૨૮.૬૮ કરોડના વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લા ખાતે પ્રવાસીઓની સુવિધામાં વધારો કરતા મજવેડી ગેટ તરફ કમ્પાઉન્ડ વોલ, પાર્કિંગ વ્યવસ્થા અને ટુરિસ્ટ ફેસિલિટી સેન્ટરના પ્રથમ તબક્કા માટે રૂ.૧.૦૭ કરોડના ખર્ચને મંજૂરી અપાઈ છે. અહીં ભવિષ્યમાં પ્રવાસીઓ માટે બે લિફ્ટની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત, સુપ્રસિધ્ધ હર્ષદ માતાના મંદિરના સર્વગ્રાહી વિકાસ માટે સૌથી મોટી રકમ એટલે કે રૂ. ૨૦.૦૯ કરોડના કામોનો વર્ક ઓર્ડર આપવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે.

ધાર્મિક સ્થાનોની વાત કરીએ તો, મહેસાણાના શંખલપુર સ્થિત શ્રી ટોડા બહુચરાજી માતાજી મંદિર ખાતે પેવર બ્લોક અને સોલાર સિસ્ટમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રૂ.૬૦.૬૪ લાખ તેમજ અમરેલીના બગસરા સ્થિત આઈશ્રી ખોડિયાર મંદિર, સુડાવડ ખાતે સત્સંગ હોલ, પાર્કિંગ શેડ અને વોટર વર્ક્સ સહિતના કામો માટે રૂ.૪૯.૮૦ લાખની મંજૂરી આપવામાં આવી છે. તે ઉપરાંત વલસાડ જિલ્લાના ઘડોઈ ખાતે આવેલા શ્રી ઘાટકેશ્વર મહાદેવ

(અનુ. આઠમા પાને)

# ધુળેટી પર્વે કાળચક્ર ફરી વળ્યુંઃ રાજયમાં ડૂબી જતાં ૨૭ લોકોના મોત

## મોરબીથી માંડી માંડલ સુધી કરુણ બનાવો નાહવા પડેલા બાળકોથી લઇ યુવાનો કાળનો કોળિયો બનતા રંગોનો ઉત્સવ બેરંગ બન્યો

**અબતક, રાજકોટ**

ધુળેટી પર્વે કાળચક્ર ફરી વળ્યાંના બનાવ સામે આવ્યા છે. રાજ્યમાં ડૂબી જવાથી બાળકો સહીત ૨૭ લોકોના મોત થયાના બનાવ સામે આવ્યા છે.

**મોરબીમાં ડૂબી જવાનાં બે બનાવ એકનું મોત, અન્યની શોધખોળ**

હોળી-ધુળેટીના દિવસે તહેવારની ઉજવણી વચ્ચે મોરબી ફાયર વિભાગ સતત સ્ટેન્ડબાય રહી વિવિધ ઈમરજન્સી કોલ પર તાત્કાલિક કામગીરી કરી હતી. જેમાં સવારે ૧૧.૫૦ કલાકે હળવદ તરફથી રેસ્ક્યુ કોલ મળ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ હળવદના કણબીપુરા વિસ્તારમાં રહેતા જયસુખભાઈ દિલાભાઈ પટેલ (ઉવ ૪૦) વનવગડો હોટલ પાછળની કેનાલમાં કોઈ કારણસર ડૂબી ગયા હતા. માહિતી મળતા જ ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ કેનાલના પાણીમાંથી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે બપોરે ૩.૨૧ કલાકે ૧૧૨ કંટ્રોલ રૂમ મારફતે ફાયર કંટ્રોલ રૂમ મોરબીને વધુ એક રેસ્કયૂ કોલ મળ્યો હતો કે ઉંચી માંડલ પાસે રાજસ્થાનના એક શ્રમિક વ્યક્તિ કેનાલમાં ડૂબી ગયા છે. જેથી મોરબી રેસ્ક્યુ ટીમ હળવદ પહોંચ્યા બાદ ત્યાંથી ઉંચી માંડલ તરફ રવાના થઈ હતી. ટીમે સ્થળ પર પહોંચી કેનાલમાં રાજસ્થાની શખ્સની શોધખોળ શરૂ કરી હતી. હાલ શોધખોળ ચાલુ છે.

**અમદાવાદમાં સાબરમતી નદીમાં ડૂબી જતા ચાર લોકોના મોત**

અમદાવાદની સાબરમતી નદીમાં પણ ડૂબી જવાના કારણે ૩ યુવકના સ્થળ પર જ મોત થયા હતા જ્યારે એક યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. યુવકો કુબેરનગરના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. ધૂળેટીના દિવસે રિવરફ્રન્ટ પર યુવકો નાહવા પડ્યા હતા. મૃતક યુવકોના નામ દુર્ગેશ કોળી, સાહિલ કોળી, સની યાદવ અને પિયુષ મહેરચંદા હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ સ્થળ પર પહોંચ્યું હતું અને ચારેય યુવકને બહાર કાઢ્યા હતા જે પૈકી ત્રણનું મોત થઈ ચુક્યું હતું જ્યારે એક યુવકે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. તમામના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

**નર્મદા જિલ્લામાં ગરમીથી રાહત મેળવવા નાહવા પડેલો યુવક ડૂબ્યો, બચાવવા જતાં અન્ય બે મિત્રોના પણ મોત**



તસવીરઃ ઋષિ મહેતા, મોરબી

નર્મદા જિલ્લાના સિસોદરા અને ઓરી વચ્ચે આવેલી નર્મદા નદીમાં ત્રણ લોકોના ડૂબી જવાથી મોત થયા છે. મળતી માહિતી મુજબ, કાયાવરોણના ત્રણ યુવાનો સિસોદરા ગામની મસ્જિદમાં એસી રિપેરિંગના કામ માટે આવ્યા હતા. બપોરના સમયે ગરમીથી રાહત મેળવવા તેઓ ઓરીના કોટેશ્વર મહાદેવ મંદિર નજીક નદીમાં નાહવા પડ્યા હતા. એક મિત્રને ડૂબતો બચાવવા જતાં અન્ય બે મિત્રો પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

**મહીસાગરના કોઠંબામાં નાકા તળાવમાં ડૂબી જતાં સગા ભાઈઓ સહીત ચાર લોકો કાળનો કોળિયો**

હોળીના તહેવાર દરમિયાન મહીસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં પણ કરૂણ દુર્ઘટના બની હતી. રાઘવના મુવાડા પાસે આવેલા નાકા તળાવમાં ડૂબી જવાથી ચાર મિત્રોના મોત થયા હતા. કંતાર ગામના ચારેય યુવાનો તળાવમાં ન્હાવા માટે ઉતર્યા હતા, પરંતુ તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા તેઓના કરૂણ મોત થયા. તેમાંથી બે સગા ભાઈ હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગ અને સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. બાદમાં ચારેય યુવાનોના મૃતદેહ તળાવમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા. ઘટનામાં અમિતકુમાર વિનોદભાઈ બારીયા, તુષારકુમાર રુદ્રનાથ બારીયા, જયેશકુમાર જશવંતભાઈ બારીયા, વિપુલકુમાર જશવંતભાઈ બારીયાનું મોત થયું છે. ઉલ્લેખનીય છે કે, અહીં વીરપુર તાલુકામાં પણ અન્ય એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત થયું છે.

**માંડલના સીતાપુરમાં તળાવમાં નાહવા પડેલા ત્રણ બાળકો ડૂબ્યા**

માંડલના સીતાપુરમાં તળાવમાં ડૂબી જતા ૩ બાળકોના મોત અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સીતાપુર ગામમાં ધૂળેટી પર્વના દિવસે એક ગંભીર દુર્ઘટના બની હતી. ગામના ત્રણ બાળકો ઝોલાસર તળાવમાં ન્હાવા પડ્યા બાદ ડૂબી જતાં તેમના કરૂણ મોત થયા હતા. આ ઘટનાથી સમગ્ર ગામમાં શોક વ્યાપી ગયો છે. મૃતક બાળકોના નામ પાર્થ મહેશભાઈ રાઠોડ, કૌશિક લાલભાઈ રાઠોડ અને સૌરભ અશોકભાઈ રાઠોડ હોવાનું તેમજ ત્રણેયની ઉંમર આશરે ૯ વર્ષ છે.

**સુરતના કિમમાં ચાર ડૂબ્યા ત્રણના મૃતદેહ મળ્યા, એકની શોધખોળ**

**માંગરોળમાં ધુળેટીની ઉજવણી કરી નદીમાં નાહવા પડેલા ત્રણ મિત્રોના મોત**

સુરત જિલ્લાના કીમ

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ૪૭ હજાર મણ ઘઉંની આવક

## ધુળેટીની રજા બાદ યાર્ડની બહાર વાહનોની લાઈનો લાગી

**અબતક, રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ધુળેટીની રજા બાદ વિવિધ જણસી ભરીને ૧૧૫૦ જેટલા વાહનો આવી ચડ્યા હતા. યાર્ડ હવે ઘઉંથી છલકાય રહ્યું છે. આજે ૪૭ હજાર મણ ઘઉંની આવક થવા પામી હતી. ખૂદ ચેરમેન સહિતના ડિરેક્ટરો ઉતરાય વ્યવસ્થામાં ગોઠવાય ગયા હતા.

આજે બેડી સ્થિત

(અનુ. આઠમા પાને)



# પૂનઃમૂલ્યાંકનની નોટિસ બાદ અપડેટેડ આઈટી રિટર્ન માટે ૩૦ દિવસનો સમય આપો

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારામણને પત્ર લખી કરી માંગણી

**અબતક, રાજકોટ**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ ફાઈનાન્સ બિલ, ૨૦૨૬માં એક ખામી દર્શાવી છે.નાણામંત્રી નિર્મલા સીતારમણને લખેલા પત્રમાં, વ્યાપાર સંસ્થાએ માંગ કરી છે કે કરદાતાઓને પુનઃમૂલ્યાંકન નોટિસના અપડેટેડ રિટર્ન સાથે જવાબ આપવા માટે ઓછામાં ઓછી ૩૦ દિવસની મુદત આપવામાં આવે.

જીસીસીઆઈ એ એવી દલીલ કરી છેકે આ ફ્લોર વિના, સમયરેખા સંપૂર્ણપણે નોટિસ જારી કરનાર અધિકારીના વિવેકબુદ્ધિ પર છે. આ સ્વેચ્છાએ પાલન કરવાનો પ્રયાસ કરતા કરદાતાઓ માટે અસ્વીકાર્ય અનિશ્ચિતતા બનાવે છે.જીસીસીઆઈની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન જૈનિક વકીલે બજેટ પછીના મેમોરેન્ડમમાં આ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, ‘‘નાણાકીય બિલ, ૨૦૨૬ કરદાતાઓને પુનઃમૂલ્યાંકન કાર્યવાહી શરૂ થયા પછી અને આવકવેરા અધિનિયમ, ૨૦૨૫ ની કલમ ૨૮૦ હેઠળ નોટિસ જારી કર્યા પછી પણ અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની મંજૂરી આપીને અપડેટેડ રિટર્ન ફ્રેમવર્કને વિસ્તૃત કરવાનો પ્રસ્તાવ મૂકે છે. ઉલ્લેખિત ઉદ્દેશ્ય મુકદ્દમા ઘટાડવાનો અને સ્વૈચ્છિક પાલનને પ્રોત્સાહન આપવાનો છે. પ્રસ્તાવિત ફેરફારો હેઠળ આઈટી અધિનિયમ, ૨૦૨૫ ની કલમ ૨૬૩(૬)(બી) માં સુધારો કરવામાં આવશે જેથી કલમ ૨૮૦ હેઠળ નોટિસના જવાબમાં ’તે નોટિસમાં ઉલ્લેખિત સમયગાળાની અંદર’ અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની મંજૂરી આપી શકાય તેમ છે.

‘‘આઈટી એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૩૯(૮એ) માં સમાંતર સુધારો પ્રસ્તાવિત છે, જે કલમ ૧૪૮ હેઠળ નોટિસના જવાબમાં અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાની મંજૂરી આપે છે, ફરીથી ’નોટિસમાં ઉલ્લેખિત સમયગાળાની અંદર’. બંને કિસ્સાઓમાં, એકવાર કરદાતા આ માર્ગ પસંદ કરે છે, તો તે જ નોટિસના જવાબમાં અન્ય કોઈપણ માધ્યમ દ્વારા રિટર્ન ફાઈલ કરી શકાતું નથી,‘‘ તેમણે કહ્યું.

વકીલ દલીલ કરે છેકે, સમસ્યા ‘‘ઉકત નોટિસમાં ઉલ્લેખિત સમયગાળાની અંદર‘‘ વાક્યમાં રહેલી છે. હાલમાં લખ્યા મુજબ, તે કરદાતાને કેટલો સમય મળે છે

(અનુ. આઠમા પાને)

# કેકેવી ચોકમાં પથ્થરના ઘા ઝીંકી નેપાળી યુવાનની હત્યા

## મોબાઈલ ચોરી લીધાનો આળ મૂકી નેપાળી યુવાન સાથે માથાકૂટ માલવિયાનગર પોલિસે અક્ષયરાજસિંહ જાડેજાને દબોચ્યો

## બે દી’ પૂર્વે જ સુરતથી રાજકોટ આવેલા રાહુલ વિશ્વકર્માને મોતને ઘાટ ઉતારી દેવાતા પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શહેરમાં તદ્દન નજીવી બાબતે માથાકૂટથી માંડી હત્યા સુધીના બનાવો છાસવારે બનતા હોય ત્યારે વધુ એક હત્યાનો બનાવ સામે આવતા ચકચાર મચી જવા પામી છે. કાલાવડ રોડ પર કેકેવી હોલ પાસેના બ્રિજ નીચે ગત રાત્રિના અજાણ્યા શખ્સે ૩૩ વર્ષીય યુવકને પથ્થરના ઝીંકી હત્યાને અંજામ આપતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આકાશવાણી ચોક પાસે આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતો રાહુલભાઈ પ્રેમસિંગ વિશ્વકર્મા (ઉ.વ. ૩૩)ગત રાત્રે ૧૦૩૦ વાગ્યાની આસપાસ ઘરેથી હોટેલ



પર કામ કરવા જવા નીકળ્યો હતો. દરમિયાન કેકેવી હોલ બ્રિજ નીચે કોઈ અજાણ્યા શખ્સે તેને માથાના ભાગે બેલાના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં પડેલા રાહુલને ૧૦૮ મારફતે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાહુલ અગાઉ સુરતમાં ઢોસા બનાવવાનું કામ કરતો હતો અને બે દિવસ પહેલા જ રાજકોટ આવ્યો હતો. અહીં તે બે દિવસ અગાઉ હોટેલમાં નોકરી પર લાગ્યો હતો. મૃતક રાહુલ તેના બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટો હતો. તેના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વધુમાં જાણવા મળ્યું છેકે રાહુલના થોડા સમય અગાઉ છૂટાછેડા થયા હતા.

ઘટનાની જાણ થતા જ માલવિયાનગર પોલીસનો કાફલો સિવિલ હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસ બાદ પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના આધારે આરોપીને ગણતરીના કલાકોમાં જ આરોપી અક્ષયરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા(ઉવ ૨૩ રહે. ટોળા ગામ, કાલાવડ)ને દબોચી લીધો હતો જયારે હત્યાના મૂળમાં રહેલા મોબાઈલની શોધખોળ શરૂ કરી હતી.

બનાવ અંગે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર

(અનુ. આઠમા પાને)

### મોબાઈલ લઈ લીધો હોય પરત નહિ આપતાં માથાકૂટ થયાંનું આરોપીનું રટણ

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હત્યાની ઘટના સામે આવતા માલવિયાનગર પોલિસની ટીમે ગણતરીની કલાકોમાં જ આરોપી અક્ષયરાજસિંહ જાડેજાને ઉઠાવી લીધો હતો. પોલિસની પૂછપરછમાં નેપાળી યુવાને આરોપીનો મોબાઈલ લઈ લીધો હોય અને પરત આપતો ન હોય તેં બાબતે બંને વચ્ચે માથાકૂટ થઇ હતી. જે બાદ આરોપીએ પથ્થરનો ઘા ઝીંકી હત્યાને અંજામ આપી દીધો હતો.